ભારતની આઝાદીના
મહાન ક્રાંતિકારી અને અમર શહીદ



શહીદ
કરતાર સિંહ
સરાભા

અને તેમના છ વીર ક્રાંતિકારી સાથીઓને

કોટિ-કોટિ નમન તેમના

શહીદી દિવસ પર

1092/13/2026-27/17073



શહીદ વિષ્ણુ ગણેશ પિંગલે



શહીદ જગત સિંહ



શહીદ હરનામ સિંહ સિયાલકોટી



શહીદ બક્ષીશ સિંહ



શહીદ સુરૈન સિંહ (સીનિયર)



શહીદ સુરૈન સિંહ (જૂનિયર)

“દેશની સેવા કરવી એ જીવતેજીવ ખૂબ જ અઘરું છે, અને વાતો કરવી ઘણી સહેલી છે. જેમણે દેશસેવામાં પગ મૂક્યો છે, તેમણે લાખો મુસીબતો વેઠી છે.”



સ. ભગવંત સિંહ માન,
મુખ્યમંત્રી, પંજાબ

લુણાવાડાના ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવન ખાતે 'જનજાતીય ગૌરવ દિવસ'ની ભવ્ય ઉજવણી સંપન્....





જગદીશ ત્રિવેદી | મહીસાગર

ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મ જયંતી નિમિત્તે આજ રોજ મોટા સોનેલા સ્થિત ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવન ખાતે 'જનજાતીય ગૌરવ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પૂર્વ સાંસદશ્રી નટુજી ઠાકોર મુખ્ય અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત મંચસ્થ મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય તેમજ ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી. આ પ્રસંગે અધ્યક્ષસ્થાનેથી ઉદ્‌બોધન કરતા શ્રી નટુજી ઠાકોરે ભગવાન બિરસા મુંડાના શૌર્ય, સ્વાભિમાન અને આદિવાસી સમાજના ઉત્થાન માટેના તેમના ઐતિહાસિક સંઘર્ષને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પી હતી. તેમણે રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ થકી આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ અને સમૃદ્ધિની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.આ અવસરે મહાનુભાવોના હસ્તે 'વન અધિકાર અધિનિયમ-૨૦૦૬' અંતર્ગત અધિકાર પત્રો એનાયત કરવામાં આવ્યા હતા.કાર્યક્રમમાં ઉપસ્થિત જનમેદનીએ આદિજાતિ વિકાસ વિભાગની યોજનાઓ અને સિદ્ધિઓ દર્શાવતી વિશેષ ડોક્યુમેન્ટ્રી ફિલ્મ નિહાળી હતી તેમજ વડાપ્રધાનશ્રીનું પ્રેરક ઉદ્‌બોધન જીવંત પ્રસારણ દ્વારા સાંભળ્યું હતું. આ પ્રસંગે સ્થાનિક પદાધિકારીઓ, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, લાભાર્થીઓ, વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.



કેવડિયા SOU જંગલ સફારી ના કર્મચારીઓ હડતાલ પર ઉતર્યા : પગાર અને બોનસ ની માંગણી

રાજપીપલા | કેવડિયા SOU માં વેકેશન માં પ્રવાસીઓ ના ધસારા વચ્ચે જંગલ સફારી ના કર્મચારીઓ હડતાલ પર ઉતરતા પ્રવાસીઓ મુશ્કેલી માં મુકાયા હતા . પ્રાપ્ત માહિતી મુજબ SOU માં હાલ વેકેશન માં પ્રવાસીઓ ની ભારે ભીડ વચ્ચે જંગલ સફારી ના 60 થી વધુ કર્મચારીઓ હડતાલ પર ઉતરી જતા પ્રવાસીઓ ની મુશ્કેલી માં વધારા સાથે તંત્રની પણ દોડધામ વધી જવા. પામી હતી . જાણવા મળ્યા મુજબ રિલાયન્સ ના નેજા હેઠળ ના જંગલ સફારી ના કર્મચારીઓ ની પગાર વધારાની માંગણી લાંબા સમય થી પડતર છે અને બોનસ નથી મળ્યું તેમજ આકસ્મિક દુર્ઘટના માં વળતર પણ નથી મળતું . હડતાલ નો આજે બીજો દિવસ છે અને બે દિવસ થી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રણજિત તડવી કર્મચારીઓ ની પડખે રહી એજન્સી સાથે વાટાઘાટો. ચલાવી રહ્યા છે . વિશ્વ પ્રસિદ્ધ પ્રવાસન સ્થળ કેવડિયા સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટી (SOU) ખાતે હાલ વેકેશનના દિવસોમાં પ્રવાસીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. આવા વ્યસ્ત સમયગાળા વચ્ચે જ અહીંના મુખ્ય આકર્ષણ ગણાતા જંગલ સફારી પાર્ક ના ૬૦થી વધુ કર્મચારીઓ પોતાની વિવિધ પડતર માંગણીઓને લઈને હડતાળ પર ઉતરી ગયા છે. કર્મચારીઓની અચાનક હડતાળના કારણે દૂર-દૂરથી ફરવા આવેલા પ્રવાસીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા છે અને વહીવટી તંત્રમાં પણ ભારે દોડધામ મચી જવા પામી છે.જંગલ સફારી પાર્ક હડતાળ સમાધાન વાટાઘાટો ના ભાગરૂપે, છેલ્લા બે દિવસથી નર્મદા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રણજિત તડવી આંદોલનકારી કર્મચારીઓની પડખે ઉભા રહ્યા છે.

દાંતા ખાતે જિલ્લા કક્ષાના 'જનજાતીય ગૌરવ દિવસ'ની ઉજવણી કરાઇ

aમંત્રીશ્રીના હસ્તે ભગવાન બિરસા મુંડાની પ્રતિમાનું અનાવરણ અને વિવિધ સહાય યોજનાઓના લાભોનું વિતરણ કરાયું



જંગલ, જળ અને પ્રકૃતિના જતન સાથે રાષ્ટ્રનિર્માણમાં આદિવાસી સમાજનું યોગદાન અનન્ય:- મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ



વનબંધુ કલ્યાણ યોજના અને આદિજાતિ વિકાસની વિવિધ યોજનાઓ થકી આદિવાસી સમાજ મુખ્ય પ્રવાહમાં જોડાયો:- મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ



પાલનપુર | આદિવાસી સમાજના ગૌરવપૂર્ણ ઈતિહાસ અને રાષ્ટ્રનિર્માણમાં તેઓના અનન્ય યોગદાનને જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે દર વર્ષે તા. ૧૫મી નવેમ્બરે સમગ્ર દેશમાં 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. જે અંતર્ગત આજરોજ કેબિનેટ મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને આદર્શ નિવાસી શાળા, દાંતા ખાતે જિલ્લા કક્ષાના જનજાતીય ગૌરવ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં મંત્રીશ્રી અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં દાંતા હેલિપેડથી લઈને કુમાર શાળા, દાંતા સુધી ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી.આ પ્રસંગે મંત્રીશ્રીના હસ્તે ભગવાન બિરસા મુંડાની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું તથા લાભાર્થીઓને વિવિધ સહાય યોજનાઓના લાભોનું વિતરણ કરાયું હતું. જેમાં આદિજાતિ સમાજના સરકારી નોકરી મેળવનાર યુવાનો, રમતગમત ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ તથા સ્વ-સહાય જૂથની મહિલાઓને મંત્રીશ્રી દ્વારા પ્રશસ્તિ પત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, મંત્રીશ્રીના હસ્તે મકાન સહાય, કુંવરબાઈનું મામેરું, IDDP સહાય, મંડપ સહાય અને ગુજરાત ટ્રાયબલ ડેવલપમેન્ટ યોજનાઓ અંતર્ગત લાભાર્થીઓને સહાયના ચેક વિતરણ કરાયા હતા. કાર્યક્રમ દરમિયાન આદિજાતિ વિકાસ વિભાગની યોજનાઓ અને સિદ્ધિઓની ઝાંખી દર્શાવતી ફિલ્મનું નિદર્શન કરાયું હતું તથા ઉપસ્થિત સૌ કોઈએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રીય કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.આ પ્રસંગે મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં આદિવાસી સમાજે જંગલ, જળ, વન્યજીવો અને પ્રકૃતિનું જતન કર્યું છે. આવા પ્રકૃતિપ્રેમી સમાજને વિકાસની મુખ્ય ધારામાં જોડવા માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી જ અનેક પહેલો શરૂ કરી હતી. અંબાજીથી ઉમરગામ સુધીના અંતરિયાળ અને ડુંગરાળ વિસ્તારોમાં વસતા આદિવાસી સમાજની સમસ્યાઓ સમજીને ત્યાં પાણી, રહેઠાણ, વીજળી, રસ્તા અને શિક્ષણની સુવિધાઓ પહોંચાડવાની શરૂઆત ગુજરાતથી થઈ હતી. મંત્રીશ્રીએ જણાવ્યું કે શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા બાદ તેમણે 'વનબંધુ કલ્યાણ યોજના' હેઠળ કરોડો રૂપિયાના ખર્ચે આદિવાસી સમાજના જીવનધોરણને ઊંચું લાવવાનું ભગીરથ કાર્ય કર્યું છે, જેના પરિણામે આજે આદિવાસી સમાજના યુવાનો રમતગમતથી લઈને ઉચ્ચ સરકારી હોદ્દાઓ, ડોક્ટર, પ્રોફેસર અને પાયલોટ બનીને દેશ-વિદેશમાં નામ રોશન કરી રહ્યા છે.મંત્રીશ્રીએ ભગવાન બિરસા મુંડાના જીવન અને યોગદાનને યાદ કરતા જણાવ્યું હતું કે, ૧૮૭૫માં ઝારખંડમાં જન્મેલા ભગવાન બિરસા મુંડાએ માત્ર ૨૫ વર્ષની ટૂંકી આયુમાં અંગ્રેજોની ગુલામી સામે આઝાદીનો બુલંદ અવાજ ઉઠાવ્યો હતો અને સમાજને નવી દિશા આપી હતી. આઝાદીની લડત માત્ર મોટા શહેરો પૂરતી સીમિત નહોતી, પરંતુ જંગલોમાં વસતા વીર નાયકોએ પણ અંગ્રેજો સામે લડત ચલાવી હતી. ગુજરાતની ધરતી પણ માનગઢના બલિદાન અને જાંબુઘોડાના જોરીયા પરમેશ્વર નાયક તેમજ રૂપસિંહ નાયક જેવા વીરોના શૌર્ય અને રાષ્ટ્રભક્તિની ગૌરવશાળી પરંપરા ધરાવે છે.મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પૂર્વ વડાપ્રધાનશ્રી અટલ બિહારી વાજપેયીજીએ આદિવાસીઓના કલ્યાણ માટે અલગ મંત્રાલય અને બજેટની ફાળવણી કરી હતી, જ્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૨૧થી ૧૫મી નવેમ્બરને 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે ઉજવવાનો ઐતિહાસિક નિર્ણય લીધો. આદિવાસી સમાજની દીકરી શ્રીમતી દ્રૌપદી મુર્મુજીને દેશના સર્વોચ્ચ રાષ્ટ્રપતિ પદનું સન્માન આપવાની સાથે દેશભરમાં ૧૧ જનજાતીય સ્વાતંત્ર્ય સેનાની સંગ્રહાલયોનું નિર્માણ કરીને ભુલાયેલા ઈતિહાસને ઉજાગર કરવામાં આવ્યો છે. છેવાડાના આદિવાસી કલાકારો અને સમાજસેવકોને પદ્મશ્રી અને પદ્મવિભૂષણ જેવા સન્માનો મળ્યા છે. સિકલ સેલ એનિમિયા જેવા રોગની ગંભીરતા સમજીને ૧ કરોડથી વધુ લોકોનું સ્ક્રીનિંગ અને સારવાર શરૂ કરાવી છે. આજે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર આ જ વિકાસયાત્રાને આગળ ધપાવી રહી છે અને અતિ પછાત આદિજાતિ સમુદાયોના સર્વાંગી ઉત્થાન માટે કટિબદ્ધ છે. મંત્રીશ્રીએ સૌને જનજાતીય ગૌરવ દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.આ પ્રસંગે દાંતા, અમીરગઢ અને હડાદ તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ, પૂર્વ મંત્રીશ્રી હરિભાઈ ચૌધરી,જિલ્લા વિકાસ અધિકારીશ્રી રામનિવાસ બુગલિયા, અધિક જિલ્લા કલેકટરશ્રી સી.પી.પટેલ, પ્રાયોજના વહીવટદાર શ્રીમતી કીર્તન રાઠોડ, દાંતા પ્રાંત અધિકારીશ્રી હરિની કે.આર, અગ્રણી શ્રી નિલેશ બુંબડીયા, શ્રી લાધુભાઈ પારગી સહિત વિવિધ મહાનુભાવો, અધિકારીશ્રીઓ અને બહોળી સંખ્યામાં આદિજાતિ સમાજના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિએ બનાસકાંઠામાં આદિવાસી સંસ્કૃતિ અને વિકાસની ઝાંખી કરાવતા કાર્યક્રમો યોજાયા

બનાસકાંઠાના ૬ વિધાનસભા વિસ્તારમાં 'જનજાતીય ગૌરવ દિવસ' નિમિત્તે લાભાર્થીઓને વિવિધ સહાય અને પ્રતિભાઓનું સન્માન કરાયું

દાંતા, કાંકરેજ, ધાનેરા, ડીસા, પાલનપુર અને વડગામ ખાતે મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં 'જનજાતીય ગૌરવ દિવસ' ઉજવાયો

પાલનપુર | આદિવાસી સમાજના ગૌરવપૂર્ણ ઈતિહાસ, સમૃદ્ધ સંસ્કૃતિ અને રાષ્ટ્રનિર્માણમાં તેઓના અનન્ય યોગદાનને જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે દર વર્ષે તા. ૧૫મી નવેમ્બરે ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ નિમિત્તે સમગ્ર દેશમાં 'જનજાતીય ગૌરવ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. જે અંતર્ગત આજરોજ આદિજાતિ વિકાસ વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર, બનાસકાંઠાના સંયુક્ત ઉપક્રમે જિલ્લાના કુલ ૬ વિધાનસભા વિસ્તારોમાં 'જનજાતીય ગૌરવ દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રાજ્યના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ, વૈધાનિક અને સંસદીય બાબતોના કેબિનેટ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને આદર્શ નિવાસી શાળા (કુમાર), દાંતા ખાતે જિલ્લા કક્ષાનો મુખ્ય કાર્યક્રમ યોજાયો હતો. દાંતા ખાતે યોજાયેલા જિલ્લા કક્ષાના કાર્યક્રમ ઉપરાંત જિલ્લાના અન્ય ૫ તાલુકા કક્ષાના સ્થળોએ પણ વિવિધ મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં ગરિમામય ઉજવણી કરાઈ હતી. જેમાં પ્રાથમિક શાળા, નાણોટા (કાંકરેજ) ખાતે રાજ્યસભાના સાંસદ શ્રી બાબુભાઈ દેસાઈના અધ્યસ્થાને તથા કાંકરેજ તાલુકા પંચાયત પ્રમુખ શ્રી વેલસંગજી પરમાર અને ઓગડ તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી નિતાબેન ઠાકોરની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. તેવી જ રીતે વિવેકાનંદ વિદ્યાલય, જડિયા (ધાનેરા) ખાતે સાંસદ શ્રી મયંકભાઈ નાયક, ધાનેરા ધારાસભ્ય શ્રી માવજીભાઈ દેસાઈ, ધાનેરા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી રીન્કુજી ઠાકોર અને દાંતીવાડા તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી જશુબા વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે ગોવર્ધન કોલ્ડ સ્ટોરેજ, કંસારી (તા. ડીસા) ખાતે ધારાસભ્ય શ્રી અનિકેતભાઈ ઠાકર, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ શ્રીમતી બબીબેન ચૌધરી અને ડીસા તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી ઉષાબેન ડાભીની ઉપસ્થિતિમાં ઉજવણી કરાઈ હતી. આ ઉપરાંત પ્રાથમિક શાળા, છાપરા (પાલનપુર) ખાતે ધારાસભ્ય શ્રી કેશાજી ચૌહાણ અને જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન શ્રી પ્રધાનજી રાઠોડ તેમજ પ્રાથમિક શાળા, જલોત્રા (વડગામ) ખાતે ધારાસભ્ય શ્રી સરદારભાઈ ચૌધરી, વડગામ તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી અનુબેન પટેલ અને જિલ્લા પંચાયત દંડક શ્રીમતી આંચલબેન બ્રહ્મભટ્ટની પ્રેરક ઉપસ્થિતિમાં 'જનજાતીય ગૌરવ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ તમામ કાર્યક્રમો દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સરકારની વિવિધ જનકલ્યાણકારી અને સહાય યોજનાઓના લાભાર્થીઓને મંજૂરીપત્રો, કિટ્સ અને સહાયના લાભોનું પ્રત્યક્ષ વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત, શિક્ષણ, રમતગમત, કલા-સંસ્કૃતિ અને સામાજિક સેવા સહિત વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર આદિજાતિ સમાજના પ્રતિભાશાળી નાગરિકો અને વિદ્યાર્થીઓને અધ્યક્ષશ્રી તથા મહાનુભાવો દ્વારા પ્રશસ્તિ પત્ર આપીને વિશેષ સન્માનિત કરવામાં આવ્યા હતા, જેનાથી સમાજમાં નવી ઊર્જા અને પ્રોત્સાહનનો સંચાર થયો હતો. કાર્યક્રમના ભાગરૂપે સરકારશ્રીના આદિજાતિ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ, માળખાકીય સુવિધાઓ અને વિકાસલક્ષી સિદ્ધિઓની ઝાંખી દર્શાવતી ટૂંકી દસ્તાવેજી ફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત સૌ મહાનુભાવો, અધિકારીશ્રીઓ અને બહોળી સંખ્યામાં જોડાયેલા નાગરિકોએ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળી તેમનું પ્રેરણાદાયી માર્ગદર્શન મેળવ્યું હતું. સમગ્ર જિલ્લામાં આયોજિત આ કાર્યક્રમોમાં સ્થાનિક પદાધિકારીઓ, વહીવટી તંત્રના અધિકારીઓ અને આદિવાસી સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉત્સાહભેર સહભાગી બન્યા હતા.

આદિવાસી મહિલા સશક્તિકરણ અને પરંપરાગત સ્વાદનો સંગમ: પાલનપુરના જોરાવર પેલેસ ખાતે 'જોહાર કેફે' ખુલ્લું મુકાયું

જનજાતીય ગૌરવ સપ્તાહ અંતર્ગત કેબિનેટ મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલના હસ્તે પાલનપુર ખાતે 'જોહાર કેફે'નું લોકાર્પણ કરાયું





●સખી મંડળની બહેનો આત્મનિર્ભર બનશે તથા પરંપરાગત અને પૌષ્ટિક મિલેટ વાનગીઓને મળશે પ્રોત્સાહન

પાલનપુર | આદિવાસી સમાજના ગૌરવપૂર્ણ ઈતિહાસ અને રાષ્ટ્ર નિર્માણમાં તેઓના અનન્ય યોગદાનને જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ સાથે સમગ્ર દેશમાં 'જનજાતીય ગૌરવ દિવસ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'ના નિર્માણમાં આદિજાતિ સમુદાયને સમાન સહભાગી બનાવવાના લક્ષ્ય સાથે, ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે રાજ્ય સરકાર દ્વારા તા. ૧૨ થી ૧૮ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન 'જનજાતીય ગૌરવ સપ્તાહ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. આ સપ્તાહ અંતર્ગત રાજ્યના તમામ આદિજાતિ વિસ્તારોમાં વિવિધ જનકલ્યાણકારી અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે,

આજરોજ કેબિનેટ મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલના વરદ્‌ હસ્તે પાલનપુર ખાતે 'જોહાર કેફે'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આદિવાસી સમાજના સર્વાંગી ઉત્થાન અને મહિલા સશક્તિકરણના ઉમદા હેતુ સાથે બનાસકાંઠા જિલ્લાના પાલનપુર સ્થિત જોરાવર પેલેસ કમ્પાઉન્ડ ખાતે આ અત્યાધુનિક 'જોહાર કેફે' (કેન્ટીન) કાર્યરત કરવામાં આવ્યું છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ ગ્રામીણ અને આદિવાસી વિસ્તારની સખી મંડળ (મહિલા સ્વસહાય જૂથો)ની બહેનોને રોજગારીની નવી તકો પૂરી પાડીને તેમને આર્થિક રીતે પગભર અને આત્મનિર્ભર બનાવવાનો છે. આ કેફેનું સંચાલન સંપૂર્ણપણે મહિલા સ્વસહાય જૂથોની બહેનો દ્વારા કરવામાં આવશે, જેનાથી 'વોકલ ફોર લોકલ' અને 'લખપતિ દીદી' જેવા અભિયાનોને પણ વેગ મળશે.

આ 'જોહાર કેફે'માં મુલાકાતીઓ અને નાગરિકોને ગુજરાતની અસલ પરંપરાગત આદિવાસી વાનગીઓ તેમજ સ્વાસ્થ્યવર્ધક શ્રી અન્ન (મિલેટ) આધારિત પૌષ્ટિક અને સ્વાદિષ્ટ વાનગીઓનો સ્વાદ માણવા મળશે. આ વ્યવસ્થાથી એક તરફ સ્થાનિક લોકોને શુદ્ધ અને પારંપરિક ભોજન ઉપલબ્ધ થશે, તો બીજી તરફ આદિજાતિ સમુદાયની સમૃદ્ધ ખાણીપીણીની સંસ્કૃતિનો પ્રચાર-પ્રસાર પણ થશે.

આ લોકાર્પણ પ્રસંગે પાલનપુરના ધારાસભ્યશ્રી અનિકેતભાઈ ઠાકર, નગરપાલિકાના પ્રમુખશ્રી, નિવાસી અધિક કલેકટરશ્રી સી. પી. પટેલ સહિત જિલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, સખી મંડળની બહેનો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

મહીસાગર જિલ્લાના સંતરામપુર ખાતે ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મ જયંતી નિમિત્તે 'જનજાતીય ગૌરવ દિવસ'ની ભવ્ય ઉજવણી





જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લાના સંતરામપુર સ્થિત આઝાદ મેદાન ખાતે ભારતની આઝાદીના મહાનાયક અને આદિવાસી સમાજના આરાધ્ય દેવ ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મ જયંતી નિમિત્તે 'જનજાતીય ગૌરવ દિવસ'ની જિલ્લા કક્ષાની ઉજવણી અત્યંત ઉત્સાહ અને ગૌરવપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં રાજ્યના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા વિભાગના મંત્રી શ્રી રમણભાઈ સોલંકી મુખ્ય અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શુભ શરૂઆત મંત્રીશ્રી તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય તેમજ ભગવાન બિરસા મુંડાજી અને આદિવાસી દેવી-દેવતાઓનું પૂજન-અર્ચન કરીને કરવામાં આવી હતી.

આ ગૌરવશાળી અવસરે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા મંત્રી શ્રી રમણભાઈ સોલંકીએ ભગવાન બિરસા મુંડાના અપ્રતિમ શૌર્ય, સ્વાભિમાન અને સંસ્કૃતિના રક્ષણ માટેના ઐતિહાસિક યોગદાનને યાદ કરી શત શત નમન કર્યા હતા. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, અંગ્રેજ શાસનની શોષણકારી નીતિઓ અને અન્યાય સામે આદિવાસી સમાજને સંગઠિત કરી જળ, જંગલ અને જમીનના અધિકારો માટે 'ઉલગુલાન' એટલે કે મહાક્રાંતિનું આહ્વાન કરનાર ભગવાન બિરસા મુંડાએ માત્ર ૨૫ વર્ષની નાની વયે દેશ અને સમાજ માટે સર્વોચ્ચ બલિદાન આપ્યું હતું, જે આજે પણ આપણા સૌ માટે અખૂટ પ્રેરણાનો સ્ત્રોત છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૨૧થી ભગવાન બિરસા મુંડાની જન્મ જયંતીને 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે ઉજવવાની શરૂઆત કરાવીને સમગ્ર દેશના આદિવાસી સમાજ અને સ્વાતંત્ર્ય સંગ્રામના વીર નાયકોને સાચું રાષ્ટ્રીય બહુમાન અપાવ્યું છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન 'વનબંધુ કલ્યાણ યોજના' થકી આદિવાસી વિસ્તારોમાં આરોગ્ય, શિક્ષણ અને પાયાની સુવિધાઓનો પાયો નાખ્યો હતો અને આજે 'પીએમ જનમન' જેવા મહાઅભિયાન દ્વારા છેવાડાના માનવી સુધી આવાસ, પીવાનું પાણી, વીજળી અને રસ્તા જેવી સુવિધાઓ પહોંચાડવામાં આવી રહી છે.અંતમાં તેમણે વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવા સમાજના દરેક વર્ગને વિકાસની મુખ્યધારા સાથે જોડાવા આહ્વાન કર્યું હતું.

ધરતી આંબા ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ અવસરે મહીસાગર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી કલ્પનાબેન પુવારે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા જણાવ્યું હતું કે, આદિવાસી સમાજનો સાંસ્કૃતિક અને પ્રાકૃતિક વારસો અતિ સમૃદ્ધ અને જગવિખ્યાત છે. દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં આદિવાસી સમાજના છુપાયેલા ગૌરવપૂર્ણ યોગદાનને જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન અન્વયે ૧૫મી નવેમ્બરને 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

મંત્રીશ્રીએ સંતરામપુર રેપો ખાતે ભગવાન બિરસા મુંડાજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન મંત્રીશ્રી અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને સહાય તથા લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ, શિક્ષણ અને રમતગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરી સમાજનું નામ રોશન કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓ અને રમતવીરોને પ્રશસ્તિ પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે જ યોજનાકીય જાણકારીલક્ષી સ્ટોલ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

આ અવસરે ઉપસ્થિત જનમેદનીએ આદિજાતિ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ અને સિદ્ધિઓની ઝાંખી દર્શાવતી વિશેષ ડોક્યુમેન્ટ્રી ફિલ્મ નિહાળી હતી તેમજ વડાપ્રધાનશ્રીનું પ્રેરક ઉદ્‌બોધન જીવંત પ્રસારણના માધ્યમથી સાંભળ્યું હતું. કાર્યક્રમના સમાપન પ્રસંગે પર્યાવરણ સંરક્ષણ અને પ્રકૃતિ પ્રેમના સંદેશ સાથે મંત્રીશ્રી તથા મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી યુવરાજ સિધાર્થ, પોલીસ અધિક્ષકશ્રી સફીન હસન, સંતરામપુર તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી રજનીતાબેન તાવિયાડ, કડાણા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી જયંતીભાઈ ડામોર, નગરપાલિકા પ્રમુખ શ્રીમતી નિશાબેન સહિત સ્થાનિક પદાધિકારીઓ, અધિકારીઓ અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

"VHPના મોટા માથા છીએ, નોકરી ખાઈ જઈશું": રાજકોટ-ગોંડલ હાઈવે પર રાજસ્થાન પાસિંગની સ્કોર્પિયોને રોકતા બબાલ

3 TRB જવાનોને લાફા મારતા 7 સામે FIR



રાજકોટ | રાજકોટ-ગોંડલ હાઈવે પર ઢોલરા ગામના પાટિયા પાસે ટ્રાફિક નિયમન કરી રહેલા પોલીસ કર્મચારીઓ સાથે રાજસ્થાન પાસિંગની સ્કોર્પિયો કારમાં સવાર લોકો દ્વારા બોલાચાલી, ઝપાઝપી અને મારામારી કરવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. વાહન ચેકિંગ દરમિયાન સીટબેલ્ટ નહીં બાંધવા, ઓવરલોડ અને પરમિટ ન હોવા સહિતના ટ્રાફિક નિયમોના ભંગ બદલ મેમો ભરવાનું કહેતાં કારમાં સવાર લોકો ઉશ્કેરાઈ ગયા હતા અને ત્રણ TRB જવાનને ફડાકા ઝીંકી દીધા હતા અને VHPના મોટા માથા છીએ, નોકરી ખાઈ જઈશું તેરી ધમકી આપી હતી. જેથી આજીડેમ પોલીસ મથકમાં 7 શખ્સો સામે ફરજ રૂકાવટનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.મળતી માહિતી મુજબ, રાજકોટ શહેર ટ્રાફિક શાખાના કોન્સ્ટેબલ મુન્નાભાઈ મકવાણા સહિતના પોલીસ કર્મચારીઓ અને TRB જવાનો ઢોલરા ગામના પાટિયા પાસે રાજકોટ-ગોંડલ હાઈવે પર સવારે ૭થી બપોરે 3 વાગ્યા સુધી ટ્રાફિક નિયમનની ફરજ બજાવી રહ્યા હતા. દરમિયાન સવારે આશરે 10:50 વાગ્યે ગોંડલ તરફથી રાજકોટ તરફ આવતી સફેદ રંગની રાજસ્થાન પાસિંગની સ્કોર્પિયો કાર (નંબર RJ10UA5940) શંકાસ્પદ જણાતાં તેને ચેકિંગ માટે રોકવામાં આવી હતી. પોલીસના જણાવ્યા મુજબ, કારના કાળા કાચ, ક્ષમતા કરતાં વધુ મુસાફરો, ચાલકે સીટબેલ્ટ નહીં બાંધ્યો હોવા સહિતની બાબતો ધ્યાનમાં આવતાં વાહનચાલકને પૂછપરછ કરી જરૂરી દસ્તાવેજો માગવામાં આવ્યા હતા. ટ્રાફિક નિયમોના ભંગ બદલ મેમો ભરવાનું કહેતાં કારચાલક ઉશ્કેરાઈ ગયો હતો અને પોતાનો ભાઈ વકીલ હોવાનું કહી ચલણ નહીં ભરવાની જીદ પકડી હતી.આ દરમિયાન કોન્સ્ટેબલ મકવાણાની નેમપ્લેટમાં તેમની અટક જોઈ કારચાલકે જાતિ વિષયક અપમાનજનક શબ્દો કહ્યા હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરાયો છે. ત્યારબાદ કારમાં સવાર અન્ય પુરુષો અને મહિલાઓ પણ નીચે ઉતરી પોલીસ કર્મચારીઓ સાથે બોલાચાલી કરવા લાગ્યાં હતાં. એક વ્યક્તિએ કાર રસ્તાની વચ્ચે ઊભી રાખી દેતાં હાઈવે પર ટ્રાફિકને અવરોધ ઊભો થયો હતો.ફરિયાદ મુજબ, કારમાં સવાર લોકોએ પોતે વિશ્વ હિન્દુ પરિષદના મોટા આગેવાનો હોવાની ઓળખ આપી પોલીસ કર્મચારીઓને 'તું હજુ અમને ઓળખતો નથી, અમે તારી નોકરી ખાઈ જઈશું' તેવી ધમકી આપી હતી. મામલો વધુ ઉગ્ર બનતાં કારમાં સવાર લોકો દ્વારા પોલીસ કર્મચારીઓ અને TRB જવાનો સાથે ઝપાઝપી અને ધક્કામુક્કી કરવામાં આવી હતી. આ દરમિયાન TRB જવાન રફીકભાઈ ચવાણ, હસનભાઈ સૈયદ અને દીપકભાઈને ગાલના ભાગે ફડાકા મારી મુંઢ ઈજાઓ પહોંચાડવામાં આવી હોવાનો આક્ષેપ છે. એટલું જ નહીં, ઝપાઝપી દરમિયાન પોલીસ કર્મચારીઓનાં યુનિફોર્મ પણ ફાડી નાખવામાં આવ્યા હતા.

કુદરતી ધામ 'સાતકુંડા' બનશે પર્યાવરણીય પ્રવાસનનું નવું કેન્દ્ર.....

સૌંદર્ય ધામ 'સાતકુંડા' ખાતે ઇકો-ટુરિઝમ વિકસાવવા મંત્રી શ્રી પ્રવિણભાઈ માળીના મહત્વપૂર્ણ સૂચનો..

જગદીશ ત્રિવેદી | મહીસાગર

રાજ્યના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ તથા વાહનવ્યવહાર મંત્રી શ્રી પ્રવિણભાઈ માળીએ મહીસાગર જિલ્લાના ઐતિહાસિક અને પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતા સ્થળ 'સાતકુંડા'ની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. કુદરતી વનરાજી અને સાત કુંડના અદભૂત સંગમ સમા આ સ્થળની ભૌગોલિક પરિસ્થિતિ અને પ્રવાસન ક્ષમતાઓનું મંત્રીશ્રીએ બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું.આ મુલાકાત દરમિયાન મંત્રી શ્રી પ્રવિણભાઈ માળીએ સાતકુંડા વિસ્તારને પર્યાવરણના જતન સાથે એક આદર્શ 'ઇકો-ટુરિઝમ' (પર્યાવરણીય પ્રવાસન) કેન્દ્ર તરીકે વિકસાવવા માટે ઉપસ્થિત અધિકારીઓને જરૂરી સૂચનો અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, સાતકુંડા જેવા કુદરતી સ્થળોનો વિકાસ થવાથી



પ્રકૃતિ પ્રેમીઓ અને પ્રવાસીઓનો ધસારો વધશે, જેના પરિણામે સ્થાનિક સ્તરે રોજગારીની નવી તકોનું સર્જન થશે. વન સંપદાને કોઈપણ પ્રકારનું નુકસાન ન પહોંચે તે રીતે પ્રવાસીઓ માટે પ્રાથમિક સુવિધાઓ વિકસાવવા પર તેમણે ખાસ ભાર મૂક્યો હતો.વધુમાં, મંત્રીશ્રીએ સમગ્ર પરિસરમાં સ્વચ્છતા જાળવવા અંગે વિશેષ અનુરોધ કર્યો હતો. કુદરતી જળ સ્ત્રોતો અને કુંડની પવિત્રતા તેમજ સ્વચ્છતા જળવાઈ રહે તે માટે પ્લાસ્ટિક મુક્ત અભિયાન ચલાવવા અને સ્થાનિક નાગરિકો તેમજ મુલાકાતીઓમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવવા તેમણે જણાવ્યું હતું. સ્વચ્છ અને સુંદર પર્યાવરણ એ જ સાચા અર્થમાં પ્રવાસન વિકાસની પ્રથમ શરત હોવાનું તેમણે ઉમેર્યું હતું.મંત્રીશ્રીની આ મુલાકાત વેળાએ મોરવા હડફના ધારાસભ્ય શ્રીમતી નિમિષાબેન સુથાર, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી સફીન હસન, વન વિભાગના અધિકારીશ્રીઓ, સ્થાનિક પદાધિકારીશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

જૂનાગઢ મહાનગરપાલિકાના અણઘડ વહીવટ અને આંતરિક રાજકારણને કારણે છેલ્લા બે વર્ષથી ટાઉનહોલ બંધ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૫ મહાનગરપાલિકા, જૂનાગઢના અણઘડ વહીવટ અને આંતરિક રાજકારણને કારણે છેલ્લા બે વર્ષથી ટાઉનહોલ બંધ

હોવાથી શહેરમાં અગાઉ જે સારી સાંસ્કૃતિક પ્રવૃતિઓ થતી હતી તે સદંતર બંધ થઈ ગઈ છે જેથી લોકોને સારા તેમજ માણવા લાયક કાર્યક્રમોમાં, નાટકો, ભારત દર્શન, નૃત્ય, સંગીત, મ્યુઝિકલ, આધ્યાત્મિક જ્ઞાન વિગેરેથી વંચિત રહેવું પડે છે. જૂનાગઢથી નજીકના નાના શહેરો જેતપુર, ગોંડલ વગેરેમાં કાર્યક્રમો યોજાય છે પણ જૂનાગઢ મહાનગરપાલિકાનો દરજ્જો ધરાવતા શહેરના નાગરિકોને કમનસીબે હજુ ટાઉન હોલ બનતા, રીપેર થતાંની કેટલી રાહ જોવી પડશે એ કોઈને પણ ખબર નથી. આવા સમયે જૂનાગઢ ની પ્રજાને સારા કાર્યક્રમોથી વંચિત ના રહેવું પડે તે હેતુથી એક સાથે બેસી નાટકો, સંગીત તથા અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો માણવાના હેતુથી આ મહીનાની 25-નવેમ્બર ને, બુધવારના રોજ રાજકોટ હેમુ ગઢવી હોલમાં મુંબઈનું નવું અને વખણાયેલ નાટક તથાસ્તુ [મેહુલ બુચ, અમી ત્રિવેદી અભિનીત] નો પ્રયોગ થવા જઈ રહેલ છે જે માણવા ઈચ્છતા લોકો માટે જવાનું આયોજન શ્રી અમિત બુચ-9879030130 કરી રહ્યા છે તેમનો સંપર્ક કરવા તેમણે એક યાદીમાં જણાવ્યું છે. ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસો ધરાવતા જૂનાગઢ શહેરમાં મહાનગરપાલિકાના અણઘડ વહીવટ અને આંતરિક રાજકારણના કારણે છેલ્લા બે વર્ષથી શહેરનો ટાઉનહોલ બંધ હાલતમાં છે. ટાઉનહોલ બંધ હોવાના પરિણામે શહેરમાં અગાઉ જે ઉચ્ચ કક્ષાની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ધમધમતી હતી.

નીતિ આયોગ દ્વારા સરકારના વડા તરીકે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના 25 વર્ષના કાર્યકાળમાંથી દેશ માટે બોધપાઠ મેળવવાના હેતુથી રાષ્ટ્રીય કાર્યશાળા શ્રેણીનું આયોજન

અમદાવાદ | નીતિ આયોગ સરકારના વડા તરીકે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના પચીસ વર્ષમાંથી બોધપાઠ લેવા માટે 17 નવેમ્બર 2026ના રોજ પાંચ રાષ્ટ્રીય કાર્યશાળાઓની શ્રેણી શરૂ કરશે. આ શ્રેણી જાહેર નેતૃત્વના આ ક્વાર્ટર સદીના (પચીસ વર્ષના) સમયગાળાનો અભ્યાસ કરશે જેથી તેના બોધપાઠ રાષ્ટ્રના સહિયારા જ્ઞાનનો ભાગ બને. તે આ યાત્રાનો ભાગ રહેલા લોકોના અનુભવોનું દસ્તાવેજીકરણ કરશે અને તેને એવા જ્ઞાનમાં રૂપાંતરિત કરશે જે સૌને લાભદાયી નીવડે. પ્રધાનમંત્રીએ 7 ઓક્ટોબર 2001ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો હતો. તે પદ પર બાર વર્ષથી વધુ સમય સુધી સેવા આપ્યા બાદ, તેમણે મે 2014માં ભારતના પ્રધાનમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો હતો અને હાલમાં તેઓ સતત ત્રીજી મુદત માટે સેવા આપી રહ્યા છે. 7 ઓક્ટોબર 2026ના રોજ પચીસ વર્ષ પૂર્ણ થવા સાથે, આ ભારતમાં ચૂંટાયેલી સરકારના વડા તરીકેનો સૌથી લાંબો સતત કાર્યકાળ દર્શાવે છે. આ સમગ્ર સમયગાળા દરમિયાન, શાસન 'પ્રધાન સેવક'ના વિચાર પર આધારિત રહ્યું છે, જે હેઠળ સરકારની દરેક કચેરી નાગરિકોની સેવા કરવા માટે અસ્તિત્વ ધરાવે છે. અંત્યોદયે અંતિમ વ્યક્તિના સ્તરે પ્રગતિનું માપદંડ નક્કી કર્યું છે. જનભાગીદારીએ વિકાસને એક જનઆંદોલન બનાવ્યું છે. 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ, સબકા પ્રયાસ'ના સિદ્ધાંતે આને એક સહિયારા રાષ્ટ્રીય ઉપક્રમ તરીકે વધુ મજબૂત બનાવ્યું છે. 2047 સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યે આ અભિગમને એક લાંબી ક્ષિતિજ પૂરી પાડી છે, જે દરેક સંસ્થાને સ્વતંત્રતાની શતાબ્દી નજીક આવી રહી છે ત્યારે ભારત માટે આયોજન કરવા અને કાર્ય કરવા જણાવે છે.આ સ્તરે શાસન કરવા વિશે ભારતે જે કંઈ શીખ્યું છે તેમાંથી ઘણું બધું એવા અધિકારીઓ, સંસ્થાઓ અને નાગરિકોના અનુભવમાં સમાયેલું છે જેમણે આ નિર્ણયો લીધા અને તેને પાર પાડ્યા. આ શ્રેણી તેમના પ્રત્યક્ષ અનુભવોની નોંધ લેશે અને શૈક્ષણિક ચોકસાઈ સાથે તેમની તપાસ કરશે. તે સિવિલ સર્વન્ટ્સ, તાલીમ સંસ્થાઓ, યુનિવર્સિટીઓ, વિદ્યાર્થીઓ અને વ્યાપક જનતા માટે કેસ સ્ટડીઝ, સંશોધન પત્રો અને શિક્ષણ સામગ્રી સહિત સંસ્થાકીય શિક્ષણ સામગ્રીમાં તેમનો વિકાસ કરશે.પાંચ રાષ્ટ્રીય કાર્યશાળાઓ નીચેના શાસન વિષયો પર કેન્દ્રિત રહેશે: નવેમ્બર 2026માં "લીડરશીપ એઝ મિશન", જાન્યુઆરી 2027માં "ગવર્નન્સ એઝ ડિલિવરી", એપ્રિલ 2027માં "ડેવલપમેન્ટ એઝ ઈન્ક્લુઝન", જુલાઈ 2027માં "સિવિલાઈઝેશનલ

- **નવેમ્બર 2026 થી ઓક્ટોબર 2027 દરમિયાન નેતૃત્વ, પહોંચ, સમાવેશ, સભ્યતાગત ઓળખ અને ભારતની વૈશ્વિક ભૂમિકા પર પાંચ રાષ્ટ્રીય કાર્યશાળાઓ યોજાશે**
- **17 નવેમ્બરના રોજ ભારત મંડપમ ખાતે "લીડરશીપ એઝ મિશન" પર પ્રથમ કાર્યશાળા**
- **કચ્છ, કોવિડ-19, લખપતિ દીદી અને અવકાશ ક્ષેત્રના અનુભવોથી શ્રેણીનો પ્રારંભ થશે**



આઇડેન્ટિટી" અને સપ્ટેમ્બર 2027માં "ઈન્ડિયા એઝ અ ગ્લોબલ ફોર્સ".પ્રથમ રાષ્ટ્રીય કાર્યશાળા, "લીડરશીપ એઝ મિશન", 17મી નવેમ્બર 2026ના રોજ ભારત મંડપમ, નવી દિલ્હી ખાતે યોજાશે. તે ચોક્કસ નિર્ણયો કે જેમાં નેતૃત્વ દૃશ્યમાન થાય છે અને જે રીતે તે નિર્ણયો નાગરિકો માટે પરિણામોમાં રૂપાંતરિત થાય છે તેના દ્વારા નેતૃત્વનો અભ્યાસ કરશે. નીતિ આયોગના મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) શ્રી અનુરાગ જૈન સહભાગીઓનું સ્વાગત કરશે અને નીતિ આયોગના ઉપાધ્યક્ષ શ્રી અશોક કુમાર લાહિરી પ્રારંભિક સંબોધન કરશે. પ્રધાનમંત્રીના અગ્ર સચિવ ડો. પી.કે. મિશ્રા ઉદ્‌ઘાટન મુખ્ય વક્તવ્ય આપશે, અને કોટક મહિન્દ્રા બેંકના સ્થાપક શ્રી ઉદય કોટક મુખ્ય વક્તવ્ય આપશે. નીતિ આયોગના સભ્ય ડો. આર. બાલાસુબ્રમણ્યમ કાર્યશાળાની રૂપરેખા રજૂ કરશે. મહત્વપૂર્ણ નિર્ણયોનો પ્રત્યક્ષ ભાગ રહેલા લોકોના ચાર પ્રત્યક્ષ અનુભવો દિવસનો મુખ્ય ભાગ બનશે. ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ શ્રી રાજીવ ટોપનો 2001ના ભૂકંપ બાદ કચ્છના પુનઃનિર્માણ પર બોલશે. ભૂતપૂર્વ કેન્દ્રીય આરોગ્ય સચિવ અને UPSCના ભૂતપૂર્વ અધ્યક્ષ સુશ્રી પ્રીતિ સૂદન કોવિડ-19 સામેના પ્રતિભાવ પર બોલશે. ગ્રામીણ વિકાસ મંત્રાલયના ભૂતપૂર્વ સચિવ શ્રી શૈલેષ કુમાર સિંહ લખપતિ દીદી પર બોલશે. ISROના ભૂતપૂર્વ અધ્યક્ષ ડો. એસ. સોમનાથ અવકાશ અર્થતંત્રને ખુલ્લું મૂકવા અંગે પોતાના અનુભવો શેર કરશે."વિકસિત ભારત માટે નેતૃત્વ" વિષય પર પેનલ ચર્ચાનું સંચાલન નીતિ આયોગના ભૂતપૂર્વ મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) શ્રી બી.વી.આર. સુબ્રહ્મણ્યમ દ્વારા કરવામાં આવશે. પેનલિસ્ટ્સમાં ઉત્તર પ્રદેશ સરકારના શહેરી વિકાસ અને ઊર્જા કેબિનેટ મંત્રી શ્રી અરવિંદ કુમાર શર્મા, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદના પ્રો. વિશાલ ગુપ્તા, નીતિ આયોગના ડિસ્ટિંગ્વિશ્ડ ફેલો સુશ્રી દેબજાની ઘોષ અને હરદોઈના જોઈન્ટ મેજિસ્ટ્રેટ સુશ્રી નારાયણી ભાટિયાનો સમાવેશ થશે.કેબિનેટ સચિવ ડો. ટી. વી. સોમનાથન કાર્યશાળાનું સમાપન કરશે અને iGOT કર્મયોગી પ્લેટફોર્મ પર કર્મયોગી સંકલ્પ લોન્ચ કરશે. સંકલ્પ દ્વારા, દેશભરના સિવિલ સર્વન્ટ્સ તેમની પોતાની નેતૃત્વ પ્રણાલીમાં ચોક્કસ પરિવર્તન લાવવા માટે પ્રતિબદ્ધ થશે.કાર્યશાળામાં આશરે 900 સહભાગીઓ હાજરી આપે તેવી અપેક્ષા છે, જેમાંથી 250 વિચાર-વિમર્શમાં સીધો ભાગ લેશે. આમાં કેન્દ્ર અને રાજ્ય સરકારોના સચિવો અને વરિષ્ઠ અધિકારીઓ તથા મહત્વાકાંક્ષી જિલ્લાઓના જિલ્લા કલેક્ટરો સહિત 150 સરકારી અધિકારીઓનો સમાવેશ થશે. સહભાગીઓમાં અગ્રણી સંસ્થાઓ અને યુનિવર્સિટીઓના 25 વિદ્યાર્થીઓ, અને રાષ્ટ્રીય ફ્લેગશિપ યોજનાઓના 50 સામુદાયિક ભાગીદારો અને લાભાર્થીઓનો પણ સમાવેશ થશે. જૂથ ચર્ચાઓનું માર્ગદર્શન ક્ષમતા નિર્માણ આયોગની અમૃત જ્ઞાન કોષ પહેલ હેઠળ પ્રશિક્ષિત 25 કેસ ફેસિલિટેટર્સ દ્વારા કરવામાં આવશે. કાર્યવાહીનું જીવંત પ્રસારણ iGOT કર્મયોગી પ્લેટફોર્મ પર કરવામાં આવશે.

છ વોર્ડ ઓફિસર અને 8 સેનેટરી ઇન્સ્પેક્ટર- સબ ઇન્સ્પેક્ટરની બદલી, કોર્પોરેટરોમાં નારાજગીની ચર્ચા

રાજકોટ મ્યુ. કમિશનર તુષાર સુમેરાએ 14 કર્મચારીઓની બદલી કરી





રાજકોટ | રાજકોટ મહાનગર પાલિકાના મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા 10 દિવસની લાંબી રજા પર ઉતર્યા છે. રજા પર જતા પૂર્વે તેમણે વહીવટી તંત્રમાં મહત્વપૂર્ણ ફેરફાર કરતા 6 વોર્ડ ઓફિસર તેમજ સફાઈ અને ડ્રેનેજ વિભાગના 8 સેનેટરી ઈન્સ્પેક્ટર અને સેનેટરી સબ ઈન્સ્પેક્ટરની બદલીના આદેશ જારી કર્યા છે. અચાનક એકસાથે થયેલી આ બદલીઓથી મનપાનાં આંતરિક વર્તુળોમાં ચર્ચા જાગી છે. વોર્ડ ઓફિસરની બદલીઓના આ હુકમોને લઈને શહેરના અમુક વોર્ડના કોર્પોરેટરોમાં નારાજગી હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. જોકે આ મુદ્દે કોઈ ખુલીને બોલવા તૈયાર નથી.રાજકોટ મહાનગરપાલિકામાં વહીવટી વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને 6 વોર્ડ ઓફિસરની બદલીના હુકમ કરવામાં આવ્યા છે. આ ફેરબદલી હેઠળ વોર્ડ નં.2ના વોર્ડ ઓફિસર પરેશ ચાવડાને વોર્ડ નં.7માં મુકવામાં આવ્યા છે. જ્યારે વોર્ડ નં.10ના નિલમબેન બેલીમની બદલી વોર્ડ નં.12માં કરવામાં આવી છે. વોર્ડ ઓફિસરોની અન્ય બદલીઓમાં વોર્ડ નં.15ના નિશાબેન જાદવને વોર્ડ નં.14માં અને વોર્ડ નં.14ના નિકુંજ ડોબરીયાને વોર્ડ નં.15માં બદલવામાં આવ્યા છે.

આજનું રાશિ ભવિષ્ય

મેષ : અ. લ. ઈ.

એવો દિવસ જ્યારે તમારા ચહેરા પર નિરંતર સ્મિત રહેશે અને અજાણ્યા લોકો પણ ઓળખીતા લાગશે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમારા સામાજિક જીવનની ઉપેક્ષા કરતા નહીં. તમારા વ્યસ્ત સમયપત્રકમાંથી થોડો સમય કાઢી તમારા પરિવાર સાથે પાર્ટીમાં હાજરી આપજો.

વૃષભ : બ. વ. ઉ.

ખુશ થાવ કેમ કે સારો સમય આવી રહ્યો છે અને તમારામાં વધારાની ઊર્જાનો સંચાર થશે. આખા દિવસ માં ભલે તમે ધન માટે સંઘર્ષ કર્યા હોય પરંતુ સાંજ ની સમયે તમને ધન લાભ થયી શકે છે. દૂરના સ્થળેથી કોઈ સંબંધી તમારો સંપર્ક કરી શકે છે.

મિથુન : ક. છ. ઘ.

ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગમાં લઈ શકાય. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. ઑફિસના કામમાં તમારી વધારે પડતી વ્યસ્તતાને કારણે તમારા જીવનસાથી સાથેના સંબંધો વણસી શકે છે.

કર્ક : ડ. હ.

તમારી હતાશાની લાગણીને તમારા પર કાબૂ મેળવવા દેતા નહીં. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ સાંજના સમયે સામાજિક પ્રવૃત્તિઓ તમારી ધારા કરતાં અનેકગણી સારી સાબિત થશે.

સિંહ : મ. ટ.

લાંબી મુસાફરી ટાળજો કેમ કે મુસાફરી માટે તમે ખૂબ નબળા છો. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે.

કન્યા : પ. ઠ. ણ.

તમારા બાળકનો દેખાવ તમને અનહદ આનંદ આપશે. આર્થિક જીવન ની સ્થિતિ આજે સારી નહિ કહી શકાય જ્યારે બચત કરવા માં મુશ્કેલી આવી શકે છે. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે.

તુલા : ર. ત.

સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે. તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરો. અનિચ્છીત કોઈ મહેમાન આજે ઘરે આવી શકે છે જેના આવવા થી તમારે તે વસ્તુઓ ઉપર પણ ખર્ચ કરવો પડી શકે છે.

વૃશ્ચિક : ન. ય.

વાહન ચલાવતી વખતે ચેતતા રહેજો ખાસ કરીને વળાંક પર. અન્ય કોઈકની બેદરકારી તમારી માટે સમસ્યા ઊભી કરે શકે છે. તમે જો અન્યોના શબ્દો પર ધ્યાન આપીને રોકાણ કરશો તો આજે આર્થિક નુકસાનની શક્યતા જોવાય છે.

ધન : ભ. ધ. ફ. ઢ.

અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. અનિચ્છીત કોઈ મહેમાન આજે ઘરે આવી શકે છે જેના આવવા થી તમારે તે વસ્તુઓ ઉપર પણ ખર્ચ કરવો પડી શકે છે જેને તમે આવતા મહિને કરવાનું વિચાર્યું હતુ.

મકર : ખ. જ.

તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. જો ભવિષ્ય માં તમારે નાણાકીય રીતે મજબૂત થવું છે તો આજ થીજ ધન ની બચત કરો. તમારા પરિવારના સભ્યો પ્રત્યે તમારો પ્રભુત્વભર્યા અભિગમને કારણે વિના કારણ દલીલો શરૂ થશે.

કુંભ : ગ. સ. શ. ષ.

કામનું દબાણ તથા ઘરમાં તકલીફ તાણ લાવી શકે છે. તમે તેજસ્વી નવા વિચારો સાથે સામે આવશો, એ વિચારો તમને આર્થિક લાભ આપવશે. તમે જેની સાથે રહો છો એમાથી કોઈ તમારાથી નારાજ છે કેમ કે તમે તમારી ઘરને લગતી ફરજોને નજરઅંદાજ કરી રહયા છો.

મીન : દ.ચ. ઝ. થ.


આ વાત સારી રીતે સમજી લો કે દુ:ખ ના સમય માં સંચિત ધન જ કામ માં આવશે તેથી આજ ના દિવસ થી પોતાનો ધન સંચય કરવા નો વિચાર બનાવો! સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.

શ્રીમદ્ ભાગવત

નખત્રાણામાં ગોપી મહિલા મંડળ આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો થયો ભવ્ય શુભારંભ

મહેશ એલ. સોની નખત્રાણા

ગોપી મહિલા મંડળ, નખત્રાણા દ્વારા આયોજિત સામૂહિક શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો ભવ્ય અને દિવ્ય શુભારંભ લાભ પાંચમને તા. ૧૪-૧૧-૨૦૨૬ના રોજ નખત્રાણાના નવાવાસ ખાતે આવેલ વાળંદ સમાજવાડીમાં થયો હતો. સવારે ૯:૩૦ કલાકે ઓમકારેશ્વર મહાદેવ મંદિરથી ભવ્ય પોથી યાત્રા નીકળી હતી, જેમાં સૌભાગ્યવતી બહેનોએ માથે પોથી ધારણ કરી હતી, ઢોલ-નગારાના નાદ સાથે, હરે કૃષ્ણના જયઘોષ સાથે અને પુષ્પવર્ષા વચ્ચે આ યાત્રા કથા સ્થળ સુધી પહોંચી હતી ત્યારે રસ્તે ઠેર ઠેર ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. વ્યાસપીઠ પરથી શાસ્ત્રીશ્રી પ્રફુલકૃષ્ણ એસ. જોષી (નખત્રાણા વાળા) પોતાની મધુર, ઓજસ્વી અને ભાવવાહી વાણીમાં કથામૃતનું રસપાન કરાવી રહ્યા છે, જ્યારે કથાના આચાર્યશ્રી તરીકે શાસ્ત્રીશ્રી નિલેશ મહારાજ (નાના ભાડિયા વાળા) સેવા આપી રહ્યા છે, કથાના મુખ્ય પોથીના યજમાન તરીકે શ્રી હરિલાલ માવજીભાઈ પિત્રોડા (લોહાર) - નખત્રાણા રહ્યા છે. દરરોજ બપોરે ૩:૩૦ થી ૬:૩૦ સુધી ચાલનારી કથામાં તા. ૧૫-૧૧ના રોજ શિવ ચરિત્ર, તા. ૧૬-૧૧ના રોજ નરસિંહ પ્રાગટ્ય તથા વામન જન્મોત્સવ, તા. ૧૭-૧૧ના રોજ રામ જન્મોત્સવ , કૃષ્ણ જન્મોત્સવ, તા. ૧૮-૧૧ ના રોજ શ્રી ગોવર્ધન પૂજા અને ૫૬ ભોગ, તા. ૧૯-૧૧ ના રોજ રૂક્ષ્મણી વિવાહ , તા. ૨૦-૧૧ના રોજ સુદામા ચરિત્ર સાથે કથા વિરામ પામશે. તા. ૨૧-૧૧ ના રોજ સવારે ૮:૦૦ કલાકે નારાયણ યજ્ઞ યોજાશે.આ પાવન અવસરે પધારેલ સાધુ સંતોશ્રી તથા આમંત્રિત મહેમાનોના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું,ગોપી મહિલા મંડળ દ્વારા તમામ ધર્મપ્રેમી ભાઈઓ-બહેનોને સહપરિવાર કથા શ્રવણનો લાભ લેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



ભગવાન બિરસા મુંડાની પ્રતિમાનું અનાવરણ

દાંતા ખાતે કેબિનેટ મંત્રી ઋષિકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાના 'જનજાતીય ગૌરવ દિવસ'ની ઉજવણી કરાઈ

(એજન્સી) પાલનપુર | તા.15

આદિવાસી સમાજના ગૌરવપૂર્ણ ઈતિહાસ અને રાષ્ટ્રનિર્માણમાં તેઓના અનન્ય યોગદાનને જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે દર વર્ષે તા. ૧૫મી નવેમ્બરે સમગ્ર દેશમાં "જનજાતીય ગૌરવ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. જે અંતર્ગત આજરોજ કેબિનેટ મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને આદર્શ નિવાસી શાળા, દાંતા ખાતે જિલ્લા કક્ષાના જનજાતીય ગૌરવ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં મંત્રીશ્રી અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં દાંતા હેલિપેડથી લઈને કુમાર શાળા, દાંતા સુધી ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. આ પ્રસંગે મંત્રીશ્રીના હસ્તે ભગવાન બિરસા મુંડાની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું તથા લાભાર્થીઓને વિવિધ સહાય યોજનાઓના લાભોનું વિતરણ કરાયું હતું. જેમાં આદિજાતિ સમાજના સરકારી નોકરી મેળવનાર યુવાનો, રમતગમત ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ તથા સ્વ-સહાય જૂથની મહિલાઓને મંત્રીશ્રી દ્વારા પ્રશસ્તિ પત્ર આપીને



સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, મંત્રીશ્રીના હસ્તે મકાન સહાય, કુંવરબાઈનું મામેરું, IDDP સહાય, મંડપ સહાય અને ગુજરાત ટ્રાયબલ ડેવલપમેન્ટ યોજનાઓ અંતર્ગત લાભાર્થીઓને સહાયના ચેક વિતરણ કરાયા હતા. કાર્યક્રમ દરમિયાન આદિજાતિ વિકાસ વિભાગની યોજનાઓ અને સિદ્ધિઓની ઝાંખી દર્શાવતી ફિલ્મનું નિદર્શન કરાયું હતું તથા ઉપસ્થિત સૌ કોઈએ નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રીય કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.આ પ્રસંગે મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં આદિવાસી સમાજે જંગલ, જળ, વન્યજીવો અને પ્રકૃતિનું જતન કર્યું છે. આવા પ્રકૃતિપ્રેમી સમાજને વિકાસની મુખ્ય ધારામાં જોડવા માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી જ અનેક પહેલો શરૂ કરી હતી. અંબાજીથી ઉમરગામ સુધીના અંતરિયાળ અને ડુંગરાળ વિસ્તારોમાં વસતા આદિવાસી સમાજની સમસ્યાઓ સમજીને ત્યાં પાણી, રહેઠાણ, વીજળી, રસ્તા અને શિક્ષણની સુવિધાઓ પહોંચાડવાની શરૂઆત ગુજરાતથી થઈ હતી. મંત્રીશ્રીએ જણાવ્યું કે શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા બાદ તેમણે 'વનબંધુ કલ્યાણ યોજના' હેઠળ કરોડો રૂપિયાના ખર્ચે આદિવાસી સમાજના જીવનધોરણને ઊંચું લાવવાનું ભગીરથ કાર્ય કર્યું છે, જેના પરિણામે આજે આદિવાસી સમાજના યુવાનો રમતગમતથી લઈને ઉચ્ચ સરકારી હોદ્દાઓ, ડોક્ટર, પ્રોફેસર અને પાયલોટ બનીને દેશ-વિદેશમાં નામ રોશન કરી રહ્યા છે. મંત્રીશ્રીએ ભગવાન બિરસા મુંડાના જીવન અને યોગદાનને યાદ કરતા જણાવ્યું હતું કે, ૧૮૭૫માં ઝારખંડમાં જન્મેલા ભગવાન બિરસા મુંડાએ માત્ર ૨૫ વર્ષની ટૂંકી આયુમાં અંગ્રેજોની ગુલામી સામે આઝાદીનો બુલંદ અવાજ ઉઠાવ્યો હતો અને સમાજને નવી દિશા આપી હતી.

અખિલ ભારતીય કોળી સમાજે રજનીકાંત જયંતિભાઈ બારિયાને છોટાઉદેપુર જિલ્લા યુવા પ્રમુખ તરીકે નિયુક્ત

કમલેશ પટેલ. સંખેડા

અખિલ ભારતીય કોળી સમાજે રજનીકાંત જયંતિભાઈ બારિયાને છોટાઉદેપુર જિલ્લા યુવા પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા છે. ગુજરાત પ્રદેશ યુવા પ્રમુખ દિવ્યેશભાઈ એમ. ચાવડાએ તેમની નિમણૂક કરી છે.સમાજના ગુજરાત પ્રદેશ પ્રમુખ હિરાભાઈ સોલંકી અને યુવા પ્રમુખ દિવ્યેશભાઈ ચાવડાના માર્ગદર્શન હેઠળ સંગઠનને મજબૂત કરવા આ નિમણૂક કરવામાં આવી છે. બારિયાની સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે કામગીરીને ધ્યાનમાં રાખીને તેમને જવાબદારી સોંપવામાં આવી છે.રજનીકાંત બારિયા મૂળ છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના રતનપુર (કામરાજ) ગામના વતની છે. તેઓ લાંબા સમયથી સમાજ સાથે જોડાયેલા છે અને સામાજિક તથા શૈક્ષણિક ક્ષેત્રે સક્રિય છે.અખિલ ભારતીય યુવા કોળી સમાજ, ગુજરાત રાજ્યની ટીમે તેમને શુભેચ્છા પાઠવી છે. સમાજના વિકાસ, સામાજિક અને શૈક્ષણિક કામો તેમજ સંગઠનના વિકાસ માટે તેઓ સક્રિય રીતે કામ કરશે તેવી અપેક્ષા વ્યક્ત કરી છે.નિમણૂકના સમાચાર બાદ સમાજના આગેવાનો, યુવાનો અને કાર્યકરોએ રજનીકાંત બારિયાને અભિનંદન પાઠવ્યા અને તેમના કાર્યકાળ માટે શુભેચ્છા વ્યક્ત કરી.



નખત્રાણામાં ભાગવત કથાના અમૃતમય શ્રવણથી ભક્તિમય બન્યું વાતાવરણ

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા ખાતે ગોપી મહિલા મંડળ દ્વારા વાળંદ સમાજવાડી, નવાવાસ ખાતે આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં અબડાસાના ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહજી જાડેજા તથા નખત્રાણા તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ શ્રી મુકેશભાઈ એલ. રાણવાએ ઉપસ્થિત રહી કથાનું શ્રવણ કરી ધર્મલાભ પ્રાપ્ત કર્યો હતો.

આ પ્રસંગે કથાવક્તા શાસ્ત્રીશ્રી પ્રફુલકૃષ્ણ એસ. જોષીજીના મુખેથી ભાગવત કથાનું રસપાન કરી ઉપસ્થિત સૌએ ભક્તિ અને આધ્યાત્મિકતાનો આનંદ માણ્યો હતો.

આ પ્રસંગે મુકેશભાઈ રાણવાએ જણાવ્યું હતું કે, શ્રીમદ્ ભાગવત કથા માનવજીવનમાં સદાચાર, સંસ્કાર, ભક્તિ



અને સન્માર્ગની પ્રેરણા આપતું પવિત્ર માધ્યમ છે. આવા ધાર્મિક આયોજનો સમાજમાં એકતા, સંસ્કાર અને આધ્યાત્મિક ભાવનાને વધુ મજબૂત બનાવે છે.આ પાવન ધાર્મિક જ્ઞાનયજ્ઞના સુંદર આયોજન બદલ ગોપી મહિલા મંડળને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં.

રજાક રાયમાની રજૂઆત રંગ લાવી! પાનધ્રો PHCમાં આરોગ્ય સુવિધાઓ શરૂ થતાં ગરીબ પરિવારોને મોટી રાહત

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

પાનધ્રો ગ્રામ પંચાયત સહિત આસપાસનાં ગામોના ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને સારી આરોગ્ય સુવિધાઓ સ્થાનિક સ્તરે મળી રહે તે હેતુથી રજાક રાયમા અને તેમની ટીમ દ્વારા સરકાર સમક્ષ કરવામાં આવેલી સતત રજૂઆતો આખરે સફળ સાબિત થઈ છે.તેમની મહેનત અને રજૂઆતોના પરિણામે પાનધ્રો પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) ખાતે વિવિધ પ્રકારનાં ઈન્જેક્શન તેમજ બોટલ (IV) ચઢાવવાની સુવિધાઓ શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત આરોગ્ય કેન્દ્રમાં સાફ-સફાઈ અને સ્વચ્છતા જળવાઈ રહે તે દિશામાં પણ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.આ સુવિધાઓ શરૂ થતાં પાનધ્રો સહિત આસપાસનાં ગામોના ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને પોતાના વિસ્તારમાં જ જરૂરી સારવાર અને આરોગ્ય સેવાઓનો લાભ મળશે. દૂરના સ્થળોએ સારવાર માટે જવાની મુશ્કેલી અને ખર્ચમાંથી પણ રાહત મળશે.જનસેવા અને લોકહિતના કાર્યમાં રજાક રાયમા તથા તેમની ટીમે કરેલા પ્રયાસો સરાહનીય છે. લોકોની જરૂરિયાતને વાચા આપી તેને પરિણામ સુધી પહોંચાડવી એ સાચી લોકસેવાનું ઉદાહરણ છે.સતત પ્રયત્નો સફળ થાય ત્યારે જ જનતાને સુવિધાનો લાભ મળે છે. સત્યમેવ જયતે

લોકાર્પણ-ખાતમુહૂર્ત અને લાભાર્થીઓને સહાય વિતરણ

દાહોદ જિલ્લાના લીમખેડા ખાતે ભગવાન શ્રી બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે 'જનજાતિય ગૌરવ દિવસ'ની ભવ્ય ઉજવણી

દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના મોટા હાથીધરા ખાતે આવેલા શ્રી હસ્તેશ્વર સ્કૂલના મેદાનમાં ભગવાન શ્રી બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે 'જનજાતિય ગૌરવ દિવસ'ની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. આ કાર્યક્રમ ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષશ્રી જગદીશ વિશ્વકર્માની અધ્યક્ષતામાં દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.જગદીશ વિશ્વકર્મા દ્વારા લીમખેડા ખાતે ભગવાન બિરસા મુંડા ચોક ખાતે ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને માલ્યાર્પણ કરી ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ ઉપરાંત, જનજાતિય ગૌરવ પખવાડિયા નિમિત્તે સરકારી યોજનાઓની લોકઉપયોગી માહિતી આપતા એક્ઝિબિશનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું અને શબરી બૂથની મુલાકાત લઈ ઉપસ્થિતોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી દ્વારા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશ વિશ્વકર્માનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આદિવાસી સમાજના પરંપરાગત લોકનૃત્યો અને વાજિંત્રોની પ્રસ્તુતિએ વિશેષ આકર્ષણ જમાવ્યું હતું. અતિથિ વિશેષો દ્વારા સ્વાગતમાં પ્રાપ્ત



થયેલા પુસ્તકો શ્રી હસ્તેશ્વર સ્કૂલ, લીમખેડાના વિદ્યાર્થીઓને વિતરણ કરવામાં આવ્યા હતા. પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડા દ્વારા આપવામાં આવેલા વિચારો અને વિરાસતને સાચવીને ભવિષ્યની પેઢી સુધી પહોંચાડવી અને તેની જાળવણી કરવી એ આપણી સૌની નૈતિક જવાબદારી છે.સાંસદશ્રી જસવંતસિંહ ભાભોરે દેશની આદિવાસી સમાજના ગૌરવશાળી ઈતિહાસ પર પ્રકાશ પાડ્યો હતો. આ અવસરે, ઉપસ્થિત તમામ મહાનુભાવો અને નાગરિકોએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા આદિવાસી બંધુઓને આપવામાં આવેલા સંબોધનને લાઈવ નિહાળ્યું હતું.કાર્યક્રમ દરમિયાન આદિજાતિ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ હેઠળ લાઇબ્રેરીનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સાથે જ, વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને સહાયનું વિતરણ કરાયું હતું અને ફોરેસ્ટ રાઇટ્સ એક્ટ (FRA) ૨૦૦૬ અંતર્ગત પાત્રતા ધરાવતા લાભાર્થીઓને જંગલની જમીનના હક-અધિકાર પત્રો સોંપવામાં આવ્યા હતા.

જૂનાગઢમા ગાંધીગ્રામ ખાતે નિર્માણાધીન અંધ માતા વૃદ્ધાશ્રમ ભવનમાં સત્યમ સેવા યુવક મંડળ દ્વારા ભવ્ય સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ તા.15.

જૂનાગઢની સેવાભાવી સંસ્થા સત્યમ સેવા યુવક મંડળ દ્વારા તારીખ 12/11/2026ને, ગુરુવારના રોજ જૂનાગઢ શહેરમાં ગાંધીગ્રામ વિસ્તારમાં નિર્માણાધીન અંધ માતા વૃદ્ધાશ્રમ ભવનના પ્રાંગણમાં દાતાશ્રીઓ, સેવાભાવી ભાઈઓ- બહેનો અને શુભેચ્છકોનો સ્નેહ મિલન નો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સંસ્થાના નવા ભવનના ભૂમિના દાતાશ્રીમતી ભારતીબેન દેવાણી સહિત અનેક દાતાશ્રીઓ, મહાનુભાવો, સમાજ સેવકો અને સેવાભાવી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમમાં લોક સાહિત્યકારશ્રી અમુદાનભાઈ ગઢવી, સુધીરભાઈ ડાભી, મનમિતભેન ડાભી, કે.બી. સંઘવી, કે.ડી. પંડ્યા, જી.પી.કાઠી, ડૉ.પાર્થ ગણાત્રા, ગૌરાંગભાઈ રૂપારેલીયા, સુશીલાબેન શાહ, મુકુંદભાઈ પુરોહિત, મેણનભાઈ ડાંગર, અભયભાઈ ચોકસી, સંતોષબેન મુદ્રા,



નરસિંહભાઈ વાઘેલા, બટુક બાપુ, અમુભાઈ કારિયા, પ્રો.પી.વી. ઉનડકટ, કે.એસ.પરમાર, જયશ્રીબેન કેસરિયા, હરેશભાઈ પરસાણા, યતીનભાઈ કારિયા, અશોકભાઈ મગનાની, આશિષભાઈ રાવલ, કૈલાશપુરી બાપુ, નીલમબેન પરમાર, જયાબેન પરમાર, દયાબેન માણેક, ભરતભાઈ રાવલ, હરસુખભાઈ વઘાસિયા, દીપકભાઈ રૂપારેલીયા, આદ્યશક્તિબેન મજમુદાર, હરજીવનભાઈ ગોપાણી, તુલસીદાસ બાપુ, હરસુખભાઈ ત્રિવેદી સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના નિર્માણાધીન અંધમાતૃ વૃદ્ધાશ્રમ ભવનના સેવાકીય સંકલ્પ અને ભવિષ્યની પ્રવૃત્તિઓ અંગે સૌએ હર્ષ અને આનંદની લાગણી વ્યક્ત કરી હતી. વડીલોને સ્નેહ, હૂંફ, સન્માન અને સુવિધાયુક્ત નિવાસ મળી રહે તેવા ઉમદા હેતુથી હાથ ધરવામાં આવેલ આ સેવાકાર્યને ઉપસ્થિત સૌએ બિરદાવ્યું હતું.આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખશ્રી મનસુખભાઈ વાજા, અરવિંદભાઈ મારડિયા, અલ્પેશ પરમાર, શાંતાબેન બેસ, મુકેશગીરી મેઘનાથી, દેવીદાસ નેણસણી, ચંપકભાઈ જેઠવા, પ્રવીણભાઈ જોશી, મનહરસિંહ ઝાલા, વર્ષાબેન બોરીચાગર, રાજેન્દ્રભાઈ ચુડાસમા, રાજભાઈ શુક્લ, કમલેશભાઈ ટાંક સહિત સંસ્થાના કાર્યકરો અને સેવાભાવી સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

તાલુકા પંચાયત સભ્ય સલીમભાઈ મુસાભાઈ જીયેજાની સાદગીભરી જીવનશૈલીની તસવીર બની ચર્ચાનો વિષય

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

આજના સમયમાં જાહેર જીવનમાં હોદ્દો અને પ્રતિષ્ઠા મળ્યા બાદ ઘણા લોકોની જીવનશૈલીમાં બદલાવ જોવા મળતો હોય છે, પરંતુ સાચી ઓળખ તો પોતાની સાદગી અને સંસ્કારો જાળવી રાખવામાં છે. તાલુકા પંચાયતના સભ્ય સલીમભાઈ મુસાભાઈ જીયેજાની એક તસવીર ગ્રામ્ય જીવનની આવી જ સુંદર ઝલક રજૂ કરે છે. તસવીરમાં સલીમભાઈ જીયેજા કોઈ ઔપચારિકતા કે દેખાડા વગર પોતાના પશુની દૂધ દોહવાની પરંપરાગત કામગીરી કરતા નજરે પડે છે. આ દૃશ્ય ગામડાના જીવનની સાદગી, પશુપ્રેમ અને મહેનતની સંસ્કૃતિને ઉજાગર કરે છે.જાહેર જીવનમાં લોકપ્રતિનિધિ તરીકેની જવાબદારી નિભાવવાની સાથે પોતાની મૂળ ગામઠી જીવનશૈલી સાથે જોડાયેલા રહેવું એ તેમની આ તસવીરની વિશેષતા છે. ગામડાની માટી સાથેનો લગાવ અને પરંપરાગત જીવનશૈલી પ્રત્યેનો આદર તસવીર દ્વારા વ્યક્ત થતો જોવા મળે છે.

'સોમનાથ સ્વાભિમાન પર્વ' વર્ષની ઉજવણી પ્રસંગે

પૂજ્ય મોરારી બાપુશ્રીના મુખે સોમનાથ મહાદેવ ના સાનિધ્યમાં 'માનસ' રામકથાનો મંગલમય પ્રારંભ

| નરેન્દ્ર દવે જૂનાગઢ તા.15 .

પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવ ના પાવન સાનિધ્યમાં ભવ્ય 'સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી થઈ રહી છે. આ પર્વ અંતર્ગત દેશભરમાંથી પૂજ્ય સંતો-મહંતો અને કથાકારો સોમનાથ દાદાના દર્શનાર્થે આવી રહ્યા છે. આજરોજ ભારતીય આધ્યાત્મિકતા, સાંસ્કૃતિક વિરાસત તેમજ રાષ્ટ્રીય એકતા અને સામાજિક સમરસતાના ઉદાત્ત હેતુ સાથે નીકળેલી 'ભારત સ્વસ્તિક યાત્રા'નું સોમનાથ તીર્થધામ ખાતે પાવન આગમન થયું હતું. રામકથાના પ્રારંભ પૂર્વે પૂજ્ય મોરારીબાપુએ હરિહર તીર્થ સ્થિત દેહોત્સર્ગ ભૂમિ જેનો ઉલ્લેખ મહાભારત અને સ્કંદ પુરાણમાં છે, જ્યાથી ભગવાન શ્રીકૃષ્ણ ચંદ્ર પરમાત્મા એ વૈકુંઠ પ્રયાણ કરેલુ, તેઓની પવિત્ર ચરણ પાદુકાનું ભાવપૂર્વક પૂજન અને



અભિષેક કર્યો હતા. ત્યારબાદ પૂજ્ય બાપુ દેવાધિદેવ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં પહોંચ્યા હતા, જ્યાં મહાદેવને જળાભિષેક કરી, શ્રીચરણોમાં પાવન પોથીજી અર્પણ કર્યા બાદ વિધિવત રીતે મંગલમય રામકથાનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

દિવાળી 2026-ઉપરકોટ કિલ્લા માં દિવાળી વેકેશન દરમિયાન પ્રવાસીઓનો ભારે ધસારો

નરેન્દ્ર દવે જૂનાગઢ તા.15.

દર વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળીના વેકેશન દરમિયાન જૂનાગઢના ઐતિહાસિક ઉપરકોટ કિલ્લામાં પ્રવાસીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. ગુજરાત ઉપરાંત ભારતનાં વિવિધ રાજ્યો અને વિદેશમાંથી પણ મોટી સંખ્યા માં પ્રવાસીઓ ઉપરકોટની મુલાકાતે આવી રહ્યા છે. આ વર્ષે ખાસ કરીને કિલ્લામાં ઉમેરવામાં આવેલા નવા આકર્ષણો, લાઇટ એન્ડ સાઉન્ડ શો, વાઇલ્ડલાઇફ ફોટોગ્રાફી પ્રદર્શન અને પ્રવાસીઓ માટે ઊભી કરવામાં આવેલી નવી સુવિધાઓ મુલાકાતીઓમાં ખૂબ લોકપ્રિય બની રહી છે. આ દિવાળીના વેકેશનનું સૌથી મોટું આકર્ષણ ઉપરકોટ કિલ્લામાં દરરોજ સાંજે 7 વાગ્યે યોજાતો લાઇટ એન્ડ સાઉન્ડ શો છે. આ શો દ્વારા પ્રવાસીઓને જાણે કે 2300 વર્ષ જૂના ઈતિહાસની સફર કરવાનો અવસર મળી રહ્યો છે. શો નિહાળ્યા બાદ પ્રવાસીઓને એવી અનુભૂતિ થાય છે કે જાણે તેઓ માત્ર ઇતિહાસ સાંભળીને નહીં, પરંતુ તે ઇતિહાસને પોતાની નજર સમક્ષ જીવંત બનતો જોઈને આવ્યા હોય. આ લાઇટ એન્ડ સાઉન્ડ શોમાં જૂનાગઢ અને સમગ્ર સૌરાષ્ટ્રના ગૌરવશાળી ઇતિહાસને આવરી લેવામાં આવ્યો છે. જેમાં રા' નવઘણના શાસનકાળથી લઈને સમ્રાટ અશોક અને ચંદ્રગુપ્ત મૌર્ય જેવા ઐતિહાસિક પાત્રોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ઉપરકોટ કિલ્લા પર થયેલી બાર વર્ષ લાંબી ઘેરાબંધી અને તે પછીની ઐતિહાસિક ઘટનાઓને પણ રસપ્રદ રીતે રજૂ કરવામાં આવી છે. ઇતિહાસ, ટેક્નોલોજી અને કલાના સમન્વયથી તૈયાર થયેલો આ શો પ્રવાસીઓ માટે યાદગાર અનુભવ બની રહ્યો છે. પ્રવાસીઓના આનંદ માં વધારો કરવા માટે આ વખતે કિલ્લામાં નવી ગોલ્ફ કાર્ટની પણ સુવિધા ઉમેરવામાં આવી છે. ખાસ કરીને વૃદ્ધો, બાળકો અને લાંબું ચાલી ન શકતા પ્રવાસીઓ માટે આ

અમેરિકાના રાજકારણમાં નવો ભૂકંપ

ટ્રમ્પ સામે NVIDIA ના શેર્સમાં ઈનસાઈડર ટ્રેડિંગ કરીને અબજોની કમાણી કરવાનો આરોપ

(એજન્સી) નવી દિલ્હી | તા.15



અમેરિકાના રાજકારણ અને ગ્લોબલ ટેક્નોલોજી વર્લ્ડમાં એક અત્યંત સનસનાટીપૂર્ણ ખુલાસો સામે આવ્યો છે. એનવિડિયા (NVIDIA) ના ચાઈના કનેક્શન અને સીઈઓ જેન્સન હુઆંગના રાજીનામાના વિવાદ વચ્ચે હવે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પોતે જંગી શેર ખરીદીના મામલે ઘેરાયા છે. દાવો કરવામાં આવ્યો છે કે ટ્રમ્પે ચીનને લઈને એડવાન્સ્ડ એઆઈ (AI) ચિપ એક્સપોર્ટ પરનો બૅન હટાવવાના ઠીક એક દિવસ પહેલાં એનવિડિયા કંપનીના મિલિયન ડોલર્સ (લાખો ડોલર) ના શેરો ખરીદ્યા હતા.

એન્ટી-કરપ્શન ગ્રૂપ 'ડીક્લેપ્ટોક્રેસી' ના પબ્લિક ફાઈનાન્શિયલ ડિસ્ક્લોઝર એનાલિસિસ અને 'ધ ગાર્ડિયન' ના અહેવાલ મુજબ, આ વ્યવહાર મે 2025 માં થયો હતો. ટ્રમ્પે બાઈડન શાસનકાળના એવા નિયમો (AI ડિફ્યુઝન ફ્રેમવર્ક) ને રદ્દ કર્યા હતા જે રાષ્ટ્રીય સુરક્ષાના આધારે એનવિડિયાને ચીન જેવા દેશોમાં એડવાન્સ્ડ ચિપ્સ વેચતા રોકતા હતા. ટ્રમ્પ તંત્રના આ નીતિગત નિર્ણય બાદ તરત જ એનવિડિયાના શેરોમાં ઉછાળો આવ્યો હતો, જેનાથી કંપની માટે ચીનનો મોટો બજાર ફરી ખુલી ગયો હતો.

આટલું જ નહીં, રિવ્યૂ રિપોર્ટમાં વધુ એક ચોંકાવનારી બાબત સામે આવી છે. ડિસેમ્બર 2025 માં ટ્રમ્પે ફરી 50 લાખ ડોલર (5 મિલિયન ડૉલર) કે તેથી વધુ રકમના એનવિડિયા શેરો ખરીદ્યા હતા. આ ખરીદી એવા સમયે થઈ હતી જ્યારે ટ્રમ્પ સરકારે ચીનને નવી H200 ચિપ્સ સપ્લાય કરવા માટે મંજૂરી આપી હતી. રિપોર્ટ અનુસાર, ટ્રમ્પે 2025 દરમિયાન AI સંબંધિત 68 કંપનીઓમાં રોકાણ કર્યું હતું, જેમાં એકલી એનવિડિયામાં જ 53 ટ્રેડ અને એપલ, માઈક્રોસોફ્ટ જેવી ટેક કંપનીઓનો સમાવેશ થાય છે. આ સનસનાટીપૂર્ણ ખુલાસા બાદ અમેરિકાની સંસદ (કેપિટલ હિલ) માં ભારે હોબાળો મચ્યો છે. ડેમોક્રેટિક સાંસદોએ આ ટ્રેડિંગ સમય અને 'કોન્ફ્લિક્ટ ઓફ ઈન્ટરેસ્ટ' (હિતોના ટકરાવ) અંગે સત્તાવાર તપાસની માગ કરી છે. બીજી તરફ, પ્રમુખ ટ્રમ્પના સલાહકારોએ તમામ આરોપોને ફગાવતા સ્પષ્ટતા કરી છે કે આ તમામ નાણાકીય ટ્રાન્ઝેક્શન્સ સંપૂર્ણપણે ઓટોમેટેડ ઈન્વેસ્ટમેન્ટ પોર્ટફોલિયો દ્વારા થયા હતા.

નોંધનીય છે કે, વ્હાઈટ હાઉસ અને એનવિડિયાના ભૂતપૂર્વ સીઈઓ જેન્સન હુઆંગ વચ્ચેના સંબંધો પહેલેથી જ ચર્ચામાં રહ્યા છે. હુઆંગે તાજેતરમાં જ ચીની ઈન્ટેલિજન્સ એજન્ટ સાથેના કથિત સંબંધોના વિવાદ વચ્ચે પોતાના પદ પરથી રાજીનામું આપવું પડ્યું હતું. વધુમાં, એનવિડિયા કંપનીએ ઓક્ટોબર 2025 માં વાઈટ હાઉસના બોલરૂમ પ્રોજેક્ટ માટે 25 મિલિયન ડૉલરનું યોગદાન પણ આપ્યું હતું, જેના કારણે સમગ્ર મામલે હવે રાજકીય ગરમાવો આવી ગયો છે.

Asgard Alcobev (એસ્ગાર્ડ આલ્કોબેવ) નો Q2 નફો વધીને ₹2.55 કરોડ થયો

બ્રુઈંગ (દારૂ ઉત્પાદન) વ્યવસાયમાં વેગ આવતા આવક બમણી થઈને ₹48.93 કરોડ પર પહોંચી

મુંબઈ: Asgard Alcobev Limited (એસ્ગાર્ડ આલ્કોબેવ લિમિટેડ) એ નાણાકીય વર્ષ 2027 (FY27) ના બીજા ત્રિમાસિક ગાળા માટે તેની સંયુક્ત આવક અને નફાકારકતામાં નોંધપાત્ર વધારો નોંધાવ્યો છે. કંપનીના બ્રુઈંગ વ્યવસાયમાં પ્રવેશ બાદ ઉત્પાદન કાર્યક્ષમતામાં સુધારો અને ક્ષમતાના વધુ સારા ઉપયોગને કારણે આ પરિણામો પ્રાપ્ત થયા છે.જુલાઈ-સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળા દરમિયાન, કામગીરીમાંથી થતી આવક વાર્ષિક ધોરણે 102.84% વધીને 48.93 કરોડ થઈ છે, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં 24.12 કરોડ હતી. કંપનીનો સંયુક્ત ચોખ્ખો નફો (Net Profit) એક વર્ષ અગાઉના 16.95 લાખથી વધીને 2.55 કરોડ થયો છે, જે 1,402.30% નો વૃદ્ધિ દર દર્શાવે છે. જોકે, આ વાર્ષિક તુલના કંપની દ્વારા ફેબ્રુઆરી 2026માં CMJ Breweries (સીએમજે બ્રુઅરીઝ) માં નિયંત્રિત હિસ્સો (controlling stake) હસ્તગત કર્યા બાદ બ્રુઈંગ વ્યવસાયમાં થયેલા પરિવર્તનને પ્રતિબિંબિત કરે છે. નફાકારકતામાં સુધારો : નાણાકીય વર્ષ 2027ના પ્રથમ ત્રિમાસિક ગાળા (Q1) માં 53.04 કરોડની આવક હતી, જેની સરખામણીમાં બીજા ત્રિમાસિક ગાળામાં આવક 7.75% ઘટી હોવા છતાં, કંપનીએ તેની ઓપરેટિંગ નફાકારકતામાં નોંધપાત્ર સુધારો નોંધાવ્યો છે. EBITDA (ઈબીઆઈટીડીએ) ત્રિમાસિક ધોરણે 42.31% વધીને 5.15 કરોડથી 7.33 કરોડ થયો છે. EBITDA માર્જિન અગાઉના ત્રિમાસિક ગાળાના 9.71% થી વધીને 14.98% (527 બેસિસ પોઈન્ટનો વધારો) થયું છે. ચોખ્ખા નફામાં પણ અગાઉના ત્રિમાસિક ગાળાના 1.69 કરોડની સરખામણીમાં 50.48% નો વધારો જોવા મળ્યો છે, જે સુધારેલી કાર્યકારી કાર્યક્ષમતા અને ખર્ચના શ્રેષ્ઠ વ્યવસ્થાપન (cost optimisation) ને દર્શાવે છે. ઉત્પાદનમાં વધારો : કંપનીના બ્રુઈંગ વ્યવસાયમાં આ ત્રિમાસિક ગાળા દરમિયાન ઉત્પાદન જથ્થામાં વધારો નોંધાયો છે. કુલ ઉત્પાદન ત્રિમાસિક ધોરણે 18.6% વધીને 13.82 લાખ કેસ થયું છે, જ્યારે માલના રવાના (dispatches) માં 14% નો વધારો થઈને તે 13.58 લાખ કેસ પર પહોંચ્યું છે. ઉત્પાદન ક્ષમતાનો ઉપયોગ (Capacity utilisation) અગાઉના ત્રિમાસિક ગાળાના 63.1% થી સુધરીને 78.6% થયો છે. કેનવાળી બીયરનું ઉત્પાદન ૬૭.૭% વધીને ૪.૯૯ લાખ કેસ થયું છે, જે કુલ ઉત્પાદનના ૩૬.૧% હિસ્સો ધરાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૭ (FY27) ના પ્રથમ છ મહિના માટે, કંપનીની એકીકૃત આવક ૧૦૧.૯૬ કરોડ રહી છે, જ્યારે EBITDA ૧૨.૪૮ કરોડ અને ચોખ્ખો નફો ૪.૨૪ કરોડ નોંધાયો છે. વિસ્તરણ યોજનાઓ : Asgard Alcobev માર્ચ ૨૦૨૭ સુધીમાં તેની વાર્ષિક ઉત્પાદન ક્ષમતાને ૮.૪ મિલિયન કેસથી વધારીને ૧૦.૮ મિલિયન કેસ કરવાની યોજના ધરાવે છે, જે લગભગ ૨૮.૬% નો વધારો દર્શાવે છે. કંપની તેના વર્તમાન ઉત્તર-પૂર્વીય અને પૂર્વીય ભારતના બજારોની બહાર પણ વિસ્તરણ કરવાની તકો તપાસી રહી છે.મેનેજિંગ ડિરેક્ટર રોનક જૈને જણાવ્યું હતું કે કંપનીની વ્યૂહરચના ક્ષમતાના મહત્તમ ઉપયોગ, ઉત્પાદન ક્ષમતાના વિસ્તરણ અને કોન્ટ્રાક્ટ મેન્યુફેક્ચરિંગ ભાગીદારીને વધુ મજબૂત કરવા પર કેન્દ્રિત રહેશે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૭ માટે ૨૪-૨૮ કરોડના EBITDA નું લક્ષ્ય રાખ્યું છે, જે ઉત્પાદન જથ્થામાં વધારો અને કાર્યકારી કાર્યક્ષમતા દ્વારા પ્રાપ્ત કરવામાં આવશે.

જેમ્સ જવેલરીની નિકાસ ઓકટોબરમાં ૩૪ ટકા વધીને ૨.૯૨ અબજ ડોલર

(એજન્સી) મુંબઈ | તા.15

ભારતના જેમ્સ અને જવેલરી ઉદ્યોગ માટે ઓકટોબર ૨૦૨૬નો મહિનો પ્રોત્સાહક રહ્યો છે. તહેવારો અને ક્રિસમસ સહિત વર્ષના અંતની રજાઓની ખરીદીની મોસમ પહેલા આંતરરાષ્ટ્રીય બજારમાંથી મજબૂત ઓર્ડરના કારણે ભારતની જેમ્સ અને જવેલરીની કુલ નિકાસમાં ગત વર્ષની સરખામણીએ ૩૪.૦૧ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે. ઓકટોબર ૨૦૨૬માં કુલ નિકાસ ૨.૯૨ અબજ અમેરિકન ડોલર (૩.૨૭,૮૬૨.૮૨ કરોડ) પર પહોંચી હતી. જ્યારે ઓકટોબર ૨૦૨૫માં આ આંક ૨.૧૮ અબજ ડોલરનો રહ્યો હતો. જેમ્સ એન્ડ જવેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (જીજેઈપીસી) ના આંકડા મુજબ, રૂપિયાની દ્રષ્ટિએ નિકાસમાં ૪૪.૭૧ ટકાની વૃદ્ધિ નોંધાઈ છે. ખાસ કરીને સોનાના દાગીના, ચાંદીના દાગીના અને લેબગ્રોન ડાયમંડની નિકાસમાં મજબૂત કામગીરી જોવા મળી છે. ઓકટોબરમાં સોનાના દાગીનાની નિકાસમાં ૪૮.૨૦ ટકા વધારો થઈને ૧.૨૬ અબજ ડોલર થઈ હતી. જેમાં સ્ટેડ્ડ ગોલ્ડ જવેલરીની નિકાસ ૬૭.૩૦ ટકા વધીને ૮૭૫.૦૨ મિલિયન ડોલર નોંધાઈ હતી. ચાંદીના દાગીનાની નિકાસમાં પણ ૫૫.૫૨ ટકાનો ઉછાળો આવ્યો હતો અને એ ૨૦૩.૮૩ મિલિયન ડોલર પર પહોંચી હતી. પોલિશ્ડ લેબગ્રોન ડાયમંડની નિકાસમાં ૮૧.૦૨ ટકાની જંગી વૃદ્ધિ થઈ છે. કટ એન્ડ પોલિશ્ડ ડાયમંડની નિકાસ પણ ૧૦.૫૦ ટકા વધી છે. જીજેઈપીસીના ચેરમેન કિરીટ ભણસાલીએ જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતીય જવેલરીની માંગ વધી રહી છે અને ઉદ્યોગ વૈશ્વિક ખરીદદારોની જરૂરિયાતો પૂરી કરવા સક્રિય છે. એપ્રિલથી ઓકટોબર ૨૦૨૬ દરમિયાન કુલ નિકાસ ૧૭.૨૨ અબજ ડોલર રહી હતી, જે ગત વર્ષ કરતાં ૭.૨૮ ટકા વધુ છે. નિકાસ બજારોમાં હોંગકોંગ, અમેરિકા અને બેલ્જિયમમાં સારી વૃદ્ધિ નોંધાઈ છે. જો કે, ભારતના સૌથી મોટા નિકાસ બજાર યુએઈમાં નિકાસ ૧૦.૨૭ ટકા ઘટી છે. ઉદ્યોગના મતે, આ વર્ષે દિવાળી નવેમ્બરમાં હોવાથી ઓકટોબરમાં ઉત્પાદન અને શિપમેન્ટ માટે વધુ સમય મળ્યો હતોય. ગત વર્ષે દિવાળી ઓકટોબરમાં હોવાથી ઉત્પાદન એકમોમાં રજાઓને કારણે કામકાજ પ્રભાવિત થયું હતું. આ ઉપરાંત ક્રિસમસ અને વર્ષાંતની ખરીદીની મોસમને કારણે ભારતીય નિકાસકારોને આગામી મહિનાઓમાં પણ સારા વેપારની આશા છે.

સતત ચોથા મહિને બેન્કિંગ ક્ષેત્રમાં ધિરાણ વૃદ્ધિનો આંક ૧૯ ટકાની ઉપર

(એજન્સી) મુંબઈ | તા.15

ઓકટોબરના અંતે સતત ચોથા મહિને બેન્કિંગ ક્ષેત્રમાં ધિરાણ વૃદ્ધિનો આંક ૧૯ ટકાની ઉપર જોવા મળ્યો છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા જારી કરાયેલા ડેટા પ્રમાણે ૩૧ ઓકટોબરના અંતે બેન્કિંગ ક્ષેત્રમાં ધિરાણ વૃદ્ધિ વાર્ષિક ધોરણે ૧૯.૫૪ ટકા રહી હતી જ્યારે આ ગાળામાં થાપણ વૃદ્ધિ મંદ પડી ૧૬.૮૬ ટકા રહેવા પામી હતી.ઓકટોબરમાં નવરાત્રી જેવા તહેવારને કારણે ધિરાણ માગ ઊંચી રહી હોવાનું એક બેન્કરે જણાવ્યુ હતું.વર્તમાન વર્ષના જુલાઈથી ધિરાણ વૃદ્ધિ સતત ૧૯ ટકાની ઉપર જોવા મળી રહી છે. બીજી બાજુ થાપણ વૃદ્ધિ જે સપ્ટેમ્બરમાં ૧૭.૮૩ ટકા સાથે દાયકાની ઊંચી



સપાટીએ રહી હતી તે ઓકટોબરમાં મંદ પડી ૧૬.૮૬ ટકા રહી છે.

થાપણની સરખામણીએ ધિરાણ વૃદ્ધિ ઊંચી રહેવાને પરિણામે બેન્કિંગ ક્ષેત્રમાં ભંડોળ ઊભા કરવાનું દબાણ રહ્યા કરે છે. જો કે તાજેતરની ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ (બેન્ક) એફસીએનઆર-બી ડીપોઝિટ સ્કીમને કારણે બેન્કોને થાપણ મોરચે રાહત રહી છે.

૩૧ ઓકટોબરના અંતે બેન્કિંગ વ્યવસ્થામાં બાકી પડેલા ધિરાણનો આંક રૂપિયા ૨૩૧.૮૨ ટ્રિલિયન રહ્યો હતો જ્યારે થાપણનો આંક રૂપિયા ૨૮૨.૫૧ ટ્રિલિયન રહ્યો હતો. ઓગસ્ટના અંતે થાપણમાં ૧૭.૮૦ ટકા વૃદ્ધિ જોવા મળી હતી. એફસીએનઆર-બી ડીપોઝિટ સ્કીમને કારણે થયેલા ઈન્ફ્લોસથી બેન્કો માટે થાપણો ઊભી કરવાનો પડકાર હાલમાં હળવો થયો છે. થાપણમાં તાજેતરમાં જોવા મળેલી જંગી વૃદ્ધિને કારણે થાપણ તથા ધિરાણ વૃદ્ધિ વચ્ચેનું અંતર ઘટી ગયું છે જે વર્ષના પ્રારંભમાં પાંચ ટકા જેટલુ ઊંચે પહોંચી ગયુ હતું. એફસીએનઆર હેઠળ બેન્કિંગ વ્યવસ્થામાં ૧૨૭ અબજ ડોલરનો ઈન્ફ્લો રહ્યો હતો.

દેશની ઈલેક્ટ્રોનિક કમ્પોનન્ટ્સની નિકાસમાં ૫૭ ટકાનો વધારો



(એજન્સી) અમદાવાદ | તા.15

ભારતની ઈલેક્ટ્રોનિક્સ નિકાસ હવે માત્ર સ્માર્ટફોન પૂરતી મર્યાદિત ન રહેતા મુખ્ય ઘટકો (કમ્પોનન્ટ્સ) તરફ આગળ વધી રહી છે. પ્રિન્ટેડ સર્કિટ બોર્ડ્સ, મેમરી ઈન્ટિગ્રેટેડ સર્કિટ્સ, સોલિડ-સ્ટેટ સ્ટોરેજ ડિવાઈસીસ અને ટેલિકોમ નેટવર્કિંગ સાધનોની નિકાસમાં તીવ્ર વધારો નોંધાયો છે, જે દેશના ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ક્ષેત્રમાં થઈ રહેલા ક્રમિક વૈવિધ્યકરણનો સંકેત આપે છે.વાણિજ્ય મંત્રાલયના આંકડા મુજબ, એપ્રિલ-સપ્ટેમ્બર દરમિયાન બિન-સ્માર્ટફોન ઈલેક્ટ્રોનિક્સની નિકાસ વાર્ષિક ધોરણે ૫૬.૫% વધીને ૧૩.૭૯ અબજ ડોલર પર પહોંચી છે, જે સ્માર્ટફોનની નિકાસમાં થયેલા ૩૫.૮%ના વધારા કરતા ઘણી વધારે છે. આ સમયગાળામાં સ્માર્ટફોનની નિકાસ ૧૮.૧૭ અબજ ડોલર રહી છે.પરિણામે, ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ છ મહિનામાં ભારતની કુલ ઈલેક્ટ્રોનિક્સ નિકાસમાં બિન-સ્માર્ટફોન ઉત્પાદનોનો હિસ્સો વધીને ૪૩.૨% થયો છે, જે એક વર્ષ અગાઉ ૩૯.૭% હતો. બીજી તરફ, કુલ નિકાસમાં સ્માર્ટફોનનો હિસ્સો ૬૦.૩%થી ઘટીને ૫૬.૮% થયો છે. એપ્રિલ-સપ્ટેમ્બર દરમિયાન એકંદર ઈલેક્ટ્રોનિક્સ નિકાસ ૪૪% વધીને ૩૧.૯૭ અબજ ડોલર થઈ છે, જે ગત વર્ષના સમાન સમયગાળામાં ૨૨.૨૦ અબજ ડોલર હતી.સેમિકન્ડક્ટર સંબંધિત ઉત્પાદનો અને ડેટા સ્ટોરેજ સાધનોમાં પણ આ વિસ્તરણ જોવા મળી રહ્યું છે. મેમરી ઈન્ટિગ્રેટેડ સર્કિટ્સની નિકાસ ગત વર્ષના ૨૩ મિલિયન ડોલરથી ૨,૩૩૨% ઉછળીને ૫૬૨ મિલિયન ડોલર પર પહોંચી છે. સોલિડ-સ્ટેટ સ્ટોરેજ ડિવાઈસીસમાં ૧,૬૮૧% ની વૃદ્ધિ નોંધાઈ છે, જેની નિકાસ ૧૫ મિલિયન ડોલરથી વધીને ૨૬૧ મિલિયન ડોલર થઈ છે.

અમેરિકામાં બેરોજગારીના દાવા વધી બે લાખને આંબી ગયા

સોના-ચાંદીની ઈફેક્ટીવ ઈમ્પોર્ટ ડ્યુટીમાં થયેલો ઘટાડો: ફ્લૂડ બજાર સરપ્લસમાં

મુંબઈ : મુંબઈ ઝવેરી બજારમાં આજે શનિવારના કારણે બુલિયન બજાર સત્તાવાર બંધ રહી હતી. જો કે બંધ બજારે ચાંદીના ભાવમાં ઘટાડો આગળ વધ્યો હતો જ્યારે સોનાના ભાવ આંચકા પચાવી ફરી વધી આવ્યા હતા. વિશ્વ બજારના સમાચાર જો કે વિવિધ કિંમતી ધાતુઓના ભાવમાં વધુ ઘટાડો દર્શાવી રહ્યા હતા. ભારતમાં આયાત થતા સોના-ચાંદીની ઈમ્પોર્ટ ડ્યુટી ગણવા બેન્ચમાર્ક તરીકે વપરાતી ટેરીફ વેલ્યુમાં સરકારે ઘટાડો કર્યાના સમાચાર હતા. આના પગલે સોના-ચાંદીની ઈફેકટીવ ઈમ્પોર્ટ ડ્યુટી ઘટી હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. સોનાની ટેરીફ વેલ્યુ ૧૦ ગ્રામદીઠ ડોલરના સંદર્ભમાં ૧૨૯૫થી ઘટાડી સરકારે ૧૨૪૫ ડોલર કરી છે જ્યારે ચાંદીની ટેરીફ વેલ્યુ કિલોદીઠ ડોલરના સંદર્ભમાં ૧૭૧૧થી ઘટી ૧૬૬૩ ડોલર કરાઈ હોવાના સમાચાર હતા. દરમિયાન, વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંસના ૩૮૯૪થી ૩૮૯૫ વાળા ઘટી છેલ્લે ભાવ ૩૮૮૪થી ૩૮૮૫ ડોલર રહ્યા હતા. આજે બંધ બજારે રૂપિયા સામે ડોલરના ભાવ રૂ.૯૪.૨૪ વાળા વધુ વધી રૂ.૯૪.૩૬ થી ૯૪.૩૭ બોલાતાં રૂપિયો વધુ ગબડ્યો હતો. મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ૧૦ ગ્રામદીઠ રૂ.૩૫૦ વધી ૯૯૫ના રૂ.૧૩૫૬૦૦ તથા ૯૯૯ના રૂ.૧૩૬૨૦૦ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર કિલોદીઠ આજે વધુ રૂ.૨૩૦૦ તૂટી રૂ.૧૭૫૭૦૦ બોલાયા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં ચાંદીના ભાવ ઔંસના ૫૦.૦૫ વાળા ઘટી છેલ્લે ભાવ ૪૮.૭૪થી ૪૮.૭૫ ડોલર રહ્યા હતા.ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ નીચામાં ૧૦૩.૦૬ તથા ઉંચામાં ૧૦૩.૪૪ થઈ ૧૦૩.૪૧ છેલ્લે રહ્યો હતો.

કઠોળનો પૂરવઠો પ્રમાણસર હોવાથી ભાવ વધવાનું કારણ નહીં હોવાનો દાવો

ફુગાવો છ ટકાને પાર જતા સરકાર સફાળી જાગી

(એજન્સી) મુંબઈ | તા.15



દેશમાં ઓકટોબરનો ફુગાવો ખાસ કરીને ખાદ્ય પદાર્થનો ફુગાવો વધીને આવતા કેન્દ્ર સરકાર સફાળી જાગી ગઈ છે અને ખાદ્ય પદાર્થના ભાવમાં હજુ વધારો ન થાય તે માટે સખત પગલાં લેવાનું શરૂ કરી દીધુ હોવાનું પ્રાપ્ત માહિતી પરથી જણાય છે.ખાદ્ય પદાર્થ ખાસ કરીને અનાજકઠોળના ટ્રેડરોને સંગ્રહખોરીથી દૂર રહેવા અને સ્ટોક લિમિટ તથા સ્ટોક બાબતે માહિતી પૂરી પાડવા અપાયેલી સૂચનાનું પાલન કરવા હિસ્સેદારોને નિર્દેશ આપવામાં આવી રહ્યા હોવાનું બજારના સુત્રોએ જણાવ્યુ હતું.પ્રાપ્ત માહિતી પ્રમાણે ગ્રાહક બાબતોના મંત્રાલયના અધિકારીઓએ મોટી રિટેલ ચેઈન, પ્રોસેર્સ, આયાતકારો, સ્ટોકિસ્ટો તથા રિટેલરો સાથે સપ્તાહના અંતે બેઠક યોજી હતી.તહેવારો સમાપ્ત થઈ ગયા છે અને માગ પણ ઘટી ગઈ છે ત્યારે ખાદ્ય પદાર્થના ભાવ વધવાનું કોઈ કારણ હવે રહ્યુ નહીં હોવાનું સરકાર તરફથી બેઠકમાં સ્પષ્ટ કરાયુ હોવાનું સુત્રોએ જણાવ્યુ હતું.ખાંડ ઉદ્યોગ માટે લાગુ કરાયેલી સ્ટોક મર્યાદાનું પાલન નહીં કરવા બદલ પગલાં લેવા ઉપરાંત બીજા સખત પગલાં લેવાની ચેતવણી પણ ઉચ્ચારવામાં આવી છે.ખાદ્ય પદાર્થોના ઊંચા ભાવોને પરિણામે ભારતનો ઓકટોબરનો રિટેલ ફુગાવો વધીને ૬.૦૯ ટકા પહોંચી ગયો હતો, જે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ની છ ટકાની મહત્તમ ટાર્ગેટ મર્યાદાથી ઊંચો છે.ઓકટોબરમાં સતત નવમાં મહિને ફુગાવો વધીને આવ્યો છે. રિટેલ ફુગાવો જે જાન્યુઆરીમાં ૨.૭૪ ટકા હતો તે ઓકટોબરમાં બમણા કરતા પણ ઊંચો રહ્યો છે. ખાદ્ય પદાર્થનો ફુગાવો જે સપ્ટેમ્બરમાં ૭.૭૪ ટકા હતો તે ઓકટોબરમાં વધી ૮.૯૪ ટકા પહોંચી ગયો છે. સરકાર પાસે કઠોળનો હાલમાં પૂરતો બફર સ્ટોક છે એટલુ જ નહીં ખરીફ તથા રવી મોસમમાં કઠોળનું ઉત્પાદન સારુ રહેવાની અપેક્ષા હોવાનું પણ સરકાર તરફથી બેઠકમાં સ્પષ્ટ કરાયુ હતું.

સારો પૂરવઠો રહ્યો હોવા છતાં તહેવારો દરમિયાન ભાવમાં વધારો થયાનું સરકાર માની રહી છે. ભાવ વધારો ચાલુ રહેશે તો વધુ સ્ટોક લિમિટ લાગુ કરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી હોવાનું બેઠકમાં હાજર સુત્રોએ જણાવ્યુ હતું.૨૦૨૬-૨૭ની ખરીફ મોસમમાં તુવેરનું ઉત્પાદન ૩૫.૯૦ લાખ ટન રહેવા સરકારનો અંદાજ છે જ્યારે ઉદ્યોગ દ્વારા ૨૫ લાખ ટનની ધારણાં મૂકવામાં આવી છે. નવા અડદની આવક પણ મંડીઓમાં સારી રહી હોવાનો સરકાર દાવો કરાઈ રહ્યો છે. ભારતમાં પીળા વટાણાની નિકાસને ઝડપી બનાવવા રશિયાની સરકારને વિનંતી કરવામાં આવી હોવાનું પણ બેઠકમાં માહિતી અપાઈ હોવાનું સુત્રોએ વધુમાં જણાવ્યુ હતું. સંગ્રહખોરી પર નજર રાખવા દરેક રાજ્યોને પણ નિર્દેશ અપાયા છે.

Expiry Date અને Best Before વચ્ચે શું તફાવત છે? સામાન ખરીદતી વખતે તમે આવી ભૂલ ન કરતા

મુંબઈ : બજારમાંથી ખાવા-પીવાની ચીજવસ્તુઓ કે અન્ય ઉત્પાદનો ખરીદતી વખતે મોટાભાગના ગ્રાહકો તેની કિંમત, બ્રાન્ડ અને પેકેટ પર લખેલી તારીખ ચોક્કસ તપાસે છે. જોકે, ઘણા લોકો 'Expiry Date' (એક્સપાયરી ડેટ) અને 'Best Before'(બેસ્ટ બિફોર)ને એક જ સમજી લેતા હોય છે, જ્યારે વાસ્તવમાં આ બંને શબ્દોનો અર્થ અને ઉપયોગ તદ્દન અલગ છે. આ બંને તારીખો વચ્ચેનો સાચો તફાવત સમજવાથી તમે સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ રહી શકો છો અને ખોરાકનો બગાડ પણ અટકાવી શકો છો.

શું હોય છે Expiry Date?

Expiry Dateનો સીધો અર્થ કોઈ પણ પ્રોડક્ટનો ઉપયોગ કરવાની અંતિમ તારીખ સાથે છે: આ તારીખ વીતી ગયા બાદ ઉત્પાદક કંપની તે પ્રોડક્ટની સુરક્ષા કે ગુણવત્તાની કોઈ ગેરંટી આપતી નથી. ખાસ કરીને ખાવા-પીવાની વસ્તુઓ અને દવાઓના કિસ્સામાં એક્સપાયરી ડેટ નીકળી ગયા પછી તેનો ઉપયોગ કરવો સ્વાસ્થ્ય માટે હાનિકારક સાબિત થઈ શકે છે. ઉદાહરણ: જો તમે દૂધનું પેકેટ ખરીદ્યું છે અને તેના પર Expiry Date 15 નવેમ્બર 2026 લખી છે, તો તેનો ઉપયોગ તે તારીખ સુધીમાં જ કરી લેવો જોઈએ. ત્યારબાદ દૂધમાં બેક્ટેરિયા પેદા થવાનું અને તે બગડી જવાનું જોખમ રહે છે.

શું હોય છે Best Before?

Best Beforeનો અર્થ એ છે કે કોઈ પણ પ્રોડક્ટની સર્વશ્રેષ્ઠ ગુણવત્તા કેટલા સમય સુધી જળવાઈ રહેશે: આ તારીખ સુધી સામાનનો સ્વાદ, સુગંધ, રંગ અને ટેક્સચર સૌથી ઉત્તમ રહેવાની અપેક્ષા હોય છે. જોકે, Best Beforeની તારીખ નીકળી જવાનો અર્થ એ બિલકુલ નથી કે તે વસ્તુ તાત્કાલિક ઝેરી કે અસુરક્ષિત બની ગઈ છે.

ઉદાહરણ: જો બિસ્કિટના પેકેટ પર Best Before 15 નવેમ્બર 2026 લખ્યું હોય, તો તે તારીખ સુધી બિસ્કિટનો સ્વાદ અને ક્રિસ્પીનેસ (કડકપણું) શ્રેષ્ઠ રહેશે.

લોન પણ મળી શકે

LIC ની એવી ગજબ સ્કીમ જેમાં એકવાર રોકાણ બાદ જીવનભર કમાણી

મુંબઈ : ભારતીય જીવન વીમા નિગમ (LIC) બાળકો, યુવાનો, મહિલાઓથી લઈને વડીલો સુધીના તમામ માટે અનેક પ્લાન ઓફર કરે છે, જેમાંથી ઘણામાં ધાંસૂ રિટર્ન, તો ઘણામાં રેગ્યુલર આવકની ગેરંટી મળે છે. બીજી તરફ કેટલાક પ્લાન એવા પણ છે, જે લાઈફટાઈમ કવર સાથે રજૂ કરવામાં આવે છે. આવો જ LIC જીવન ઉત્સવ સિંગલ પ્રીમિયમ પ્લાન (LIC Jeevan Utsav Singal Premium Plan) છે, જે માત્ર એક જ વાર રોકાણ કરવા પર પોલિસી ધારકોને આજીવન વીમાની ગેરંટી આપે છે. ચાલો જાણીએ કે તેના શું-શું ફાયદા છે? LIC જીવન ઉત્સવ સિંગલ પ્રીમિયમ પ્લાન એક નોન-લિંક્ડ અને નોન-પાર્ટીસિપેટિંગ છે એટલે કે તેનું રિટર્ન શેર માર્કેટ સાથે જોડાયેલું નહીં હોય અને તેમાં અગાઉથી નક્કી કરેલા લાભ મળશે. આ પ્લાનમાં નક્કી કરેલા સમય સુધી ગેરંટીડ એડિશન પણ જોડાતા રહે છે. સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો, આ બચતની સાથે જ આખી લાઈફનું કવર આપે છે. તેમાં માત્ર એક જ વાર પ્રીમિયમ જમા કરવાનું રહેશે.LIC જીવન ઉત્સવ સિંગલ પ્રીમિયમ પ્લાનને 30 દિવસના બાળકથી લઈને 65 વર્ષની ઉંમર સુધીની વ્યક્તિ લઈ શકે છે. તેમાં ઓછામાં ઓછું બેઝિક સમ એશ્યોર્ડ 5 લાખ રૂપિયા છે, જ્યારે મેક્સિમમ માટે LICએ કોઈ મર્યાદા નક્કી કરી નથી. એટલે કે જેટલો ઈચ્છીએ તેટલો મોટો પ્લાન લઈ શકીએ છીએ. આ પ્લાનમાં ગેરંટીડ એડિશન તરીકે દરેક પોલિસી વર્ષના અંતમાં 40 રૂપિયા પ્રતિ 1,000 રૂપિયા સમ એશ્યોર્ડ જોડાય છે, જે ગેરંટીડ એડિશન સમયગાળા સુધી મળે છે.

LICની આ ધાંસૂ પોલિસીમાં ગ્રાહકને આવકના બે વિકલ્પો ઓફર કરવામાં આવે છે. જેમાં પહેલો રેગ્યુલર ઈન્કમ બેનિફિટ છે, જ્યારે બીજો ફ્લેક્સી ઈન્કમ બેનિફિટ છે. નિયમને જોઈએ તો, રેગ્યુલર ઈન્કમ બેનિફિટમાં દર વર્ષે બેઝિક સમ એશ્યોર્ડના 10% મળે છે, જે 7 થી 17 વર્ષ પછી શરૂ થાય છે. વળી, ફ્લેક્સી ઈન્કમ બેનિફિટમાં 10% આવકને અંતમાં લેવા માટે જમા કરી શકાય છે અને તેના પર LIC વાર્ષિક 5.5% કમ્પાઉન્ડિંગ વ્યાજ પણ આપે છે.

પોસ્ટ ઓફિસ યોજનાઓમાં વ્યાજ દર અને વળતર

પોસ્ટ ઓફિસ કે બેંક FD, ક્યાં પૈસા રોકવા ફાયદાકારક?

મું

તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, કારતક સુદ - 07

સોનિયા ગાંધીના પુસ્તકમાં રેહાન વાડ્રા અને મંગેતરનું પણ યોગદાન

સોનિયા ગાંધીના બહુચર્ચિત પુસ્તક 'બીલોગીંગ : અ જર્ની ઓફ લવ' પ્રકાશિત થયા પછી સતત ચર્ચામાં છે. આ પુસ્તકની રાજકીય ચર્ચા તેમજ ઐતિહાસિક વિગતો અને વિવાદો વચ્ચે એક કૌટુંબીક કનેકશન પણ બહાર આવ્યું છે. પુસ્તકમાં સોનિયા ગાંધીના દોહિત્ર રેહાન વાડ્રા અને એમની મંગેતર અવીવા બેગનું યોગદાન પણ રહ્યું છે. પુસ્તકના બેક કવર પર પ્રકાશિત થયેલી સોનિયા ગાંધીની તસવીર રેહાન વાડ્રા અને અવીવા બેગે પાડી છે. પુસ્તકના કવર પરનો ફોટો રાજીવ ગાંધીએ પાડયો હતો. આમ ગાંધી કુટુંબની બે પેઢીનો ફોટોગ્રાફીનો શોખ જોવા મળે છે. પુસ્તકના કવર પરનો ફોટો બ્લેક એન્ડ વ્હાઇટ છે જ્યારે બેક કવર પરનો ફોટો કલરમાં છે. કવર પરનો ફોટો ૧૯૬૬માં ઈટાલીના ક્યુરીન શહેરમાં રાજીવ ગાંધીએ પાડયો હતો, જ્યારે ૬૦ વર્ષ પછીનો ફોટો રેહાન અને અવીવાએ દિલ્હીમાં પાડયો હતો.કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીનો આક્ષેપ છે કે સરકાર એમના ફોન ટેપ કરી રહી છે. આ બાબતે કોંગ્રેસ અને બીજા પક્ષો વચ્ચે બયાનબાજી ચાલુ થઈ ગઈ છે. શિવસેના (એકનાથ શિંદે) ના પ્રવક્તા શાયના એનસીએ રાહુલ ગાંધીના આરોપો વિશે પ્રતિપ્રશ્ન કર્યા હતો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી એમનો ફોન શા માટે ટેપ કરાવે? એમણે રાહુલ ગાંધી પર વડાપ્રધાન મોદીને નિશાન બનાવવાનો અને મોદીની છબી ખરાબ કરવાનો આરોપ મૂક્યો હતો. બીજી તરફ કોંગ્રેસના નેતાઓએ શાયના એનસી અને ભાજપ પર શાબ્દીક હુમલો કર્યો હતો અને કહ્યું હતું કે પોતાના રાજકીય વિરોધીઓને નિશાન બનાવવા માટે મોદી તપાસ એજન્સીઓનો દુરપયોગ કરે છે. શાયનાએ એમ પણ કહ્યું હતું કે શું રાહુલ કોઈ ગુપ્ત એજન્ટ છે કે એમનો ફોન ટેપ કરવો પડે? શું રાહુલ પાસે કોઈ ખાનગી માહિતી છે?છઠ્ઠ પૂજાના પ્રસંગે દિલ્હી સરકારે ૧૬મી નવેમ્બરે તમામ સરકારી અને ખાનગી સ્કૂલોમાં રજા જાહેર કરી છે. હુકમ પ્રમાણે સોમવારે રાજધાનીની તમામ સરકારી સ્કૂલો, સરકારી સહાય પ્રાપ્ત સ્કૂલો અને માન્યતા પ્રાપ્ત ખાનગી સ્કૂલો બંધ રહેશે. આ ઉપરાંત શિક્ષણ નિયામક મંડળની તમામ સ્કૂલો પણ બંધ રહેશે. છઠ્ઠ પૂજાને દિવસે શ્રદ્ધાળુઓની ભારે ભીડને નિયંત્રણમાં રાખવા માટે ટ્રાફીક એડવાઈઝરી પણ જાહેર કરવામાં આવી છે. ઈસ્ટ, નોર્થ ઈસ્ટ અને શાહદ્રા જિલ્લાના વિવિધ તળાવો તેમજ યમુના નદીને કિનારે લાખો શ્રદ્ધાળુઓ ભેગા થવાની સંભાવના છે. કેટલાક રસ્તાઓને ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. રસ્તાની બાજુમાં કે પ્રતિબંધીત વિસ્તારમાં પાર્કિંગ કરી શકાશે નહીં.કોકરોચ જનતા પાર્ટીએ લોકોને અપીલ કરી છે કે, એસઆઈઆર પ્રક્રિયા દરમિયાન જેમના નામ મતદાર યાદીમાંથી દુર થયા હોય એમને માટે સીજેપી એક ફોર્મ બહાર પાડશે. સીજેપીએ સોશ્યલ મીડિયા એક્સ પર પોસ્ટ મૂકીને અપીલ કરી છે કે, એમનો અવાજ સાંભળવામાં આવે એ માટે એમની કોશિસ રહેશે. 'સીજેપી એ લોકોનો અવાજ બુલંદ કરશે કે જેઓ કદી સમાચારમાં ચમક્યા નથી અને એસઆઈઆરને કારણે જેમના મત ઓછો કરી નાખવામાં આવ્યા છે. જો તમે પણ એસઆઈઆરથી પ્રભાવીત થયા હો તો આ ફોર્મ ભરો. અમે તમારો અવાજ ઉપર સુધી પહોંચાડીશું.' છેલ્લા ઘણા દિવસોથી સીજેપી મુખ્ય ચૂંટણી કમિશનર અને એસઆઈઆર વિરુદ્ધ આંદોલન ચલાવી રહી છે.રાજસ્થાનમાં ઓછા વરસાદને કારણે ખેડૂતોની પરિસ્થિતિ વિકટ બની છે. ચૂરુ, જેસલમેર, જાલોર, જોધપુર, ડુંગરપુર, નાગોર, પાલી, ફલોદી, વ્યાવર, બાડમેર, બાલોતરા, બાસવાડા, બીકાનેર, રાજસમંદ, સીરોહી જિલ્લાની પરિસ્થિતિ ખૂબ વિકટ છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી અશોક ગહલોટનું કહેવું છે કે, સરકાર તરફથી ખેડૂતોને કોઈ રાહત કે મદદ મળતી નથી. સરકાર પોતાના વિવિધ કાર્યક્રમોમાં મસ્ત છે અને ખેડૂતોના હાલ બેહાલ છે. જોકે બીજી તરફ સરકારનું કહેવું છે કે સરકારે ખાસ એક્શન પ્લાન તૈયાર કર્યો છે. રાજ્ય સરકારે દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં રાહત માટે ૯૩૨૧ કરોડ રાહત ફંડની વ્યવસ્થા કરી છે. ગ્રામ્ય વિસ્તારની મહિલાઓને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવા માટે જયપુરમાં રાષ્ટ્રીય મેળો ભરાશે. આ મેળામાં આત્મનિર્ભર મહિલાઓ પોતાના ઉત્પાદનનું વેચાણ અને પ્રદર્શન કરી શકશે. કલકત્તા હાઈકોર્ટે ટીએમસીના સાંસદ અભિષેક બેનર્જીની કડક ટીકા કરી છે. હાઈકોર્ટે બેનર્જીને કહ્યું છે કે, તમે દાવો કર્યો હતો કે કેટલાક ન્યાયાધીશો ભાજપના રાજકીય દબાણમાં આવીને ઝુકી ગયા છે અને ભાજપના પક્ષમાં છે. જસ્ટીસ કૃષ્ણરાવ બેનર્જી સીક્યુરીટી કવરને ઝેડ પ્લસ કેટેગરીમાં અપગ્રેડ કરવાની અરજી પર સુનાવણી કરી રહ્યા હતા.

જામજોધપુર ખાતે જિલ્લા કક્ષાના 'જનજાતીય ગૌરવ દિવસ'ની ભવ્ય ઉજવણી કરાઈ: ધરતી આબા ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતીએ મહાનુભાવોએ આપી શ્રદ્ધાંજલિ

અન્યાય અને શોષણ સામે સમાજને સંગઠિત કરનાર ભગવાન બિરસા મુંડાના જીવન અને બલિદાન દેશ માટે પ્રેરણારૂપ-ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા

જામજોધપુરના કડવા પટેલ સમાજ ખાતે આયોજિત કાર્યક્રમમાં આદિજાતિના વિદ્યાર્થીઓનું સન્માન અને આદિવાસી સંસ્કૃતિની ઝાંખી રજૂ કરાઈ





વિશાલ જે હરવરા જામનગર

જામનગર તા.૧૫, ધરતી આબા ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે જામજોધપુરના કડવા પટેલ સમાજ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ રંજનબેન જીવાણી તથા જિલ્લા કલેક્ટર પી.બી.પંડ્યા સહિતના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં જિલ્લા કક્ષાનો 'જનજાતીય ગૌરવ દિવસ' ઉજવણી કાર્યક્રમ ભવ્યતાપૂર્વક યોજાયો હતો.

આ પ્રસંગે ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાએ અંગ્રેજ શાસનના અન્યાય અને શોષણ સામે આદિવાસી સમાજને સંગઠિત કરી પ્રકૃતિ અને જમીનના અધિકારો માટે સંઘર્ષ કર્યો હતો. તેમનું જીવન સાહસ, સ્વાભિમાન અને રાષ્ટ્રસેવાની પ્રેરણા આપે છે. જનજાતીય ગૌરવ દિવસ એ આદિવાસી સમાજના શૌર્ય, સંસ્કૃતિ અને ગૌરવશાળી વારસાને સન્માનવાનો અવસર છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ, આરોગ્ય, આવાસ અને રોજગાર ક્ષેત્રે અમલી વિવિધ યોજનાઓ આદિવાસી સમાજના સર્વાંગી વિકાસમાં મહત્ત્વપૂર્ણ બની રહી છે.

કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખ ડો.વિનુભાઈ ભંડેરીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે, ભગવાન બિરસા મુંડાનું જીવન સ્વાભિમાન, સંઘર્ષ અને સમાજસેવાની અખૂટ પ્રેરણા આપે છે. તેઓએ સમગ્ર આદિવાસી સમાજને એક કરી જળ, જમીન અને ઝાડને બચાવવા આંદોલન છેડ્યું હતું. અને સમાજમાં જનજાગૃતિનો નવસંચાર કર્યો હતો.આ કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોના હસ્તે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ તથા અભ્યાસમાં ઉત્કૃષ્ટ પ્રદાન કરનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સાથે જ, આદિજાતિ વિકાસ વિભાગની યોજનાઓ અને સિદ્ધિઓની ઝાંખી દર્શાવતી ડોક્યુમેન્ટરી ફિલ્મ તેમજ વડાપ્રધાનના વર્ચ્યુઅલ સંબોધનનું જીવંત પ્રસારણ નિહાળવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે કલાકારોએ આદિવાસી સમાજની સમૃદ્ધ સંસ્કૃતિ અને પરંપરાની ઝાંખી કરાવતું મનમોહક પરંપરાગત લોકનૃત્ય રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.ઉલ્લેખનીય છે કે, આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આગામી તા. ૧૨થી ૧૮ નવેમ્બર દરમિયાન રાજ્યભરમાં 'જનજાતીય ગૌરવ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે જામનગર જિલ્લાના જામજોધપુર ખાતે આ જિલ્લા કક્ષાના કાર્યક્રમનું જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ રંજનબેન જીવાણી, જિલ્લા કલેકટર પી.બી.પંડ્યા, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ પરેશભાઈ હીરપરા, જામજોધપુર નગરપાલિકા પ્રમુખ કંચનબેન ગૌસ્વામી, પૂર્વ કેબિનેટ મંત્રી ચીમનભાઈ સાપરીયા, પૂર્વ ધારાસભ્ય ભ્રિજરાજસિંહ જાડેજા, અગ્રણી ભવાનભાઈ ચૌહાણ, પ્રાંત અધિકારી એસ.જે.અસવાર તથા બારડ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિરલ માકડિયા સહિત વહીવટી તંત્રના અધિકારીઓ-પદાધિકારીઓ તથા મોટી સંખ્યામાં આદિવાસી સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

રાજપીપળા ma'જનજાતિય ગૌરવ દિવસ' અંતર્ગત પુષ્પાંજલિ અર્પણ કરી શોભાયાત્રા યોજાઇ.





રાજપીપલા | રાજપીપલા માં આજે જનજાતિય ગૌરવ દિવસ' નિમિત્તે શહેરમાં રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાપ્ત માહિતી મુજબ રાજપીપલા માં જનજાતીય ગૌરવ ની ઉજવણી ના કાર્યક્રમના પ્રારંભે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને ભાવપૂર્વક ફૂલહાર અર્પણ કરી પુષ્પાંજલિ પાઠવવામાં આવી હતી.રાજપીપલા પ્રાંત અધિકારીની કચેરી ખાતેથી પ્રસ્થાન થયેલી આ વિશાળ રેલી શહેરના મુખ્ય રાજમાર્ગો પરથી પસાર થઈને શ્રી અંબુભાઈ પુરાણી હાઈસ્કૂલ ગ્રાઉન્ડ ખાતે સંપન્ન થઈ હતી. રેલી દરમિયાન મહાનુભાવો તેમજ મોટી સંખ્યામાં નગરજનોએ પગપાળા જોડાઈને જનજાતિય સમાજ પ્રત્યે પોતાનો આદર અને એકતા વ્યક્ત કરી હતી. શહેરના ઐતિહાસિક 'સૂર્ય દરવાજા' સહિતના મુખ્ય વિસ્તારોમાંથી પસાર થયેલી આ રેલીએ સમગ્ર નગરમાં અનેરું આકર્ષણ જમાવ્યું હતું.આ શોભાયાત્રાનું મુખ્ય આકર્ષણ પરંપરાગત આદિવાસી લોકનૃત્ય રહ્યું હતું. રંગબેરંગી પરંપરાગત વેશભૂષામાં સજ્જ થયેલા અને પગે ઘૂંઘરું બાંધેલા આદિવાસી કલાકારોએ ઢોલના તાલે તાલ મિલાવીને નૃત્ય રજૂ કર્યું હતું.આ શોભાયાત્રામાં ધારાસભ્ય ડૉ. દર્શના દેશમુખ, પદાધિકારીઓ, આગેવાનો સહિત મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા.

રાજુલા તાલુકાના કડીયાળી ગામે આવેલ કંપનીમાંથી કોપરના કેબલની ચોરી કરનાર ત્રણ ઇસમો ૩.૪,૦૧,૦૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપાયા

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા તાલુકાના કડીયાળી ગામે આવેલ કંપનીમાંથી કોપરના કેબલની ચોરી કરનાર ત્રણ ઇસમોને ચોરીમાં ગયેલ કેબલ સહિત કુલ કિં. ૩.૪,૦૧,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી, પીપાવાવ મરીન પો.સ્ટે.નો કેબલ ચોરીનો અનડીટેકટ ગુનો ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી. ટીમ.

ભાવનગર રેન્જ આઇ.જી.પી. શ્રી રાજેન્દ્ર અસારી નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય,

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત તથા અમરેલી ઇન્ચાર્જ પોલીસ અધિક્ષક જયવીર ગઢવી નાઓએ અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુન્હાઓના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ.

જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. સી.પી.વાઘેલા નાઓની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ મિલકત સબંધી આરોપીની સઘન તપાસ દરમ્યાન બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે શકમદ ઇસમોને શંકાસ્પદ કોપરના કેબલના ટુકડાઓ તથા વાહનો સાથે પકડી પાડી,

પકડાયેલ ઇસમોની સઘન પુછ પરછ કરતા રાજુલા તાલુકાના કડીયાળી ગામે આવેલ કંપનીમાંથી કોપરના કેબલની ચોરી કરેલની કબુલાત આપતા, પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનનો કેબલ વાયર ચોરીનો ગુનો ડીટેકટ કરવામાં



એલ.સી.બી. ટીમને સફળતા મળેલ છે.

પકડાયેલા આરોપીઓમાં

(૧) ચમનભાઇ જેન્તીભાઇ ભીલ, ઉ.વ.૨૫, રહે. ડોળીયા(દુધેરી), તા.મહુવા, જિ.ભાવનગર હાલ રહે.લોઠપુર, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

(૨) ભરતભાઇ નાનભાઇ ભીલ, ઉ.વ.૨૪, રહે. ડોળીયા(દુધેરી), તા.મહુવા, જિ. ભાવનગર.

(૩) મેહુલભાઇ અરજણભાઇ બારૈયા, ઉ.વ.૨૬, રહે. લોઠપુર, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

પકડવાના બાકી આરોપીઓ માં

(૧) જગદીશભાઇ આતુભાઇ ધાપા, રહે.પટવા, તા.રાજુલા, જિ. અમરેલી.

(૨) મનીષભાઇ શીયાળ, રહે. પટવા, તા.રાજુલા, જિ.અમરેલી.

(૩) બળવંતભાઇ ધાપા, રહે. પટવા, તા.રાજુલા, જિ.અમરેલી.

(૪) અરબાજ ફીરોજભાઇ મધાઇ, રહે.નાના જાદરા, તા. મહુવા, જિ.ભાવનગર.

કબ્જે કરેલ મુદ્દામાલ

(૧) રોકડા રૂ.૨૦,૦૦૦/-

(૨) કોપર વાયરના ટુકડા ૧૫૦ કીલો જેની કિ.રૂ.૧,૫૦,૦૦૦/-

(૩) વાયર કાપવા માટેનું કટર કિ.રૂ.૧,૦૦૦/-

(૪) એન્ડ્રોઇડ મોબાઇલ ફોન નંગ - ૩ કિ.રૂ.૩૦,૦૦૦/-

(૫) એક હોન્ડા કંપનીનું શાઇન મોડલનું મોટર સાયકલ જેના રજી. નં. GJ-14-BH-0196 કિ.રૂ.૫૦,૦૦૦/-

(૬) મારૂતિ સુઝુકી કંપીનીની ઇકો મોડલની ફોર વ્હીલ કાર જેના રજી. નં.GJ- 16-BN-7484 કિ. રૂ.૧,૫૦,૦૦૦/- મળી કુલ કિં. રૂ.૪,૦૧,૦૦૦/- નો મુદ્દામાલ.

પકડાયેલ આરોપીઓએ ગુનાઓની આપેલ કબુલાત

(૧) આજથી આશરે ત્રણેક મહીના પહેલા ચમનભાઇ જેન્તીભાઇ ભીલ તથા તેના મામા જગદીશભાઇ આતુભાઇ ધાપા રહે.પટવા તથા તેના મીત્ર મનીષભાઇ શીયાળ રહે. પટવા વાળાએ રાત્રીના આશરે બારેક વાગ્યાના અરસામા કડીયાળી ગામે આવેલ હોટલ દર્શન સામેના ખેતર પાસે પવનચક્કીનો સામાન પડેલ હોય,જેમા તાર તોડી પવનચક્કીનો કેબલની ચોરી કરેલ હોય, જે કેબલ અરબાજ ફીરોજભાઇ મધાઇ રહે. નાના જાદરા વાળાને આપેલ હોય

તેમજ

(૨) આજથી આશરે એકાદ મહીના પહેલા ચમનભાઇ જેન્તીભાઇ ભીલ તથા તેના મામા જગદીશભાઇ આતુભાઇ ધાપા રહે.પટવા તથા તેના મીત્ર મનીષભાઇ શીયાળ રહે. પટવા તથા બળવંતભાઇ ધાપા રહે. પટવા વાળાએ રાત્રીના આશરે બારેક વાગ્યાના અરસામા કડીયાળી ગામે આવેલ હોટલ દર્શન સામેના ખેતર પાસે પવનચક્કીનો સામાન પડેલ હોય, જેમા તાર તોડી પવનચક્કીના કેબલની ચોરી કરેલ હોય

તેમજ

(૩) આજથી આશરે તેર દિવસ પહેલા રાત્રીના આશરે બારેક વાગ્યાના અરસામા ચમનભાઇ જેન્તીભાઇ ભીલ તથા ભરતભાઇ નાનભાઇ ભીલ તથા મેહુલભાઇ અરજણભાઇ બારૈયા તથા જગદીશભાઇ આતુભાઇ ધાપા રહે પટવા વાળાઓ ઇકો ફોરવ્હીલ તથા મોટર સાયકલ લઇને કડીયાળી ગામે આવેલ હોટલ દર્શન સામેના ખેતર પાસે પવનચક્કીનો સામાન પડેલ હોય, જેમા તાર તોડી પવનચક્કીના કેબલની ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ હોય,

સોનિયા ગાંધીએ મુંબઈના બદલે મિલાનમાં કેન્સરની સર્જરી કરાવી!

બ્રેસ્ટ કેન્સરના ઓપરેશન માટે તેમણે મુંબઈની ટાટા મેમોરિયલ હોસ્પિટલને બદલે ઈટાલીના મિલાન સ્થિત એક હોસ્પિટલની પસંદગી કરી હતી. આની પાછળ સૌથી મોટું કારણ સારવારની ગુણવત્તા કરતાં વધુ પોતાની પ્રાઇવસીની ચિંતા હતી. તેમને ડર હતો કે ભારતમાં ઓપરેશન કરાવવા પર તેમની બીમારી મીડિયામાં હેડલાઇન્સ બની જશે. તેમની બિમારી અને સારવારને પણ રાજકીય રંગ આપવામાં આવશે : તેમણે લખ્યું છે કે, હું હંમેશા મારા અંગત જીવનને ખાનગી રાખવા માંગતી હતી. મારી બીમારીને મીડિયામાં ચર્ચાનો વિષય બનતી જોવી મારા માટે અત્યંત પીડાદાયક અને ગુસ્સો અપાવનારી હતી. શું સાર્વજનિક જીવનમાં હોવાનો અર્થ એ હતો કે મને થોડીક ગોપનીયતાનો પણ અધિકાર નહોતો? બસ આ સવાલની માનસિક પીડા અને કેન્સરની શારીરિક પીડામાંથી બહાર આવવું હતું : તે સમયે સોનિયા ગાંધીએ રાજકીય વિરોધીઓ કે ટીકાકારોનો વિચાર કર્યા વગર પોતાના સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપ્યું હતું. સોનિયા ગાંધી માટે સારવાર દરમિયાન પરિવારનો સાથ પણ ખૂબ જ મહત્વપૂર્ણ હતો. મિલાનના બહારના વિસ્તારમાં આવેલી હોસ્પિટલ તેમના માટે એટલા માટે પણ સુવિધાજનક હતી, કારણ કે તેમની બહેનો નાદિયા અને અનૌશકા ત્યાંથી નજીક રહેતા હતા. તેઓ ગમે ત્યારે હોસ્પિટલ આવી શકે તેમ હતા.નકશા જુઓ

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીની આત્મકથા તાજેતરમાં જ લોન્ચ થઈ છે. તેમાં તેમના દ્વારા પોતાના જીવન, કવન, પરિસ્થિતિ અને ભારતીય રાજકારણ વિશે જે વાતો કરવામાં આવી છે તેના કારણે તેની ચારકોર ચર્ચા છે. ક્યાંક રાજકીય વિરોધાભાસ ધરાવતા લોકો દ્વારા વિરોધ કરાઈ રહ્યો છે તો ક્યાંક વખાણ થઈ રહ્યા છે તો ક્યાંક નવી પેઢીમાં આ પુસ્તક વિશે ચર્ચા થઈ રહી છે. વાસ્તવિકતા એટલી જ છે કે, તેઓ જેવું જીવન જીવ્યા અને હાલ જીવી રહ્યા છે તેના વિશે તેમણે પહેલી વખત ખુલ્લા મનથી વાત કરી છે.

તેમણે પોતાની આત્મકથા 'બિલોન્ગિંગ : અ જર્ની ઓફ લવ'માં કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં અભ્યાસ માટે જવું, ત્યાં સ્ટુડન્ટ એક્સ્ચેન્જ હેઠળ કોઈ એક પરિવારને ત્યાં પીજી તરીકે સેટ થવું, રાજીવ ગાંધી સાથે મુલાકાત થવી, ભારત આવવું, રાજીવ સાથે લગ્ન કરવાનું નક્કી કરવું, લગ્ન જીવન, પારિવારિક જીવન, સંજય ગાંધીનું અવસાન, રાજીવ ગાંધીનો રાજકારણમાં આંશિક પ્રવેશ, સાસુ ઈન્દિરા ગાંધી સાથેનું જીવન અને પૂર્વ વડા પ્રધાન ઈન્દિરા ગાંધીના કેટલાક આકરા નિર્ણયો, તેમની હત્યા, રાજીવ ગાંધીનું વડા પ્રધાન બનવું, તેમની હત્યા, પોતાનો રાજકારણમાં પ્રવેશ, રાહુલનો રાજકીય પ્રવેશ જેવા ઘણા મુદ્દે તેમણે વિગતે વાત કરી છે. આ દરમિયાન તેમણે પોતાના જીવનના સૌથી કપરા કાળ એવા કેન્સર સામેના સંઘર્ષ અને તેમાંથી બહાર આવવાની વાત પણ કરી છે. તેમણે જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૦માં બ્રેસ્ટ કેન્સરના ઓપરેશન માટે તેમણે મુંબઈની ટાટા મેમોરિયલ હોસ્પિટલને બદલે ઈટાલીના મિલાન સ્થિત એક હોસ્પિટલની પસંદગી કરી હતી. આની પાછળ સૌથી મોટું કારણ સારવારની ગુણવત્તા કરતાં વધુ પોતાની પ્રાઇવસીની ચિંતા હતી. તેમને ડર હતો કે ભારતમાં ઓપરેશન કરાવવા પર તેમની બીમારી મીડિયામાં હેડલાઇન્સ બની જશે. તેમની બિમારી અને સારવારને પણ રાજકીય રંગ આપવામાં આવશે.સોનિયા ગાંધીએ પોતાના પુસ્તકમાં લખ્યું છે કે તેમને દિલ્હીની સર ગંગારામ હોસ્પિટલના ડોક્ટરો પર પૂરો વિશ્વાસ હતો. ડોક્ટરોએ જ તેમને ઓપરેશનની સલાહ આપી હતી. પરંતુ તેમની સામે યક્ષ પ્રશ્ન એ હતો કે સર્જરી ભારતમાં કરાવવામાં આવે કે વિદેશમાં. મુંબઈની તાતા મેમોરિયલ હોસ્પિટલનો વિકલ્પ હતો. જોકે, તેમને લાગ્યું કે ભારતમાં સારવાર કરાવવા દરમિયાન તેમની બીમારીની મીડિયામાં ઘણી ચર્ચા થશે. એક સાર્વજનિક જીવન જીવતી વ્યક્તિ હોવા છતાં તેઓ પોતાની બીમારીને ખાનગી રાખવા માંગતા હતા. તેમણે લખ્યું છે કે, હું હંમેશા મારા અંગત જીવનને ખાનગી રાખવા માંગતી હતી. મારી બીમારીને મીડિયામાં ચર્ચાનો વિષય બનતી જોવી મારા માટે અત્યંત પીડાદાયક અને ગુસ્સો અપાવનારી હતી. શું સાર્વજનિક જીવનમાં હોવાનો અર્થ એ હતો કે મને થોડીક ગોપનીયતાનો પણ અધિકાર નહોતો? બસ આ સવાલની માનસિક પીડા અને કેન્સરની શારીરિક પીડામાંથી બહાર આવવું હતું.આખરે તેમણે ૨૦૧૦માં ઈટાલીના મિલાન સ્થિત યુરોપિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓન્કોલોજીમાં ઓપરેશન કરાવ્યું હતું. આ યુરોપની પ્રમુખ કેન્સર સંસ્થાઓમાં સામેલ છે. તેની સ્થાપના ૧૯૯૪માં પ્રખ્યાત કેન્સર નિષ્ણાત ડો. ઉમ્બર્ટો વેરોનેસીએ કરી હતી. તેઓ બ્રેસ્ટ કેન્સરની સારવારમાં ઓછી ચીરફાડ વાળી સર્જરીની ટેકનિક વિકસાવનારા ટોચના ડોક્ટરોમાં ગણાતા હતા.

મોદી સરકાર સિમાંકન બીલ માટે વિશેષ સત્ર બોલાવી શકે છે

મોદી સરકાર સિમાંકન બિલ પસાર કરવા સંસદનું વિશેષ સત્ર બોલાવી શકે છે. એપ્રિલમાં રજૂ થયેલું બિલ NDAને બહુમતી ન હોવાથી પસાર થઈ શક્યું નહોતું. પશ્ચિમ બંગાળના પરિણામ બાદ NDA 2/3 બહુમતીની નજીક પહોંચી છે. સરકારને 15 થી 18 મતોથી જીતનો વિશ્વાસ છે. સત્રની તારીખ જાહેર થઈ નથી. સરકારી કચેરી જુઓ

મોદી સરકાર સિમાંકન બીલ માટે ટુક સમયમાં જ સંસદનું ખાસ સત્ર બોલાવી શકે છે. એપ્રિલ મહિનામાં સિમાંકન બીલ રજુ કરવામાં આવ્યું હતું, પરંતુ સંસદમાં પસાર થઈ શક્યું નહોતું. જેને કારણે એનડીએ સરકારને ફટકો પડયો હતો. જોકે પશ્ચિમ બંગાળના પરિણામ પછી એનડીએની શક્તિ વધી છે અને સંસદમાં બે તૃતીયાંશ બહુમતીની નજીક પહોંચી ગઈ છે. સિમાંકન બીલ પસાર કરવા માટે સરકાર પાસે બે તૃતીયાંશ બહુમતી હોવી જરૂરી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે સરકાર ૧૫ થી ૧૮ મતોથી જીતી જશે. સરકારને જરૂરી નંબર મેળવવાનો વિશ્વાસ છે. જોકે સંસદનું આ સત્ર ક્યારે મળશે એ જણાવવામાં આવ્યું નથી. આ પહેલા સંસદનું ચોમાસુ સત્ર ઓગસ્ટના મધ્યમાં જ પુરુ થઈ ગયું હતું. જો આ સત્ર ઔપચારીક રીતે પુરુ કરવામાં આવ્યું નથી.

સોનિયા ગાંધીએ એમની આત્મકથામાં એક વિવાદાસ્પદ કિસ્સા વિશે લખ્યું છે. એમણે રાજસ્થાનના વસુંધરા રાજે સિવાય બીજા કોઈપણ પક્ષના નેતાઓનો ઉલ્લેખ કર્યો નથી. એમણે લખ્યું છે કે વસુંધરા રાજેએ ઈન્દિરા ગાંધીને નીચુ દેખાડવા મેનકા ગાંધીનો સાથ લીધો હતો. મેનકા ગાંધીના પુત્ર વરુણ ગાંધીનો પહેલો જન્મદિવસ વસુંધરા રાજેના દિલ્હી ખાતેના નિવાસસ્થાને મનાવવામાં આવ્યો હતો. આ બર્થડે પાર્ટી ખૂબ જ ખાનગી રાખવામાં આવી હતી. સોનિયા ગાંધીએ લખ્યું છે કે 'જ્યારે માર્ચ ૧૯૮૧માં વરુણનો પહેલો જન્મદિવસ આવ્યો ત્યારે મારા સાસુ ઈન્દિરા ગાંધીએ મેનકા ગાંધીના કેટલાક મિત્રો અને બાળકો સાથે ગેટ ટૂ ગેધર રાખવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. મેનકાએ આ પ્રસ્તાવ ફગાવી દીધો હતો અને વસુંધરા રાજેના ઘરે વરુણના જન્મદિવસની પાર્ટી રાખી હતી.'

ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના પ્રમુખ સામ પિત્રોડા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કટ્ટર ટીકાકાર રહ્યા છે. રાહુલ ગાંધીના સલાહકાર પિત્રોડાની એક ટીપ્પણીએ હવે બધાનું ધ્યાન ખેંચ્યું છે. દિવાળીના દિવસો દરમિયાન પિત્રોડા અને મોદી વચ્ચે મીની ઈલુ ઈલુ થવાથી ઘણાને નવાઈ લાગી છે. પિત્રોડાએ નરેન્દ્ર મોદીને કુશળ વક્તા અને મહેનતી વ્યક્તિ ગણાવ્યા છે. પિત્રોડાના કહેવા પ્રમાણે ભલે એમની અને વડાપ્રધાન વચ્ચે વિચારધારાનો તફાવત હોય, પરંતુ વ્યક્તિ તરીકે તેઓ મોદીનું સન્માન કરે છે. પિત્રોડાએ મોદીને પોતાના ગુજરાતી મિત્ર ગણાવીને ખુબ જ આત્મિય, દયાળુ અને બીજા લોકોનું ધ્યાન રાખનાર વ્યક્તિ ગણાવ્યા હતા. હું એમને મળ્યો છું, મારી પત્ની અને હું એમને મળ્યા હતા. અમને એક બીજા સાથે ખૂબ બને છે. બીજી તરફ નરેન્દ્ર મોદીએ પણ સામ પિત્રોડાને અભિનંદન આપ્યા હતા અને એમના પત્નીને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી હતી.

આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહે કહ્યું છે કે, એનસીપી (શરદ પવાર)ના પ્રમુખ શરદ પવાર સંસદમાં વોટ ચોરી અને એસઆઈઆર મુદ્દે સરકારને ઘેરશે. શરદ પવાર સાથે મીટીંગ કર્યા પછી સંજય સિંહ ભારે મૂડમાં જોવા મળ્યા હતા. સંજય સિંહના કહેવા પ્રમાણે સંસદના ખાસ સત્રની શરૂઆતમાં આ મુદ્દાઓને ઉઠાવવામાં આવશે. સંજય સિંહે કહ્યું હતું કે, 'અમે મહારાષ્ટ્રના રાજકારણ તેમજ એમએલસી ચૂંટણીના પરિણામો વિશે વાત કરી હતી. અમારી મુલાકાત ખુબ સુખદ રહી હતી. હું ભગવાનને પ્રાર્થના કરૂ છું કે પવાર સાહેબ જલ્દીથી સ્વસ્થ થઈ જાય. જોકે એનસીપીના બંને જૂથના વિલિનીકરણ વિશે સંજય સિંહે કોઈ કોમેન્ટ કરી નહોતી. એમના કહેવા પ્રમાણે સંસદમાં સિમાંકન બીલ પસાર કરવા માટે એનડીએ પાસે બહુમતી નથી.'

ઉત્તર પ્રદેશમાં ચંદ્રશેખર આઝાદ અને અસદુદ્દીન ઔવેસીના ગઠબંધનને કારણે રાજકારણમાં ગરમી આવી ગઈ છે. બંને પક્ષના કાર્યકરોએ નવચંદી મેદાનમાં મીઠાઈ વહેંચીને ખુશી વ્યક્ત કરી હતી. હવે નજર ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પર છે. સવાલ એ છે કે, મેરઠની ૭ બેઠકો પર ગઠબંધન કઈ રીતે બેઠકોની વહેંચણી કરશે. કાર્યકર્તાઓનો દાવો છે કે, ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં ગઠબંધનને મોટી સફળતા મળશે. આ ગઠબંધન દલીત અને લઘુમતીને એક મંચ પર લાવવાની કોશિષ કરશે. એઆઈએમઆઈએમ લઘુમતીઓના મુદ્દાઓ ઉઠાવે છે જ્યારે ચંદ્રશેખર આઝાદનો પક્ષ દલીતોના મુદ્દા ઉઠાવે છે. મેરઠ શહેરની વિધાનસભા બેઠકો સૌથી અગત્યની ગણાશે, કારણ કે મેરઠમાં દલીત અને લઘુમતિ મતદારોની સંખ્યા વિશેષ છે. હજી સુધી નક્કી કરવામાં આવ્યું નથી કે ગઠબંધન કઈ બેઠકો પર કયા પક્ષના ઉમેદવાર ઉભા રાખશે.

કાશ્મીરમાં વધતા આતંકવાદથી ચિંતા વધી

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી હુમલાઓ વધી રહ્યા છે. કિશ્તવાડમાં આતંકવાદીઓએ એક વર્ષની અંદર બીજી વખત સ્થાનિક સુરક્ષા કર્મચારીઓને ટાર્ગેટ કર્યા છે. ગયા વર્ષે બે ગ્રામ રક્ષા ગાર્ડ (વીડીજી)ની હત્યા કરવામાં આવી હતી. હવે બે વિશેષ પોલીસ અધિકારીઓ (એસપીઓ)ની હત્યા થવાથી સ્થાનીક સુરક્ષા કર્મચારીઓની સુરક્ષા બાબતે ચિંતા વધી છે. બંને ઘટનાઓમાં એક સમાનતા એ છે કે, જેમને ટાર્ગેટ બનાવવામાં આવ્યા એ સ્થાનિક સુરક્ષા કર્મચારીઓ હતા. આતંકવાદીઓ સ્થાનિક ભૌગોલિક પરિસ્થિતિથી માહિતગાર હતા. આ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં ઓપરેશન ત્રાશીર દરમિયાન પાકિસ્તાની સેફુલ્લાહ સહિત ૭ આતંકવાદીઓનો સફાયો કરવામાં આવ્યો હતો. ત્યાર પછી થોડા સમય માટે આતંકવાદી પ્રવૃત્તિ પર બ્રેક લાગી હતી. જોકે હવે ફરીથી આતંકવાદીઓ માથુ ઉંચકવા માંડયા છે.

ઝાકીરની એનજીઓ પર પ્રતિબંધ વધ્યો, જોકે એ ખુલ્લો ફરે છેકેન્દ્રીય ગૃહમંત્રાલયે ભાગેડુ ઝાકીર નાઈકની સંસ્થા 'ઈસ્લામીક રીસર્ચ ફાઉન્ડેશન' (આઈઆરએફ)ને ફરીથી ગેરકાયદેસર સંગઠન જાહેર કર્યું છે. મંત્રાલયે બહાર પાડેલા એક પરિપત્રમાં આ પ્રતિબંધ પાંચ વર્ષ સુધી લંબાવ્યો છે. આ નિર્ણય ગેરકાયદેસર પ્રવૃત્તિ (અટકાવવી) કાયદા ૧૯૬૭ની કલમ ૩ હેઠળ લેવામાં આવ્યો છે. આ પહેલા સંગઠન પર ૨૦૧૬ અને ૨૦૨૧ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. સંગઠન પર પ્રતિબંધ હોવાથી ઝાકીર નાઈકને કોઈ ફેર પડતો નથી. ઝાકીર નાઈક મલેશિયા અને દુનિયાના બીજા દેશોમાં ખુલ્લેઆમ ફરતો રહે છે. થોડા સમય પહેલા એ પાકિસ્તાન જઈને પણ ભારત વિરુદ્ધ ઝેર ફેલાવી આવ્યો હતો. ભારતની વિદેશ નીતિ કે ગૃહમંત્રાલયના કોઈપણ નિર્ણયો ઝાકીર નાઈકને ભારત પરત લાવી શકે એમ નથી. નાઈકના ચેલા ચપાટા હજી પણ ભારતમાં સક્રિય છે.

હરિવંશ રાય બચ્ચન અને તેજી આન્ટી માતા-પિતા જેવા હતા!

સોનિયા ગાંધીએ પોતાના સંસ્મરણોમાં ખુલાસો કર્યો છે કે, 1968માં રાજીવ ગાંધી સાથે લગ્ન પહેલાં તેઓ જ્યારે પહેલીવાર ભારત આવ્યા, ત્યારે દિલ્હીમાં બચ્ચન દંપતી હરિવંશરાય અને તેજી બચ્ચને તેમને નિઃસ્વાર્થપણે અપનાવ્યા હતા. અજાણ્યા દેશમાં એકલતા અનુભવતી સોનિયાને બચ્ચન પરિવારે માતા-પિતાની જેમ પ્રેમ અને હિંમત આપી, જે તેમના માટે એક મોટો સહારો બન્યો.રાજીવ ગાંધી સાથે લગ્ન પહેલા જ્યારે તેઓ પહેલીવાર ભારત આવ્યાં, ત્યારે તેમની સામે સાવ અજાણી દુનિયા હતી. તેઓ ૧૩ જાન્યુઆરી ૧૯૬૮ની વહેલી સવારે તેઓ દિલ્હીના જૂના એરપોર્ટ પર ઊતર્યાં હતાં. ત્યાંથી સીધા તેમને ૧૩, વિલિંગડન ક્રેસન્ટ લઈ જવામાં આવ્યાં હતાં. આ જગ્યા દેશના પ્રખ્યાત હિન્દી ભાષાના કવિ હરિવંશ રાય બચ્ચન અને તેમનાં પત્ની તેજી બચ્ચનનું નિવાસસ્થાન હતું : બચ્ચન પરિવાર અને નેહરુ-ગાંધી પરિવારના સંબંધો ઘણા જૂના હતા. બચ્ચન પરિવાર અલ્હાબાદના દિવસોથી જ ઈન્દિરા ગાંધીનો પારિવારિક મિત્ર રહ્યો હતો : દિવસભરની મુલાકાતો પછી રાજીવ તેમને પાછા બચ્ચન પરિવારના ઘરે મૂકીને ચાલ્યા જતા હતા, ત્યારે સોનિયા રૂમમાં સાવ એકલાં પડી જતાં હતાં. તે એકલતામાં તેઓ અવારનવાર ચૂપચાપ પોતાના આંસુ વહાવતાં હતાં. તેમને ઈટાલીમાં છૂટેલું પોતાનું ઘર અને પોતાના પરિવારના લોકો ખૂબ યાદ આવતા હતા. ત્યારે તેજી બચ્ચન અને હરિવંશરાય એક માતા-પિતાની જેમ તેમની કાળજી લેતાકવિતા વાંચો

સોનિયા ગાંધીએ પોતાના સંસ્મરણ 'બિલોંગિંગ : અ જર્ની ઓફ લવ'માં જીવનની સૌથી ભાવુક ક્ષણોનો ખુલાસો કર્યો છે. રાજીવ ગાંધી સાથે લગ્ન પહેલા જ્યારે તેઓ પહેલીવાર ભારત આવ્યાં, ત્યારે તેમની સામે સાવ અજાણી દુનિયા હતી. તેઓ ૧૩ જાન્યુઆરી ૧૯૬૮ની વહેલી સવારે તેઓ દિલ્હીના જૂના એરપોર્ટ પર ઊતર્યાં હતાં. ત્યાંથી સીધા તેમને ૧૩, વિલિંગડન ક્રેસન્ટ લઈ જવામાં આવ્યાં હતાં. આ જગ્યા દેશના પ્રખ્યાત હિન્દી ભાષાના કવિ હરિવંશ રાય બચ્ચન અને તેમનાં પત્ની તેજી બચ્ચનનું નિવાસસ્થાન હતું. બચ્ચન પરિવારે સોનિયાને પોતાના ઘરમાં રાખીને એક સાચા વાલીની જેમ સહારો આપ્યો હતો. સોનિયા ગાંધી મુક્તમને સ્વીકારે છે કે, અમિતાભ બચ્ચન અને રાજીવ ગાંધીની મિત્રતા જાણીતી પણ તેના કરતા વધારે ગાઢ મિત્રતા તેજી બચ્ચન અને ઈન્દિરા ગાંધીની હતી. તેના પગલે જ કદાચ તેમણે એક માતા-પિતાની જેમ સોનિયાને શરૂઆતના વર્ષોમાં આવકાર્યા અને સાચવ્યા હતા.

સોનિયા ગાંધી ટાંકે છે કે, ૧૩ જાન્યુઆરી ૧૯૬૮ અને સમય સવારના લગભગ પાંચ વાગીને ૧૫ મિનિટનો તેમનું વિમાન નવી દિલ્હીના એરપોર્ટ પર ઊતર્યું હતું. તેઓ એક ખૂબ જ લાંબી મુસાફરી પછી પહોંચ્યાં હતાં. તેઓ ઘણાં થાકેલાં હતાં અને તેમના મનમાં એક અજાણ્યો ડર હતો. પરંતુ જેવી તેમની નજર રાજીવ ગાંધી પર પડી, તેમનો બધો ડર અને થાક એક ઝાટકે ગાયબ થઈ ગયો. તેઓ ખુશીના માર્યા કંઈ બોલી પણ શકતાં ન હતાં. તે સમયે એરપોર્ટ પર તેમને લેવા માટે ફક્ત રાજીવ જ નહોતા આવ્યા. તેમની સાથે તેમના ભાઈ સંજય ગાંધી અને તેમના નજીકના મિત્ર અમિતાભ બચ્ચન પણ હાજર હતા. અમિતાભ બચ્ચન આગળ જતાં હિન્દી સિનેમાના મહાનાયક બન્યા.

સોનિયા ગાંધીએ પોતાના પુસ્તકમાં સ્પષ્ટ કર્યું છે કે બચ્ચન પરિવાર અને નેહરુ-ગાંધી પરિવારના સંબંધો ઘણા જૂના હતા. બચ્ચન પરિવાર અલ્હાબાદના દિવસોથી જ ઈન્દિરા ગાંધીનો પારિવારિક મિત્ર રહ્યો હતો. જ્યારે સોનિયા ૧૩, વિલિંગડન ક્રેસન્ટ પહોંચ્યાં, ત્યારે તેજી બચ્ચને તેમનું ખૂબ જ આત્મીયતાથી સ્વાગત કર્યું. સોનિયા ગાંધીએ આ પહેલી મુલાકાતને ખૂબ ઝીણવટથી યાદ કરી છે. તેઓ આ વિશે લખે છે કે, ઠીંગણા કદના તેજી બચ્ચન તે સમયે જેકેટ અને પાટલૂન પહેરેલાં હતાં. તેમના માથા પર ફ્રેન્ચ શૈલીનો સ્કાર્ફ ખૂબ વ્યવસ્થિત રીતે બાંધેલો હતો.

તેજી બચ્ચને ઘરના વરંડામાં આવીને સોનિયાનું સ્વાગત કર્યું. તેમણે ખૂબ જ પ્રેમાળ સ્મિત વેર્યું અને સોનિયાને ખૂબ પ્રેમથી ભેટી પડયા. આ ઉષ્માભર્યા સ્વાગતે સોનિયાના મનમાં વિશ્વાસ જન્માવ્યો અને તેમની અંદરનો બધો સંકોચ અને ડર પળવારમાં દૂર થઈ ગયો. સોનિયા લખે છે કે આગળ જતાં તેજી બચ્ચન તેમના માટે માતા જેવાં બની ગયાં. તેઓ સોનિયાની દરેક જરૂરિયાતમાં મદદ કરવા તૈયાર રહેતાં હતાં. તેમણે સોનિયાને નવી વાતો શીખવી અને દરેક ડગલે એક માતાની જેમ સાચી સલાહ આપી.

તેઓ આગળ જણાવે છે કે, સ્વાગતની તરત જ પછી સોનિયાને ઘરની જમણી બાજુએ બનેલા એક ખાસ રૂમમાં લઈ જવામાં આવ્યાં. આ રૂમ તેજી બચ્ચનના અંગત રૂમની બરાબર બાજુમાં આવેલો હતો. લગભગ એક વર્ષના લાંબા વિરહ પછી સોનિયા અને રાજીવ આખરે એકસાથે એકલા હતાં. સોનિયાને તે રૂમમાં ઉતારો આપતા પહેલા રાજીવ ગાંધીએ તેને આરામદાયક બનાવવાનો પૂરો પ્રયાસ કર્યો હતો. તેમણે જાતે રૂમને ખાસ અંદાજમાં સજાવવા માટે ઘણા પ્રયત્નો કર્યા હતા. પલંગની પાછળની દીવાલ પર પાબ્લો પિકાસોની પ્રખ્યાત 'બ્લુ પીરિયડ' પેઇન્ટિંગની એક સુંદર પ્રતિકૃતિ લગાવવામાં આવી હતી. આ પેઇન્ટિંગને રાજીવ કેમ્બ્રિજથી પોતાની સાથે લઈને આવ્યા હતા. આ ઉપરાંત પલંગ પાસે રાખેલા ટેબલ પર તાજા અને સુગંધિત ગુલાબોથી ભરેલી એક ફૂલદાની પણ રાખવામાં આવી હતી. રાજીવના આ પ્રયાસોથી તે સાદો રૂમ સોનિયા માટે ખૂબ જ આરામદાયક બની ગયો હતો.

તે રૂમને સજાવતી વખતે રાજીવ ગાંધીનું ધ્યાન રૂમ સાથે જોડાયેલા જૂના અને સાધારણ બાથરૂમ પર ગયું. તેઓ બાથરૂમના ફ્લોરને વધુ સારો બનાવવા માગતા હતા. આ માટે રાજીવ પોતાની માતા ઈન્દિરા ગાંધીના ઘરે પહોંચ્યા. ત્યાં રાખેલી એક જૂની પેટીમાંથી તેમણે વાદળી-લીલા રંગનો જાડો ગાલીચો કાઢયો. તે ગાલીચાને લાવીને તેમણે બાથરૂમ પાસે વ્યવસ્થિત રીતે પાથરી દીધો. રાજીવનો આ પ્રયાસ સારો હતો, પરંતુ તેનું પરિણામ ખૂબ જ ખતરનાક આવ્યું.

સોનિયા જ્યારે ફ્રેશ થવા માટે બાથરૂમમાં ગયાં, ત્યારે પગ મૂકતા જ તેમની તબિયત બગડવા લાગી. તે જૂના ગાલીચાને સાચવવા માટે કોઈ જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો. તે ગંધની અસરથી સોનિયાના શ્વાસ ઝડપથી ફૂલવા લાગ્યા. હકીકતમાં અસ્થમાને કારણે તેમને શ્વાસ લેવામાં થતી ગંભીર તકલીફ હતી. સોનિયાની હાલત જોઈને રાજીવ ગાંધી અને તેજી બચ્ચન ખૂબ ગભરાઈ ગયાં. બંનેએ તરત દોડીને તેમની મદદ કરી અને જરૂરી દવા આપી.

સોનિયા ગાંધી નોંધે છે કે, જ્યારે તેઓ ભારત આવ્યાં હતાં, ત્યારે રાજીવ પ્રત્યેનો તેમનો પ્રેમ જ તેમની સૌથી મોટી તાકાત હતો. પરંતુ એક નવા દેશ, નવી સંસ્કૃતિ અને ભાષાની અજાણી દુનિયામાં રહેવું સહેલું ન હતું. જ્યારે દિવસભરની મુલાકાતો પછી રાજીવ તેમને પાછા બચ્ચન પરિવારના ઘરે મૂકીને ચાલ્યા જતા હતા, ત્યારે સોનિયા રૂમમાં સાવ એકલાં પડી જતાં હતાં. તે એકલતામાં તેઓ અવારનવાર ચૂપચાપ પોતાના આંસુ વહાવતાં હતાં. તેમને ઈટાલીમાં છૂટેલું પોતાનું ઘર અને પોતાના પરિવારના લોકો ખૂબ યાદ આવતા હતા. રાજીવ જ્યારે પણ તેમને ઉદાસ જોતા, ત્યારે હંમેશા હિંમત આપતા અને સમજાવવાનો પ્રયાસ કરતા હતા.વર્ષો પછી જ્યારે સોનિયાએ જાહેર જીવનના થપાટા સહન કર્યા, ત્યારે તેમને હરિવંશ રાય બચ્ચનના શબ્દોની અસલી ઊંડાઈ સમજમાં આવી. સોનિયાએ લખ્યું કે બચ્ચનજી પોતાની તે વાતમાં કેટલા સાચા સાબિત થયા હતા. એક મહાન કવિ અને ખૂબ જ સંવેદનશીલ વ્યક્તિ હોવાના કારણે તેમણે પોતે પણ જનતાના બદલાતા મિજાજનો કડવો અનુભવ કર્યો હતો. સોનિયા ગાંધીએ પોતાના પુસ્તકમાં લખ્યું છે કે હરિવંશ રાય બચ્ચન અને તેજી બચ્ચન તેમના માટે માતા-પિતાની જેમ ઊભાં રહ્યાં. તે સમયગાળામાં જ્યારે સોનિયાને પોતાના ભવિષ્યનો કોઈ અણસાર ન હતો, ત્યારે બચ્ચન દંપતીએ તેમને નિ:સ્વાર્થ આધાર અને આશરો આપીને બળ પૂરું પાડયું હતું.કવિતા વાંચો

તેજી બચ્ચન સાથે મુકાલાત બાદ થોડો સમય આરામ કર્યા પછી સોનિયાની મુલાકાત ઘરના મોભી હરિવંશ રાય બચ્ચન સાથે થઈ. તેઓ તે સમયે પોતાના નિત્યક્રમ પ્રમાણે લટાર મારવા જવાની તૈયારીમાં હતી. સોનિયા ગાંધી નોંધે છે કે, હરિવંશજીનું શરીર થોડું આગળની તરફ નમેલું હતું.

તેમણે પોતાના શરીર પર એક શાલ ઓઢી રાખી હતી. તેમની આંખો પર ચશ્મા ચડેલા હતા અને માથા પર ઘાટા લહેરાતા વાળ હતા. જાણે કોઈ સાહિત્યિક કૃતિના પાત્રને જોતા હોઈએ તેવું જ લાગતું હતું. હરિવંશરાય બચ્ચનજીએ સોનિયાને જોઈને આત્મીય સ્મિત આપ્યું.

તેમણે કેટલાક ખૂબ જ પ્રેમાળ શબ્દો કહ્યા અને પછી ધીમે-ધીમે લટાર મારવા નીકળી ગયા. સોનિયાએ બચ્ચન પરિવારના ઘરે વિતાવેલા દિવસોની એક ખૂબ જ રસપ્રદ દિનચર્યા પણ શેર કરી છે. વહેલી સવારે બારી પાસે પગલાંના હળવા અવાજથી અવારનવાર તેમની ઊંઘ ખૂલી જતી હતી.

શરૂઆતમાં સોનિયાને નવાઈ લાગતી હતી કે આટલી સવારે બારી પાસે કોણ ફરી રહ્યું છે. પાછળથી તેમને ખબર પડી કે આ હરિવંશ રાય બચ્ચન હતા, જે ઘરની ચારે તરફ સવારે ચક્કર મારતા હતા. જ્યારે તેઓ ફરીથી સૂવાનો પ્રયાસ કરતાં, ત્યારે ઘરમાં એક અવાજ ગુંજતો તેમને જગાડી દેતો હતો. આ અવાજ બચ્ચનજી દ્વારા પૂજાપાઠ દરમિયાન વગાડવામાં આવતા શંખનો હોતો હતો.

સોનિયા ગાંધીએ પોતાના આ પુસ્તકમાં તે સમયની એક મોટી વ્યવહારિક મુશ્કેલીનો પણ ઉલ્લેખ કર્યો છે. ઘણા વર્ષો સુધી અંગ્રેજીનો અભ્યાસ કરવા છતાં તેઓ તે સમયગાળામાં અંગ્રેજી ખૂબ કડકડાટ બોલી શકતાં ન હતાં. આ સાથે જ ભારતીય અંગ્રેજીના ખાસ લહેકાને સમજવામાં પણ તેમને ઘણી મહેનત કરવી પડતી હતી. હરિવંશ રાય બચ્ચન ક્યારેક-ક્યારેક સોનિયાને થોડી ઘણી હિન્દી શીખવવાનો પ્રયાસ કરતા હતા. જોકે સોનિયા એટલું શીખી શક્યા નહોતા કે, તેઓ પોતાની પૂરી વાત કોઈ બીજાને સમજાવી શકે. આ વાતચીત દરમિયાન હરિવંશજી અવારનવાર સોનિયાને એક ખાસ સલાહ આપતા હતા. તેમણે સોનિયાને ચેતવણી આપતા કહ્યું હતું, 'તારે એ જાણવું જોઈએ, સોનિયા બેટા, કે આ દેશમાં એ મહત્વનું નથી કે તું કોણ છે, પરંતુ એ મહત્વનું છે કે લોકો તને શું સમજે છે.' બચ્ચનજીની આ વાત સાંભળીને સોનિયા અવારનવાર ઊંડા વિચારમાં ડૂબી જતાં હતાં.

શેનઝેન મીટિંગ પૂર્વે જ પ્રાથમિકતાઓ અંગે ચીન-અમેરિકા વચ્ચે મતભેદો થયા



અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પની એશિયા યાત્રા દરમિયાન ચીનના શેનઝેનમાં શી જિનપિંગ સાથેની બેઠક પહેલા જ મતભેદો સપાટી પર આવ્યા છે. ચીન AI અને રોબોટિક્સને પ્રાધાન્ય આપે છે, જ્યારે અમેરિકા પરમાણુ અપ્રસાર પર ભાર મૂકે છે. વિશ્લેષકો માને છે કે બંને સુપર પાવર વચ્ચે કોઈ સહમતિ શક્ય નથી અને આ બેઠક માત્ર 'સમય ગાળવા' સમાન છે.અમેરિકા ના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અત્યારે એશિયાની યાત્રાએ છે દરમિયાન તેઓ ચીનમાં દક્ષિણના શહેર શેનઝેનમાં યોજાયેલ ત્રણ પ્રમુખો શી જિનપિંગ, ટ્રમ્પ- પુતિન વચ્ચે યોજાનારી ત્રિપક્ષીય મંત્રણામાં કેન્દ્ર સ્થાને રહેશે પરંતુ બેઠક શરૂ થતા પહેલા જ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીનના સર્વેસર્વા માંધાતા શી જિનપિંગ વચ્ચે મતભેદો બહાર આવી રહ્યા છે.શી જિનપિંગ આર્થિક પરિવર્તન, એ.આઇ. અને રોબોટિક્સને મહત્ત્વ આપે છે. તો બીજી તરફ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પરમાણુ અપ્રસાર પર ભાર મૂકે છે. પરિણામે તે બંને સુપર પાવર વચ્ચે એકરાગ યોજાવાની કોઈ શક્યતા જ દેખાતી નથી. ઉલ્લેખનીય તો તે છે કે આ મીટીંગ પૂર્વ જ અનામી રહેવા માંગતા અમેરિકાના ઉચ્ચ અધિકારીએ કહ્યું હતું કે, આ મિટિંગમાં કોઈ નક્કર પરિણામ આવે તેવી સંભાવના પહેલેથી જ દેખાતી ન હતી.બીજી તરફ વિશ્લેષકો તો સ્પષ્ટ મત આપે છે કે, પ્રમુખ ટ્રમ્પ અને શી જિનપિંગ વચ્ચે એકમતી સધાય તેવી આશા જ રાખવી વ્યર્થ છે. ચીન અને અમેરિકા વચ્ચે મેળ બેસી શકે તે શક્ય જ નથી. એવું લાગે છે કે બંને સુપર પાવર્સ 'સમય ગાળે છે' (ધે આર બાયિંગ ટાઇમ) તેટલામાં સમજી જાઓ.' અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની વર્તમાન એશિયા યાત્રા દરમિયાન ચીનના દક્ષિણી શહેર શેનઝેનમાં યોજાનારી મહત્વપૂર્ણ બેઠક પહેલા જ બંને મહાસત્તાઓ વચ્ચેના ગંભીર મતભેદો ખુલીને સામે આવ્યા છે. ચીનના સર્વેસર્વા શી જિનપિંગ અને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે યોજાનારી આ મંત્રણામાં વૈશ્વિક રાજકારણના સમીકરણો કેન્દ્ર સ્થાને રહેવાના છે, પરંતુ બેઠક શરૂ થાય તે પહેલા જ બંને દેશોની પ્રાથમિકતાઓ બિલકુલ વિપરીત હોવાનું સ્પષ્ટ થઈ ગયું છે.ચીન અમેરિકા શેનઝેન બેઠક મતભેદો ૨૦૨૬ ની મળતી વિગતો મુજબ, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ હાલમાં દેશના આર્થિક પરિવર્તન, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને રોબોટિક્સ જેવા ટેકનોલોજીકલ ક્ષેત્રોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહ્યા છે.જ્યારે બીજી બાજુ, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું મુખ્ય ધ્યાન પરમાણુ અપ્રસાર (Nuclear Non-Proliferation) અને વૈશ્વિક સુરક્ષાના મુદ્દાઓ પર કેન્દ્રિત છે. આ બંને દેશોના પ્રાથમિક એજન્ડામાં જમીન-આસમાનનો ફર્ક હોવાના કારણે બંને સુપર પાવર વચ્ચે કોઈ સાર્થક કે સકારાત્મક સહમતિ સધાય તેવી શક્યતા નહિવત દેખાઈ રહી છે.આ બેઠક અંગે અનામી રહેવાની શર્તે અમેરિકાના એક ઉચ્ચ અધિકારીએ અગાઉ જ સ્પષ્ટ કરી દીધું હતું કે આ મિટિંગમાંથી કોઈ નક્કર પરિણામ કે મોટી સમજૂતી બહાર આવે તેવી કોઈ જ સંભાવના પ્રારંભથી જ નહોતી.આંતરરાષ્ટ્રીય રાજકારણના વિશ્લેષકો પણ એવો જ સ્પષ્ટ મત વ્યક્ત કરી રહ્યા છે કે પ્રમુખ ટ્રમ્પ અને શી જિનપિંગ એક મંચ પર આવે તો પણ તેમની વચ્ચે એકસૂત્રતા સ્થપાય તેવી આશા રાખવી વ્યર્થ છે. વર્તમાન પરિસ્થિતિ જોતા એવું જ પ્રતીત થાય છે કે ચીન અને અમેરિકા વચ્ચે કાયમી મેળ બેસી શકે તેમ નથી અને બંને મહાસત્તાઓ માત્ર સમય પસાર કરી રહી છે.

જે તે સમય માં ટપાલી નું મહત્વ વોટ્સએપ કરતા પણ વધારે હતું

ડાકિયા ડાક લાયા..

ડાકિયા ડાક લાયા..

માન્યું જમાનો મોર્ડન થઈ ગયો એટલે પત્ર સાથે સંદેશા વાહક ટપાલી ની ભરતી કદાચ સરકારે કાઢી પણ નાખી હોય શકે.પરંતુ "પરબીડિયા માં ગુલાબ નું ફૂલ મૂકી ને પ્રેમપત્ર" વાંચવા ની મજા જ અલગ હતી.મોકલનાર અને લેનાર બન્ને ની કસોટી ભરી ક્ષણ ઘર આંગણે આવી ને "ટપાલ" ન બોલે ત્યાં સુધી એની આતુરતા રહેતી હતી. જે તે સમય માં ટપાલી નું મહત્વ વોટ્સએપ કરતા પણ વધારે હતું. સંદેશાવાહક (ટપાલી) ની સાયકલ ની ટંકોરી સંભળાતા જ "ટપાલ લઈ લેજો" ના સાદ ની લોકો આતુરતા થી રાહ જોતા હતા. પહેલા ના સમય માં સગાઈ થઈ ગયા પહેલા અને પછી યુવકો એ યુવતી નું મુખ જોઈ શકતા નહતા ને કમ સે કમ બેત્રણ વર્ષ સગાઈ અને લગ્ન વચ્ચે નો ગાળો રહેતો હતો. મોટાભાગે વડીલો એના સંતાનો ની સગાઈ એક ગામ કરતા નહતા એટલે આજુ બાજુ ના ગામ માંજ સગાઈ થતી હતી.આ કારણોસર પોતાની બનાર પત્ની ને દિલ ની વાત વ્યક્ત કરવાનું સાધન પોસ્ટ ઓફિસ "ટપાલ " હતી. બાજુ ગામ માં જ પત્ની રહેતી હોવા છતાંય એ ગામ ની આસપાસ ભટકવા ની પણ યુવકો ને કડક શબ્દો માં મનાઈ હતી.

ત્યારે બુક સ્ટોલ માં ખાસ ગુલાબી કલર ના ડિઝાઇન કરેલ અને સુગંધી લેટર પત્ર મળતા હતા.આ લેટર પત્ર માં પ્રેમ ના ઢાઈ અક્ષર સાથે સાથે ન જોયેલ બનનાર પત્ની ની સુંદરતા ની કલ્પના કરીને ગઝલ,કવિતાઓ શેર વગેરે વગેરે લખાતા હતા.આ પ્રેમ પત્ર ને થનાર પત્ની સુધી પહોચતું કરવા માટે પોસ્ટ ઓફિસ માં ટિકિટ ચૂકવેલ કવર માં પેક કરવા પડતા હતા.પતિ એ લખેલ પ્રેમ પત્રો ને પત્ની બન્યા બાદ સ્ત્રીઓ એને અમૂલ્ય ખજાના માફક જીવનભર સાચવી ને પણ રાખતી હતી. ગુલાબી કલર ના પત્ર ની સુંગંધ સચવાઈ એનું પણ ધ્યાન રાખતી હતી. આપણા ને પ્રશ્ન થાય કે જ્યારે પોસ્ટ ઓફિસનું અસ્તિત્વ હશે નહી ત્યારે સંદેશા વાહક કોણ હશે? ભાગવતજી માં ભગવાન શ્રી કૃષ્ણ ને એની લ



બોક્સ ઓફિસ પર રામાયણનું તોફાન

રામાયણ એ બોક્સ ઓફિસ પર તોફાન મચાવી દીધું છે. ફિલ્મે 700 કરોડથી વધુની કમાણી કરી લીધી છે. ફિલ્મ 11મા દિવસે કેટલા કરોડની કમાણી કરી રહી છે

(એજન્સી) મુંબઈ | તા.15

રણબીર કપૂરની રામાયણ એ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રાખી છે. ફિલ્મને શાનદાર રિસ્પોન્સ મળી રહ્યો છે અને તે દરેક પસાર થતા દિવસ સાથે શાનદાર કમાણી કરી રહી છે. હવે ફિલ્મે 700 કરોડ ક્લબમાં પણ એન્ટ્રી મારી લીધી છે. સૈકનિલ્કના મુજબ, ફિલ્મે 11મા દિવસે બપોરે અઢી વાગ્યા સુધી 34.26 કરોડનું નેટ કલેક્શન કર્યું છે, જ્યારે ફિલ્મે ગ્રોસ 40.43 કરોડનો બિઝનેસ કર્યો છે. ફિલ્મને 11,769 શો મળ્યા છે અને 43.4 ટકા ઓક્યુપન્સી નોંધાઈ છે. આ સાથે જ ફિલ્મે ટોટલ 719.86 કરોડનો બિઝનેસ કરી લીધો છે. રામાયણ ફિલ્મના ડિરેક્ટર નિતેશ તિવારી છે અને નમિત મલ્હોત્રાએ તેને પ્રોડ્યુસ કરી છે. ફિલ્મમાં રણબીર કપૂર અને સાઈ પલ્લવી સાથે અરુણ ગોવિલ, લારા દત્તા, રવિ દુબે, રકુલ પ્રીત સિંહ, સોનલ ઝા અને વિવેક ઓબેરોય સહિતના કલાકારો પણ મહત્વના રોલમાં જોવા મળે છે.

આર્થિક તંગીમાં ફસાયેલા અભિનેતા શરદ કપૂરને હોલિવૂડની ફિલ્મની ઓફર મળી




(એજન્સી) મુંબઈ | તા.15

બોલિવૂડ અભિનેતા શરદ કપૂરને હોલિવૂડ ફિલ્મની ઓફર મળી છે. તેઓ જાન્યુઆરીમાં તેનું શૂટિંગ શરૂ કરશે. તાજેતરમાં, કામ માંગતો તેમનો વીડિયો વાયરલ થયો હતો, જેના પછી તેમને આર્થિક અને સ્વાસ્થ્ય સંબંધિત મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. બાર્સેલોનામાં ફૂટબોલ રમતી વખતે પગમાં ઈજા થતાં તેમને પોતાના 4 પાલતું કૂતરાઓને પણ એનિમલ શેલ્ટરમાં રાખવા પડ્યા હતા. હવે તેઓ બોલિવૂડમાં પણ કામ ચાલુ રાખશે. બો એક ઈન્ટરવ્યૂમાં શરદ કપૂરે પોતાની તબિયત અંગે ખુલાસો કર્યો હતો. તેમણે જણાવ્યું કે તેઓ ફૂટબોલ રમવા માટે બાર્સેલોના ગયા હતા. ત્યાં રમતી વખતે બીજા ખેલાડીના પગ સાથે તેમનો પગ અથડાતાં ગંભીર ઈજા થઈ હતી. આ ઈજાને કારણે તેમના માટે ચારેય પાલતું કૂતરાઓની સંભાળ રાખવી મુશ્કેલ બની ગઈ હતી. કૂતરાઓને દરરોજ બહાર ફરવા લઈ જવા અને તેમની યોગ્ય કાળજી રાખવાની જરૂર હોય છે. આવી સ્થિતિમાં પોતાની શારીરિક તકલીફને કારણે તેઓ તેમની જવાબદારી નિભાવી શકતા નહોતા. શરદે જણાવ્યું કે ડોક્ટરોએ તેમને આરામ કરવાની સલાહ આપી છે. આગામી બે મહિનામાં તેઓ સંપૂર્ણ સ્વસ્થ થઈ જશે અને ફરી પહેલાંની જેમ ફિટ થઈ શકશે. ત્યારબાદ તેઓ પોતાના ચારેય કૂતરાઓને પણ ઘરે પરત લાવવા માગે છે. તેમણે સ્પષ્ટ કર્યું કે એનિમલ શેલ્ટરમાં રાખવાનો નિર્ણય માત્ર કામચલાઉ વ્યવસ્થા છે. લિવૂડ એક્ટર શરદ કપૂર છેલ્લા કેટલાક દિવસોથી ચર્ચામાં છે. તાજેતરમાં તેમનો એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં તેઓ ફિલ્મ ઈન્ડસ્ટ્રી પાસે કામ માગતા જોવા મળ્યા હતા. તેમની આર્થિક અને સ્વાસ્થ્ય સંબંધિત મુશ્કેલીઓની ચર્ચા વચ્ચે હવે એક્ટરે ખુશખબર આપી છે. શરદ કપૂરે ખુલાસો કર્યો છે કે તેમને હોલિવૂડની એક ફિલ્મ ઓફર થઈ છે અને તેઓ જાન્યુઆરીમાં તેનું શૂટિંગ શરૂ કરવાના છે. આ સાથે તેઓ બોલિવૂડની ફિલ્મોમાં પણ કામ કરતા રહેશે. શાહરૂખ ખાનની ફિલ્મ 'જોશ'માં કામ કરી ચૂકેલા શરદ કપૂરે તાજેતરમાં સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કરીને ઈન્ડસ્ટ્રીના લોકો પાસે કામ માગ્યું હતું. તેમની તબિયત સારી ન હોવાને કારણે તેમને પોતાના ચાર પાલતું કૂતરાઓને પણ એનિમલ શેલ્ટરમાં રાખવાની ફરજ પડી હતી. તેમનો વીડિયો વાયરલ થયા બાદ ઓલ ઈન્ડિયા સિને વર્કર્સ એસોસિયેશન (AICWA)એ પણ ફિલ્મ ઈન્ડસ્ટ્રીને શરદ કપૂરને કામ આપવાની અપીલ કરી હતી. શરદ કપૂરે પોતાના વાયરલ વીડિયો અંગે પણ સ્પષ્ટતા કરી હતી. તેમણે કહ્યું કે આ વીડિયો બનાવવાનો હેતુ કોઈની પાસે પૈસાની મદદ માગવાનો નહોતો. સાથે જ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં તેમની સાથે કામ કરતા લોકોની ટીકા કરવાનો પણ તેમનો કોઈ ઈરાદો નહોતો. તેમણે જણાવ્યું કે તેઓ છેલ્લાં સાત વર્ષથી ન્યૂયોર્કમાં રહેતા હતા અને એક વર્ષ પહેલાં જ ભારત પાછા આવ્યા છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં તેમના ઘણા લોકો પોતાના પરિવાર જેવા છે. તેમને પૈસાની મદદની જરૂર નથી અને તેમણે ક્યારેય પૈસા માટે કોઈ પ્રોજેક્ટમાં કામ કરવાનું પસંદ કર્યું નથી.

સંગીતકાર હેમંતકુમારના પુત્ર જયંત મુખર્જીનું નિધન

(એજન્સી) મુંબઈ | તા.15

પતિ જયંત મુખર્જીને ગુમાવ્યા બાદ મૌસમી ચેટર્જીએ સોશિયલ મીડિયા પર એક ભાવુક પોસ્ટ શેર કરી છે. અભિનેત્રીએ પોતાની દીકરી સાથે થોડો સમય વિતાવવા માટે લોકોને એકાંત આપવાની અપીલ કરી છે. વિતેલા સમયનાં જાજરમાન બોલીવુડ અભિનેત્રી મૌસમી ચેટર્જી હાલ મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યાં છે. તેમના પતિ અને ફિલ્મ નિર્માતા જયંત મુખર્જીનું 12 નવેમ્બરે નિધન થયું હતું. પતિના નિધન બાદ હવે મૌસમી ચેટર્જીએ સોશિયલ મીડિયા પર એક ભાવુક પોસ્ટ શેર કરી છે. તેમણે લોકોને અપીલ કરી છે કે તેમને અને તેમની દીકરીને આ દુઃખમાંથી બહાર આવવા માટે થોડો સમય અને એકાંત આપવામાં આવે.આ સાથે અભિનેત્રીએ મુશ્કેલ સમયમાં સાથ આપવા અને તેમના પરિવાર માટે પ્રાર્થના કરનારા તમામ લોકોનો આભાર પણ માન્યો છે. મૌસમી ચેટર્જીએ પોતાની પોસ્ટમાં પતિ જયંતના નિધનની પુષ્ટિ કરી હતી. તેમણે જણાવ્યું કે તેમના નજીકના લોકો જયંતને પ્રેમથી બાબુ કહીને બોલાવતા હતા. અભિનેત્રીએ પોસ્ટમાં લખ્યું, 'મારા પતિ જયંત, જેમને તેમના નજીકના લોકો પ્રેમથી બાબુ કહીને બોલાવતા હતા, હવે આપણી વચ્ચે રહ્યા નથી. મારી અને



મારી દીકરીની આપ સૌને વિનંતી છે કે આ મુશ્કેલ સમયમાં અમને થોડો સમય અને એકાંત આપો. તમારી પ્રાર્થનાઓ અને સાથ બદલ અમે હૃદયપૂર્વક આભારી છીએ.' જયંત મુખર્જીએ 12 નવેમ્બરે મુંબઈમાં આવેલા પોતાના નિવાસસ્થાને અંતિમ શ્વાસ લીધા હતા. તેઓ ઉમર સંબંધિત બીમારીઓથી પીડાતા હતા અને છેલ્લા કેટલાક સમયથી તેમની તબિયત સારી નહોતી.ફેડરેશન ઑફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોઈઝના પ્રમુખ બી.એન. તિવારીએ IANS સાથેની વાતચીતમાં તેમના નિધનના સમાચારની પુષ્ટિ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે જયંત છેલ્લા કેટલાક સમયથી સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓનો સામનો કરી રહ્યા હતા.

સલમાન ખાનનો કનિકા માન પર ફૂટ્યો ગુસ્સો



(એજન્સી) મુંબઈ | તા.15

કલર્સ ટીવી અને જિયો હોટસ્ટારના રિયાલિટી શો બિગ બોસ 20ના ઘરમાં દરરોજ બદલાતા સમીકરણો અને તીખી તકરાર વચ્ચે આ અઠવાડિયાનો વીકેન્ડ કા વાર ખૂબ જ ધમાકેદાર રહ્યો છે. આ એપિસોડમાં લાંબા સમય બાદ હોસ્ટ સલમાન ખાન ફુલ એંગ્રી મોડમાં જોવા મળ્યા અને આ વખતે તેમના નિશાના પર રહી ટીવી એક્ટ્રેસ કનિકા માન. સ્કાઉટ ઓપી અને લવ ગિલ સાથે જોડાયેલા વિવાદમાં કનિકાના બેવડા વલણ અને ત્યારબાદ સલમાન સામે ઊંચા અવાજે વાત કરવા પર દબંગ ખાનનો પારો સાતમા આસમાને પહોંચી ગયો.આ સમગ્ર બબાલની શરૂઆત ત્યારે થઈ જ્યારે વીકેન્ડ કા વારમાં કાઝી તૌકીરે કનિકા માનના બેવડા વલણ પર સવાલ ઉઠાવ્યા. વીતેલા દિવસોમાં જ્યારે કાઝીએ કનિકા પર લોલીપોપ વાળી કમેન્ટ કરી હતી, ત્યારે કનિકાએ તેને મોટો મુદ્દો બનાવી દીધો હતો. પરંતુ જ્યારે સ્કાઉટ ઓપીએ લવ ગિલ પર અત્યંત ભદ્દી નાડા વાળી કમેન્ટ કરી, ત્યારે ત્યાં હાજર હોવા છતાં કનિકાએ સ્કાઉટને રોકવાને બદલે આ વાત પર હસવાનું યોગ્ય સમજ્યું. કાઝી અને આમ્રપાલી દુબે દ્વારા આ જ વાત ઉઠાવવામાં આવતા કનિકા ભડકી ગઈ અને સલમાન ખાનની સામે જ બૂમો પાડીને દલીલ કરવા લાગી. સલમાને કાઝીની વાતનું સમર્થન કર્યું, પરંતુ જ્યારે કનિકાએ પોતાનો અવાજ ધીમો ન કર્યો, ત્યારે સલમાને તેને કડક શબ્દોમાં ટોકતા કહ્યું, કનિકા, મારી સામે અવાજ ઊંચો ન કરતી.

'તૂ મિલ જાયે' ગીતના શૂટિંગની અંદરની તસવીરો આવી સામે, શાહરૂખ-દીપિકાનો રોમેન્ટિક અંદાજ છવાયો



(એજન્સી) મુંબઈ | તા.15

કોરિયોગ્રાફર પિયુષ ભગતે ચાહકો સાથે 'તૂ મિલ જાયે' ગીતના શૂટિંગની કેટલીક ખાસ તસવીરો શેર કરી છે. આ ગીત મ્યુઝિક ચાર્ટ્સમાં ધૂમ મચાવી રહ્યું છે. કોરિયોગ્રાફર પિયુષ ભગતે શાહરૂખ ખાનની ફિલ્મ 'કિંગ'ના ગીત 'તૂ મિલ જાયે'ના શૂટિંગની BTS તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં શાહરૂખ ખાન અને દીપિકા પાદુકોણની જોડીની કેમેસ્ટ્રી જોવા મળી રહી છે. સાથે જ કેપટાઉનમાં થયેલા શૂટિંગની પણ ઝલક જોવા મળી છે. શાહરૂખ ખાનની આગામી એક્શન થ્રિલર ફિલ્મ 'કિંગ'નું આ ગીત આ મહિનાની શરૂઆતમાં રિલીઝ થયું હતું. રિલીઝ થતાં જ 'તૂ મિલ જાયે'એ ઈન્ટરનેટ પર ધૂમ મચાવી દીધી છે. આ ગીત દરેક પ્લેટફોર્મ પર લોકોની પસંદ બની રહ્યું છે અને મ્યુઝિક ચાર્ટ્સમાં ટોચનું સ્થાન મેળવી રહ્યું છે. આ ગીતની લોકપ્રિયતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે ઓરમેક્સ મીડિયાના 'ઓરમેક્સ હાર્ટબીટ ટોપ 5 સોંગ્સ'માં તેણે પ્રથમ સ્થાન મેળવ્યું છે. આ ઉપરાંત જિયોસાવન પર પણ તે ટોચના સ્થાને છે. સ્ટ્રીમિંગ પ્લેટફોર્મથી લઈને સોશિયલ મીડિયા સુધી આ ગીતની ચર્ચા થઈ રહી છે. ચાહકો તેના ખાસ હૂક સ્ટેપ્સની નકલ કરીને પોતાના વીડિયો પણ શેર કરી રહ્યા છે.ગીતમાં રોમેન્ટિક અંદાજ ઉમેરવા બદલ તેની કોરિયોગ્રાફીનાં પણ ખૂબ વખાણ થઈ રહ્યાં છે. ગીતના ડાન્સ સ્ટેપ્સ શાહરૂખ ખાન અને દીપિકા પાદુકોણ વચ્ચેની પડદા પરની કેમેસ્ટ્રીને સુંદર રીતે રજૂ કરે છે.

ક્રિકેટર બનવાનું હતું સપનું, સલમાન-અજય સાથે કર્યું ડેબ્યૂ

આશિકી 2એ રાતોરાત બનાવ્યો સ્ટાર



(એજન્સી) મુંબઈ | તા.15

ક્રિકેટર બનવાનું સપનું જોનારા આદિત્ય રોય કપૂરે 2009 માં સલમાન ખાન અને અજય દેવગન સાથે લંડન ડ્રીમ્સથી બોલીવુડ ડેબ્યૂ કર્યું, પરંતુ 2013 ની આશિકી 2 એ તેને અસલી ઓળખ અને સ્ટારડમ અપાવ્યું. પોતાની શાનદાર પર્સનાલિટી, દમદાર અવાજ અને સહજ એક્ટિંગ માટે જાણીતો આદિત્ય રોય કપૂર આજે લાખો છોકરીઓના દિલ પર રાજ કરે છે. જોકે, બહુ ઓછા લોકો જાણે છે કે આદિત્ય ક્યારેય એક્ટર બનવા જ નહોતો માગતો. આદિત્યનું સપનું તો એક પ્રોફેશનલ ક્રિકેટર બનવાનું હતું, પરંતુ કિસ્મત તેને ક્રિકેટના મેદાનમાંથી ઉઠાવીને ફિલ્મોની દુનિયામાં લઈ આવી. આદિત્યએ પોતાના ફિલ્મી કરિયરની શરૂઆત સલમાન ખાન અને અજય દેવગન જેવા સુપરસ્ટાર્સ સાથે ફિલ્મ લંડન ડ્રીમ્સથી કરી હતી, પરંતુ તેને અસલી ઓળખ આશિકી 2થી મળી. આદિત્ય રોય કપૂરનો જન્મ 16 નવેમ્બર 1985 ના રોજ મુંબઈમાં થયો હતો. તેનો પરિવાર પહેલેથી જ ફિલ્મી દુનિયા સાથે જોડાયેલો હતો. તેના દાદા રઘુપત રોય કપૂર 1940 ના સમયના ફિલ્મ મેકર હતા. જ્યારે, તેનો મોટો ભાઈ સિદ્ધાર્થ રોય કપૂર બોલીવુડનો જાણીતો ફિલ્મ મેકર છે, જેમના લગ્ન એક્ટ્રેસ વિદ્યા બાલન સાથે થયા છે.આદિત્યનો બીજો મોટો ભાઈ કુણાલ રોય કપૂર પણ એક્ટર છે. આદિત્યની માતા સલોમી રોય કપૂર (સલોમી આરોન) પૂર્વ મિસ ઈન્ડિયા અને કોરિયોગ્રાફર રહી ચૂક્યા છે. આમ તેના પરિવારનો મનોરંજન જગત સાથે જૂનો નાતો રહ્યો છે. આમ છતાં આદિત્યએ ક્યારેય નાનપણથી એક્ટર બનવાનું સપનું જોયું ન હતું. આદિત્યને નાનપણથી જ ક્રિકેટ રમવાનો ખૂબ શોખ હતો. તે એક પ્રોફેશનલ ક્રિકેટર બનવા માગતો હતો અને તે માટે તેણે ક્રિકેટનું કોચિંગ પણ લીધું હતું, જોકે છઠ્ઠા ધોરણ પછી તેણે કોચિંગ છોડી દીધું. ફિલ્મોમાં આવતા પહેલા આદિત્યએ વીડિયો જોકી (VJ) તરીકે પોતાના કરિયરની શરૂઆત કરી હતી. તેના રમૂજી અંદાજ, બેબાક વાતચીત અને શાનદાર સ્ક્રીન પ્રેઝન્સને દર્શકોએ ખૂબ પસંદ કર્યો. પકાઉ અને ઈન્ડિયાઝ હોટેસ્ટ જેવા શો દ્વારા તે યુવાનોમાં ખૂબ લોકપ્રિય થઈ ગયો હતો. આ દરમિયાન તેની મુલાકાત ફિલ્મી દુનિયાના લોકો સાથે થવા લાગી અને ધીમે-ધીમે તેના માટે ફિલ્મોના દરવાજા ખુલવા લાગ્યા. આદિત્યએ વર્ષ 2009 માં ફિલ્મ લંડન ડ્રીમ્સથી બોલીવુડમાં કદમ રાખ્યો હતો. આ ફિલ્મમાં સલમાન ખાન અને અજય દેવગન જેવા મોટા સિતારાઓએ મુખ્ય પાત્રો ભજવ્યા હતા.

U19 એશિયા કપમાં ટીમ ઈન્ડિયાની આક્રમક ઉજવણીથી પાકિસ્તાન નારાજ

ઓમાનમાં U19 એશિયા કપ ફાઇનલમાં પાકિસ્તાનને હરાવ્યા બાદ ભારતીય યુવા ટીમના સેલિબ્રેશનની રીત પર વિવાદ થયો છે. કેટલાક ખેલાડીઓ પાકિસ્તાની ટીમ સામે આક્રમક રીતે ઉજવણી કરતા જોવા મળ્યા, જેના પર પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટરોએ સવાલ ઉઠાવ્યા છે. BCCIએ ભારતીય ટીમના ઉત્સાહને સમર્થન આપ્યું છે. સોશિયલ મીડિયા પર આ મુદ્દે ભારે ચર્ચા ચાલી રહી છે.



(એજન્સી) ઓમાન | તા.15

ગત રોજ ઓમાનમાં રમાયેલા અંડર-19 એશિયા કપના રોમાંચક ફાઇનલ મુકાબલામાં પાકિસ્તાનને હરાવ્યા બાદ ભારતીય યુવા ટીમની ઉજવણીની રીતને લઈને સોશિયલ મીડિયા પર મોટી ચર્ચા છેડાઈ છે. એક તરફ જ્યાં કેટલાક લોકો ભારતીય ખેલાડીઓના સમર્થનમાં ઉતર્યા છે, તો બીજી તરફ કેટલાક લોકોનું કહેવું છે કે ખેલના મેદાન પર આ પ્રકારની ઉજવણીથી બચવું જોઈતું હતું. ખાસ કરીને પાકિસ્તાનના ક્રિકેટ ફેન્સ, પૂર્વ ક્રિકેટર્સ અને એક્સપર્ટ્સ ભારતીય ટીમની ઉજવણીની રીત પર સવાલો ઉઠાવી રહ્યા છે. ફાઇનલ જીત્યા બાદ ભારતીય યુવા ખેલાડીઓએ ખૂબ જ આક્રમક અંદાજમાં ઉજવણી કરી હતી. કેટલાક ખેલાડીઓ પાકિસ્તાની ખેલાડીઓની સામે જઈને ઉજવણી કરતા પણ નજરે પડ્યા. આ દરમિયાન ભારતીય ટીમનો સપોર્ટ સ્ટાફ ખેલાડીઓને શાંત કરાવતો અને તેમને ગ્રાઉન્ડમાંથી બહાર લઈ જતો જોવા મળ્યો. કેટલાક ખેલાડીઓ પાકિસ્તાનની ટીમ તરફ ઈશારા કરતા પણ નજરે પડ્યા હતા. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ પણ આ મામલે પર પોતાનું નિવેદન જાહેર કર્યું છે. સેક્રેટરી દેવજીત સૈકિયાએ ભારતીય ટીમનું સમર્થન કર્યું છે. તેમણે ન્યૂઝ એજન્સી એએનઆઈ સાથે વાતચીતમાં જણાવ્યું, 'આ ભારતીય ટીમનો ઉત્સાહ અને તેમની ફાઇટિંગ સ્પિરિટ દર્શાવે છે. આ મેચ ભારતના હાથમાં ન હતી. જો તમે જોશો તો 280ની આસપાસ આઠ વિકેટ પડી ગઈ હતી અને ઓવરો તથા બોલ પણ ખૂબ ઓછા બચી ગયા હતા. તે સ્થિતિમાંથી ભારતની ટીમ જીતી છે, જેનાથી સ્પષ્ટ થાય છે કે ભારતીય ટીમનો આત્મવિશ્વાસ વધ્યો છે. જે રીતે જીત્યા છે તે રીતે ઉજવણી કરી તે બરોબર છે. આ જીત બાદ ભારતીય ટીમની ઉજવણીના અંદાજ પર પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટર્સે આલોચના કરી છે. પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટર અહમદ શહઝાદે કહ્યું કે 'ટૂર્નામેન્ટ જીતવા બદલ ભારતને અભિનંદન અને શાનદાર પ્રદર્શન સાથે સમગ્ર ટૂર્નામેન્ટમાં શ્રેષ્ઠ ક્રિકેટ રમવા બદલ પાકિસ્તાન અંડર-19 ટીમને પણ શ્રેય જાય છે. જોકે, જીતની ઉજવણી ખુશી સાથે થવી જોઈએ, ન કે આક્રમકતા દેખાડીને કે અકારણ દુશ્મની વધારીને. આ યુવા ખેલાડીઓ છે અને તેમને એ શીખવવું જરૂરી છે કે ખેલની ભાવના જીત અને હારથી ઘણી ઉપર હોય છે.'

8,000 ખેલાડીઓ, 6 શહેરો અને 29 રમતો ડિસેમ્બરમાં યુવા ખેલાડીઓનો જંગ

(એજન્સી) નવી દિલ્હી | તા.15

કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવિયા અને તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ આઠમી ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સનો લોગો અને માસ્કોટ જાહેર કર્યો. આઠમી ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ માટેની તૈયારીઓ તેજ બની છે. કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવિયા અને તેલંગાણાના મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડીએ રવિવારે નવી દિલ્હીમાં સ્પર્ધાનો સત્તાવાર લોગો અને માસ્કોટ જાહેર કર્યો હતો. આ વખતે તેલંગાણા પ્રથમ વખત આ રાષ્ટ્રીય કક્ષાની યુવા રમતોત્સવ સ્પર્ધાનું આયોજન કરશે. 11થી 22 ડિસેમ્બર દરમિયાન યોજાનારી આ સ્પર્ધામાં આશરે 8,000 ખેલાડીઓ અને અન્ય સહભાગીઓ ભાગ લે તેવી અપેક્ષા છે. ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સનું આયોજન તેલંગાણાનાં છ શહેરોમાં કરવામાં આવશે. તેમાં હૈદરાબાદ, ખમ્મમ, કરીમનગર, હનમકોંડા, મહબૂબનગર અને નિઝામાબાદનો સમાવેશ થાય છે. આ સ્પર્ધા યુવા ખેલાડીઓને પોતાની પ્રતિભા બતાવવા અને રાષ્ટ્રીય સ્તરે ઓળખ મેળવવા માટેનું મોટું મંચ પૂરું પાડશે. આ વખતે કુલ 29 રમતવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં 27 સ્પર્ધાત્મક રમતો અને બે પ્રદર્શન રમતો રહેશે. તીરંદાજી, એથ્લેટિક્સ, બેડમિન્ટન,



બાસ્કેટબોલ, બોક્સિંગ, સાયકલિંગ, ફૂટબોલ, હોકી, કબડ્ડી, ખો-ખો, શૂટિંગ, સ્વિમિંગ, ટેબલ ટેનિસ, ટેનિસ, વેઇટલિફ્ટિંગ અને કુસ્તી જેવી રમતોનો સમાવેશ થાય છે. આ આવૃત્તિમાં સોફ્ટબોલને પ્રથમ વખત સ્પર્ધાત્મક રમત તરીકે સામેલ કરવામાં આવી છે. જ્યારે સેઇલિંગ અને કર્રા સામુને પ્રદર્શન રમતો તરીકે સ્થાન મળ્યું છે. કર્રા સામુ તેલંગાણાની પરંપરાગત લાકડી વડે લડવાની કળા છે.જાહેર કરાયેલા લોગોમાં તેલંગાણાની સાંસ્કૃતિક ઓળખ અને રમતગમતની ભાવનાને જોડવામાં આવી છે. તેમાં આઠ મુખ્ય તત્ત્વોનો સમાવેશ કરાયો છે. કેસરિયા અને લીલા રંગની દોડતી આકૃતિ ખેલો ઈન્ડિયા કાર્યક્રમ અને યુવાનોની ઊર્જા દર્શાવે છે.આ ઉપરાંત ગાંધી ટાવર, કાકતીયા કલા તોરણમ, હુસૈન સાગર ખાતે આવેલી બુદ્ધ પ્રતિમા અને તેલંગાણાનું ઓળખચિહ્ન ગણાતું તંગેડુ ફૂલ પણ લોગોમાં સામેલ છે. સાત રમતવીરોની આકૃતિઓ અને વાદળી, લીલા તથા પીળા રંગની પટ્ટી રમતગમતમાં ગતિ, ઊર્જા અને સમાવેશની ભાવના દર્શાવે છે. લોગો સાથેનું સૂત્ર છે, 'ખેલ કા જુનૂન, તેલંગાણા કી જાન ઔર પહચાન'.આ સ્પર્ધાના માસ્કોટનું નામ 'નીલમણિ' રાખવામાં આવ્યું છે. તે યુવાનોની ઊર્જા, ચપળતા અને દૃઢ નિશ્ચયનું પ્રતીક છે. તેના માથા પરની કલગી આગળ વધવાની ઊર્જા દર્શાવે છે, જ્યારે આંખો ધ્યાન અને બુદ્ધિનું પ્રતીક છે. તેની ચાંચ દૃઢ નિશ્ચય અને નેતૃત્વની ભાવના વ્યક્ત કરે છે. રમતગમત દ્વારા યુવાનોને વધુ સક્રિય બનાવવા અને દેશની રમતગમત સંસ્કૃતિને મજબૂત કરવાનો આ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ છે. તેલંગાણામાં યોજાનારી આ આવૃત્તિમાં દેશભરના યુવા ખેલાડીઓ વચ્ચે રસપ્રદ સ્પર્ધા જોવા મળશે.

રોનાલ્ડોની રેકોર્ડ ભૂખે પોર્ટુગલની રમતને નબળી પાડી



(એજન્સી) પોર્ટુગલ | તા.15

પોર્ટુગલને ફૂટબોલ પાવરહાઉસમાં રૂપાંતરિત કરવાથી લઈને ઓછી ભૂમિકા સ્વીકારવા માટે સંઘર્ષ કરવા સુધી, રાષ્ટ્રીય ટીમ સાથે રોનાલ્ડોનો અંતિમ પ્રકરણ એ પ્રશ્નો ઉભા કરે છે કે વ્યક્તિગત મહત્વાકાંક્ષા ક્યારે સામૂહિક સફળતાને નબળી પાડવાનું શરૂ કરે છે.જીવનના અન્ય કોઈપણ ક્ષેત્ર કરતાં, રમતગમત એ છે જ્યાં 'ઓબ્સેશન' શબ્દ ઘણીવાર તેની સાચી અભિવ્યક્તિ શોધે છે. તે તમારી પ્રતિભા, શિસ્ત અને મહાનતાનો પીછો કરવા માટે સખત મહેનતને ચેનલ કરવા માટે એક સર્વગ્રાહી પ્રતિબદ્ધતા બની જાય છે.જીવનના અન્ય કોઈપણ ક્ષેત્ર કરતાં વધુ, રમતગમત એ છે જ્યાં 'ઓબ્સેશન' શબ્દ ઘણીવાર તેની સાચી અભિવ્યક્તિ શોધે છે. તે તમારી પ્રતિભા, શિસ્ત અને મહાનતાનો પીછો કરવા માટે સખત મહેનતને ચેનલ કરવા માટે એક સર્વગ્રાહી પ્રતિબદ્ધતા બની જાય છે.જાહેરાતકોઈપણ પ્રકારના જુસ્સા સાથે, સૌથી મુશ્કેલ ભાગ એ છે કે ક્યારે છોડી દેવું તે જાણવું.ક્રિસ્ટિયાનો રોનાલ્ડો, જેમણે પોતાના શબ્દોમાં કહીએ તો, પોતાની કારકિર્દીને 'પેલે અને ડિએગો મેરાડોના' જેવા દિગ્ગજ નામોના દરજ્જા સુધી પહોંચાડી હતી, તેમના પોર્ટુગલ કારકિર્દીના છેલ્લા તબક્કામાં તેમની ઘટતી શક્તિઓ સાથે આ જુસ્સો મેળ ખાતો નથી તે ઓળખવામાં નિષ્ફળતા, જે અન્યથા એક અજોડ વારસા પર એક કલંક બનવાની ધમકી આપે છે.ફૂટબોલરોની એક પેઢી તેમને આ યુગના મહાનતમ તરીકે ઓળખે છે, જ્યારે આવનારા વર્ષોમાં ઘણા લોકો આધુનિક રમત પર તેમના પ્રભાવની ઉજવણી કરવાનું ચાલુ રાખશે. જ્યારે તેમની પાસે પ્રતિભા હતી, ત્યારે તેમને ત્રણ અલગ અલગ તબક્કામાં વિભાજિત યુગ-વ્યાખ્યાયિત ફૂટબોલર બનવા માટે ક્યારેય ન જોયેલી કાર્ય નીતિ અને માનસિકતાની જરૂર હતી. તેમના શરૂઆતના વર્ષોમાં, તેઓ એક ચમકદાર છતાં અનિયમિત વિંગર હતા જેમણે તેમના હિંમતવાન ડ્રિબલિંગ અને વિસ્ફોટક ગતિથી સમર્થકોને રોમાંચિત કરવાની ક્ષમતા ધરાવતો હતો. પછી, તેમણે પોતાને એક નિર્દય ફિનિશરમાં રૂપાંતરિત કર્યા, જે 2018 માં જુવેન્ટસમાં ટ્રાન્સફર થયા ત્યાં સુધી રીઅલ મેડ્રિડમાં તેમના વિશ્વ-વિક્રમ ચાલ સાથે સુસંગત હતું; તેમના મોટાભાગના ગોલ (64) તે નવ વર્ષોમાં આવ્યા. ત્રીજા તબક્કામાં ફળદાયી પ્રદર્શન છતાં, તેની પોર્ટુગલ કારકિર્દીના છેલ્લા વર્ષો ગોલ-હેંગર તરીકે ટોચના ભાગમાં રમવા સુધી મર્યાદિત રહ્યા, જ્યારે હજુ પણ શરૂઆતની જગ્યાની ખાતરી હતી. ગોલ અને વ્યક્તિગત વિક્રમોની પોતાની અવિરત શોધમાં-જ્યાં તે પોતાની કારકિર્દીને માત્ર આંકડાઓના આધારે જ મૂલવતો હતો-રોનાલ્ડોને કદાચ શિખર પર ખૂબ જ એકલતા અનુભવવા લાગી હશે. બહારથી જોતાં એવું લાગતું હતું કે, જો સામૂહિક સફળતામાં પોતાનું નામ સ્કોરશીટ પર ન હોય, તો રોનાલ્ડોને તેમાં બહુ આનંદ મળતો ન હતો.

જયપાલ માલવિયાએ ISSF વર્લ્ડ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીતી ભારતને અપાવ્યો પ્રથમ ઓલિમ્પિક શૂટિંગ ક્વોટા



(એજન્સી) મધ્યપ્રદેશ | તા.15

મધ્યપ્રદેશના છિંદવાડાના યુવા નિશાનબાજ જયપાલ માલવિયાએ સંઘર્ષ અને સતત મહેનતના જોરે આંતરરાષ્ટ્રીય સ્તરે મોટી સફળતા મેળવી છે. કતારના દોહામાં યોજાયેલી આઈએસએસએફ વર્લ્ડ ચેમ્પિયનશિપ 2026માં પુરુષોની 10 મીટર એર પિસ્તોલ સ્પર્ધામાં રજત ચંદ્રક જીતીને તેમણે લોસ એન્જલસ ઓલિમ્પિક 2028 માટે ભારતનો પ્રથમ શૂટિંગ ક્વોટા મેળવ્યો છે. નાનકડા ગામડામાં રહેલા યુવકે પુરતા સંસાધનો વગર પણ સંઘર્ષ કરીને ઓલિમ્પિકની ટિકિટ મેળવીને ઐતિહાસિક સિદ્ધી મેળવી છે. જયપાલે બાળપણમાં દિવાળી બાદ ગામડાંમાં યોજાતા મેળામાં ફુગ્ગા ફોડવાની બંદૂકથી નિશાન લગાવવાનું શરૂ કર્યું હતું. તેમનું નિશાન સચોટ રહેતું હોવાથી ધીમે ધીમે તેમને નિશાનબાજીમાં રસ જાગ્યો. આ રસ સમય જતાં તેમના જીવનનું લક્ષ્ય બની ગયો. જયપાલની સફળતા પાછળ સંઘર્ષની લાંબી કહાની છે. તેમણે શરૂઆતમાં એક નાના ઓરડામાં અભ્યાસ કર્યો હતો. સાધનો ખરીદવા માટે પૂરતા પૈસા ન હોવાથી તેમણે પોતાના ખેતરનું ઘઉં વેચીને જૂની પિસ્તોલ ખરીદી હતી. તે સમયે તેઓ વહીવટી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી પણ કરતા હતા. તેમના શૂટિંગ કરિયર વિશે પરિવારનાં માતા-પિતાને પણ જાણ નહોતી. ડીડીસી કોલેજમાં અભ્યાસ દરમિયાન આર.કે. શ્રીવાસ્તવના માર્ગદર્શન હેઠળ તેમણે એનસીસી જોઈન કર્યું હતું. ત્યારબાદ રાષ્ટ્રીય શિબિર સહિત અનેક તાલીમ શિબિરોમાં ભાગ લીધો.



અમેરિકાના મિયામી એરપોર્ટ પર બે વિમાન અથડાયા

2 મુસાફરો ઘાયલ, 172 લોકો સવાર હતા; પેસેન્જર પ્લેનની વિન્ગ્સ કાર્ગો વિમાનના આગળના ભાગ સાથે અથડાઈ







મિયામી | અમેરિકાના મિયામી એરપોર્ટ પર શનિવારે રાત્રે બે વિમાનો અથડાયા. પનામા સિટીથી આવેલું કોપા એરલાઈન્સનું મુસાફર વિમાન એરપોર્ટ પર આગળ વધી રહ્યું હતું, ત્યારે તેની વિંગ UPSના કાર્ગો વિમાનના આગળના ભાગ સાથે અથડાઈ.

અકસ્માતમાં મુસાફર વિમાનમાં સવાર 2 લોકો સામાન્ય રીતે ઘાયલ થયા. વિમાનમાં 166 મુસાફરો અને 6 ક્રૂ સભ્યો સહિત 172 લોકો હતા. તમામને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા.

અકસ્મત અમેરિકન સમય મુજબ રાત્રે લગભગ 9:15 વાગ્યે થયો. તે સમયે બંને વિમાનો એરપોર્ટના ટેક્સીવે પર ચાલી રહ્યા હતા. UPSનું કાર્ગો વિમાન કોલંબિયાના બોગોટો જવા માટે ઉડાન ભરવાની તૈયારી કરી રહ્યું હતું.

ટક્કર બાદ તરત જ કોપા એરલાઈન્સના પાઇલટે એર ટ્રાફિક કંટ્રોલ (ATC)ને જણાવ્યું, 'કોઈએ અમારા વિમાનને ટક્કર મારી છે.' ત્યારબાદ કંટ્રોલ ટાવરે UPSના પાઇલટને પૂછ્યું કે શું તેમના વિમાનની બીજા વિમાન સાથે ટક્કર થઈ હતી.

આ અંગે UPSના પાઇલટે જવાબ આપ્યો, 'હા, અમે થોડું આગળ નીકળી ગયા હતા. ત્યારબાદ બીજા વિમાનની વિંગ અમારા વિમાન સાથે અથડાઈ.' થોડા સમય બાદ કોપાના પાઇલટે જણાવ્યું કે તેમના વિમાનની ડાબી વિંગ પણ તૂટેલી લાગે છે.

મુસાફરે કહ્યું- ટક્કરથી વિમાન અચાનક એક તરફ વળી ગયું

કોપા એરલાઈન્સના મુસાફર સીઝર ફેરેરાએ CNNને જણાવ્યું કે વિમાન સામાન્ય ઝડપે એરપોર્ટ પર આગળ વધી રહ્યું હતું. ત્યારે અચાનક મુસાફરોના અવાજો તેજ થવા લાગ્યા. ત્યારબાદ લોકોની ચીસો સંભળાઈ અને બીજા વિમાન સાથે ટક્કર થવાનો ઝટકો અનુભવાયો.

તેમણે જણાવ્યું કે ટક્કર થતાં જ વિમાન અચાનક એક તરફ ઝટકો ખાઈને વળી ગયું. કેટલાક મુસાફરો ગભરાઈ ગયા, પરંતુ ક્રૂ મેમ્બર્સે તરત જ બધાને પોતાની બેઠકો પર બેઠા રહેવા જણાવ્યું.

કોપા એરલાઈન્સે જણાવ્યું કે વિમાનને ટર્મિનલ સુધી લાવવામાં આવ્યું અને તમામ મુસાફરોને સુરક્ષિત રીતે ઉતારી લેવામાં આવ્યા. બે મુસાફરોને સામાન્ય ઈજાઓ થઈ હતી. બાકીના મુસાફરો અને ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત છે. કંપનીએ તપાસમાં અધિકારીઓને સહયોગ કરવાની વાત કહી છે.

UPSએ પણ પોતાના વિમાનના ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત હોવાની પુષ્ટિ કરી છે. કંપનીએ જણાવ્યું કે તે દુર્ઘટનાનું કારણ જાણવા માટે અધિકારીઓ સાથે કામ કરશે.

મિયામી એરપોર્ટ પર આ ઘટના લગભગ બે મહિના પહેલાં થયેલા એક મોટા અકસ્માત બાદ બની છે. 6 સપ્ટેમ્બરે સાન જુઆન, પ્યુર્ટો રિકોથી આવેલું એમેઝોનનું કાર્ગો વિમાન રનવે પરથી આગળ નીકળી ગયું હતું. વિમાને એરપોર્ટની સીમા તોડીને બે વાહનોને ટક્કર મારી હતી અને તેમાં આગ લાગી ગઈ હતી. અકસ્માતમાં 5 લોકોનાં મોત થયા હતા અને 5 લોકો ઘાયલ થયા હતા.

આ અથડામણ એવા સમયે થઈ, જ્યારે અમેરિકામાં શુક્રવારે એર ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમમાં ખામીના કારણે હજારો ફ્લાઇટ્સ પ્રભાવિત થઈ હતી. સપ્ટેમ્બર 2001ના આતંકવાદી હુમલા બાદ આ દેશમાં સૌથી લાંબા સમય સુધી ચાલેલું ફ્લાઇટ ગ્રાઉન્ડ સ્ટોપ હોવાનું જણાવાયું છે.


અમેરિકાના ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA)એ રેડિયો સિસ્ટમમાં ખામી સર્જાયા બાદ દેશભરની ઉડાનો પર રોક લગાવી દીધી હતી. આ જ સિસ્ટમ દ્વારા એર ટ્રાફિક કંટ્રોલર પાઇલટ્સને સૂચનાઓ આપે છે.

લગભગ 5 કલાક સુધી ચાલેલી આ અડચણને કારણે શુક્રવારથી 20 હજારથી વધુ ઉડાનો પ્રભાવિત થઈ છે. અધિકારીઓને આશંકા છે કે સરકારી કોન્ટ્રાક્ટર L3Harris દ્વારા લગાવવામાં આવેલા એક રાઉટરમાં ખામી સર્જાવાને કારણે આ સમસ્યા ઊભી થઈ.

FAAના પ્રમુખ બ્રાયન બેડફોર્ડે જણાવ્યું કે એરલાઈન્સને આશા છે કે રવિવારના કામકાજના દિવસના અંત સુધીમાં ઉડાનોનું સમયપત્રક ફરી સામાન્ય થઈ જશે.

ફાંસીને સરકારી હત્યા કહેવું ખોટું

મૃત્યુદંડ આપવા વિરુદ્ધ UNમાં પ્રસ્તાવ પસાર: ભારત સહિત 33 દેશોએ વિરોધ કર્યો



ન્યૂયોર્ક | સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA)માં સમગ્ર વિશ્વમાં મૃત્યુદંડ પર રોક લગાવવાનો પ્રસ્તાવ પસાર થઈ ગયો છે. શુક્રવારે યોજાયેલા મતદાનમાં 133 દેશોએ તેના સમર્થનમાં મત આપ્યો, જ્યારે ભારત સહિત 33 દેશોએ વિરોધ કર્યો. 16 દેશો મતદાનથી દૂર રહ્યા. ભારતે કહ્યું કે વિશ્વમાં મૃત્યુદંડ નાબૂદ કરવા અંગે કોઈ સહમતિ નથી. કાનૂની પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ આપવામાં આવતી ફાંસીને 'સરકાર દ્વારા કરવામાં આવેલી હત્યા' કહેવું ખોટું છે.આ પ્રસ્તાવ મેક્સિકોએ રજૂ કર્યો હતો. તેમાં તમામ દેશોને ફાંસી પર રોક લગાવવા અને ધીમે ધીમે મૃત્યુદંડ નાબૂદ કરવાની અપીલ કરવામાં આવી હતી. ભારત ઉપરાંત અમેરિકા, ચીન, પાકિસ્તાન, જાપાન, ઈરાન અને સાઉદી અરેબિયાએ પણ તેનો વિરોધ કર્યો.સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના પ્રતિનિધિ ભાવિકા મંગલાનંદને ગેરકાયદેસર હત્યાઓ વિરુદ્ધના પ્રસ્તાવને સમર્થન આપ્યું, પરંતુ મૃત્યુદંડને યાતના ગણાવતા ભાગ સાથે અસંમતિ વ્યક્ત કરી. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના પ્રતિનિધિ ભાવિકા મંગલાનંદને ગેરકાયદેસર હત્યાઓ વિરુદ્ધના પ્રસ્તાવને સમર્થન આપ્યું, પરંતુ મૃત્યુદંડને યાતના ગણાવતા ભાગ સાથે અસંમતિ વ્યક્ત કરી.ભારતે કહ્યું- દરેક દેશને પોતાનો કાયદો બનાવવાનો અધિકાર છે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી મિશનની પ્રથમ સચિવ ભાવિકા મંગલાનંદને કહ્યું કે વિશ્વના દેશો વચ્ચે મૃત્યુદંડ નાબૂદ કરવા અંગે કોઈ સહમતિ નથી. દરેક દેશને પોતાના કાયદા અને સજા નક્કી કરવાનો અધિકાર છે.તેમણે કહ્યું, 'આંતરરાષ્ટ્રીય કાયદો કેટલીક શરતો સાથે મૃત્યુદંડ આપવાની મંજૂરી આપે છે. ભારતમાં સંપૂર્ણ કાનૂની પ્રક્રિયા બાદ જ આ સજા આપવામાં આવે છે. આવી સ્થિતિમાં તેને સરકાર દ્વારા કરવામાં આવેલી હત્યા કહેવું ખોટું છે.'ભાવિકાએ એમ પણ કહ્યું કે કેટલાક લોકો પોતાની ખાનગી વિચારસરણીને આંતરરાષ્ટ્રીય કાયદા તરીકે રજૂ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. ભારતે 2016, 2018 અને 2024માં પણ આવા પ્રસ્તાવોનો વિરોધ કર્યો હતો. ભારતમાં મૃત્યુદંડ કાયદાનો એક ભાગ છે, પરંતુ તે દરેક ગુનામાં આપવામાં આવતો નથી. સુપ્રીમ કોર્ટના નિયમ મુજબ, તે માત્ર સૌથી ગંભીર કેસો એટલે કે 'દુર્લભતમમાં દુર્લભ' કેસોમાં જ આપી શકાય છે.ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં જણાવ્યું કે ફાંસી આપતા પહેલાં અનેક કાનૂની પ્રક્રિયાઓનું પાલન કરવામાં આવે છે. જ્યાં સુધી તેનો ગુનો સાબિત ન થાય ત્યાં સુધી આરોપીને નિર્દોષ માનવામાં આવે છે.નીચલી અદાલત દ્વારા મૃત્યુદંડ આપવામાં આવે ત્યારે ઉચ્ચ અદાલત દ્વારા તેની પુષ્ટિ જરૂરી હોય છે. અદાલત સજા ઘટાડવાના કારણો પર પણ વિચાર કરે છે.સંયુક્ત રાષ્ટ્રના ઠરાવમાં કહેવામાં આવ્યું કે 18 વર્ષથી ઓછી ઉંમરે ગુનો કરનારા લોકોને મૃત્યુદંડની સજા આપવી જોઈએ નહીં. જો ગુનો કરતી વખતે કોઈ વ્યક્તિની ઉંમર નક્કી ન થઈ શકે, તો પણ તેને ફાંસી આપવી જોઈએ નહીં.આ ઉપરાંત ગર્ભવતી મહિલાઓ, માનસિક અથવા બૌદ્ધિક રીતે દિવ્યાંગ લોકો અને વૃદ્ધોને પણ મૃત્યુદંડની સજામાંથી મુક્તિ આપવાની અપીલ કરવામાં આવી. ઠરાવમાં દેશોને એવી સજા થઈ શકે તેવા ગુનાઓની સંખ્યા ઘટાડવા માટે પણ કહેવામાં આવ્યું.

ભારતે સંયુક્ત રાષ્ટ્રના બીજા એક ઠરાવના એક ભાગનો પણ વિરોધ કર્યો. આ ઠરાવ કાયદેસર પ્રક્રિયા વિના કરવામાં આવતી હત્યાઓ અને મનસ્વી રીતે લોકોને મારવા સાથે સંબંધિત હતો.

'NATOનું સભ્યપદ જોઈએ તો ડોનબાસ રશિયાને સોંપી દો':અમેરિકાની ઓફરને ઝેલેન્સ્કીએ ફગાવી

'અમે અમારી એક ઇંચ જમીન પણ નહીં આપીએ'



કિવ | યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સ્કીએ દાવો કર્યો છે કે અમેરિકાએ યુક્રેનને NATOની સભ્યતા આપવાના બદલામાં ડોનબાસ વિસ્તાર રશિયાને સોંપવાનું સૂચન કર્યું છે. આ નિવેદન શનિવારે તેમની ઓફિસ દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું.ઝેલેન્સ્કીના જણાવ્યા મુજબ, અબુ ધાબીમાં રશિયા, યુક્રેન અને અમેરિકા વચ્ચે યોજાયેલી શાંતિ વાટાઘાટોમાં અમેરિકન અધિકારીઓએ પહેલીવાર આ પ્રસ્તાવ મૂક્યો હતો. જોકે, તેમણે સ્પષ્ટપણે કહ્યું કે યુક્રેન પોતાની જમીન રશિયાને નહીં આપે.ઝેલેન્સ્કીએ જણાવ્યું કે અમેરિકન અધિકારીઓએ તેમને પૂછ્યું હતું કે જો યુક્રેનને NATOની સભ્યતા મળે, તો શું તે ડોનબાસમાંથી પોતાની સેના પાછી ખેંચી લેશે? તેમણે કહ્યું કે કોઈપણ સમજૂતી માટે યુક્રેનને સુરક્ષાની પાક્કી ગેરંટી જોઈએ.ઝેલેન્સ્કીએ કહ્યું કે જો અમેરિકા અને NATOના અન્ય દેશો યુક્રેનને સુરક્ષાની પાકી ગેરંટી આપે, તો તેઓ આ પ્રસ્તાવ પર જનતાનો અભિપ્રાય લેશે. આ માટે દેશમાં જનમતસંગ્રહ પણ કરાવવામાં આવી શકે છે.તેમણે કહ્યું, 'જો અમેરિકા અને NATOના અન્ય સહયોગીઓ અમને સુરક્ષાની પાકી ગેરંટી આપે છે, તો હું યુક્રેનના લોકોને પૂછીશ કે શું આપણે આ પ્રસ્તાવ મંજૂર કરીએ છીએ કે નહીં. આટલો મોટો નિર્ણય એકલા લેવાનો અધિકાર મને નથી.'

'તમારી આ ચાલ મારા પર નહીં ચાલે'

'તમે ચૂંટણી હારી ચૂક્યા છો...':નેતન્યાહૂએ સરકાર બનાવવા માટે કરેલી અપીલને પૂર્વ સેનાપ્રમુખ આઇઝનકોટે ફગાવી



તેલ અવીવ | ઇઝરાયલના કાર્યકારી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ગાદી આઇઝનકોટને મળીને સરકાર બનાવવાની અપીલ કરી છે. તેમણે કહ્યું કે દેશની સુરક્ષા માટે તમામ મોટી પાર્ટીઓએ એકસાથે આવવું જોઈએ.જોકે, આઇઝનકોટએ થોડી જ મિનિટો બાદ નેતન્યાહૂનો પ્રસ્તાવ ઠુકરાવી દીધો. તેમણે કહ્યું:-નેતન્યાહૂ જાણે છે કે તેઓ ચૂંટણી હારી ચૂક્યા છે. તેઓ એવા સમયે વાતચીત કરવાની અપીલ કરી રહ્યા છે, જ્યારે વાતચીત પહેલેથી જ ચાલી રહી છે. તેમની આ ચાલ મારા પર કામ નહીં કરે.આઇઝનકોટ ઇઝરાયલના ભૂતપૂર્વ સેનાપ્રમુખ છે. રાષ્ટ્રપતિ ઇસાક હર્ઝોગે ગયા અઠવાડિયે તેમને નવી સરકાર બનાવવાની જવાબદારી સોંપી હતી. આ માટે તેમને 28 દિવસનો સમય મળ્યો છે. જરૂર પડ્યે વધુ 14 દિવસ મળી શકે છે. નેતન્યાહૂએ શનિવારે વીડિયો સંદેશ જાહેર કરીને કહ્યું કે ઈરાન ફરી એકવાર પોતાનો પરમાણુ કાર્યક્રમ શરૂ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. તેમણે આરોપ લગાવ્યો કે ઈરાન ઇઝરાયલને ખતમ કરવા માગે છે અને તક મળતાં જ તેની વિરુદ્ધ પરમાણુ હથિયારોનો ઉપયોગ કરી શકે છે. તેથી ઇઝરાયલે ઈરાનના પરમાણુ ખતરાને કાયમ માટે ખતમ કરવો પડશે.

નેતન્યાહૂએ કહ્યું કે આ ખતરાનો સામનો કરવા માટે દેશમાં રાષ્ટ્રીય એકતાની સરકાર બનાવવી જરૂરી છે. નાની સરકાર અથવા આતંકવાદ સમર્થક દળોના સહારે ચાલતી સરકાર આવું કરી શકશે નહીં. ઇઝરાયલમાં 27 ઑક્ટોબરે યોજાયેલી ચૂંટણીમાં કોઈપણ પક્ષ અથવા ગઠબંધનને સરકાર બનાવવા માટે જરૂરી બેઠકો મળી નહીં.120 સભ્યોની સંસદ નેસેટમાં નેતન્યાહૂના ગઠબંધનને 53 બેઠકો મળી. આઇઝનકોટના ચાર પક્ષોના ગઠબંધનને 48 બેઠકો મળી. આરબ પક્ષોએ 19 બેઠકો જીતી.ચૂંટણી બાદ રાષ્ટ્રપતિએ સાંસદોને પૂછ્યું કે તેઓ કોને વડાપ્રધાન બનતા જોવા માંગે છે. 67 સાંસદોએ આઇઝનકોટનું સમર્થન કર્યું, જ્યારે 46 સાંસદો નેતન્યાહૂની સાથે હતા. આ આધારે આઇઝનકોટને સરકાર બનાવવાની પ્રથમ તક મળી.આઇઝનકોટની યોજના છે કે તેમના ગઠબંધનના 48 સાંસદો સરકારના પક્ષમાં મત આપે અને નેતન્યાહૂના 46 સાંસદો વિરોધમાં મત આપે.

બાકીના 26 સાંસદો મતદાનથી દૂર રહે. તેમાં આરબ અને અતિ-રૂઢિવાદી પક્ષોના સભ્યો સામેલ છે. આ રીતે વિરોધમાં મત આપનારાઓ કરતાં વધુ સમર્થન મળતાં તેમની સરકાર બની શકે છે.

આઇઝનકોટએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ આરબ પક્ષોને પોતાની સરકારમાં સામેલ નહીં કરે. જોકે, તેઓ ઇચ્છે છે કે આ પક્ષો મતદાનમાં ભાગ ન લે.નેતન્યાહૂ ઇચ્છે છે કે એકતા સરકારમાં મધ્યમમાર્ગી અને જમણેરી યહૂદી પક્ષો સામેલ થાય, પરંતુ આરબ પક્ષોને બહાર રાખવામાં આવે. તેમના સહયોગીઓએ આરોપ મૂક્યો છે કે આરબ પક્ષોએ ચૂંટણી 'ચોરી' છે. આ આરોપના સમર્થનમાં કોઈ નક્કર પુરાવા આપવામાં આવ્યા નથી.આઇઝનકોટએ શુક્રવારે નેતન્યાહૂ પર આરબ પક્ષો વિરુદ્ધ જાતિવાદી અભિયાન ચલાવવાનો આરોપ મૂક્યો.તેમણે કહ્યું કે તેઓ નેતન્યાહૂની લિકુડ પાર્ટી અને બેઝાલેલ સ્મોટ્રિચની ધાર્મિક ઝાયોનિઝમ પાર્ટીના નેતાઓ સાથે સરકાર બનાવી શકે છે. પરંતુ આ માટે તેમણે એકતાની વાત પર પ્રામાણિકતા દર્શાવવી પડશે. આઇઝનકોટ સરકારમાં કટ્ટરપંથી નેતાઓને સામેલ કરવા માંગતા નથી. તેમાં જમણેરી મંત્રી ઇતામાર બેન-ગવિરના સમર્થકોનો પણ સમાવેશ થાય છે.ઇઝરાયલની સંસદ નેસેટ મંગળવારે પોતાના નવા સ્પીકરની પસંદગી કરશે. હાલમાં આ પદ નેતન્યાહૂના સહયોગી આમિર ઓહાનાના પાસે છે.વિપક્ષે તેમની જગ્યાએ ભૂતપૂર્વ સૈન્ય અધિકારી મટન કહાનાને ઉમેદવાર બનાવ્યા છે. નવી સરકાર બનાવવાના પ્રયાસોના સંદર્ભમાં આ ચૂંટણી પણ મહત્વપૂર્ણ રહેશે.

રાઉટરની ખામીને કારણે એર ટ્રાફિક સિસ્ટમ ઠપ, 2 દિવસમાં 15 હજાર ફ્લાઇટ્સ રદ

તાંબાના તાર બદલવાથી અમેરિકામાં એર ઇમરજન્સી સર્જાઈ



વોશિંગ્ટન ડી.સી. | અમેરિકામાં એર ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમને સુધારવા માટે જૂના તાંબાના વાયરને ફાઇબર કેબલથી બદલવામાં આવી રહ્યા હતા. આ દરમિયાન એક રાઉટરમાં ખામી સર્જાઈ.આના કારણે એર ટ્રાફિક કંટ્રોલની કમ્યુનિકેશન સિસ્ટમ ખોરવાઈ ગઈ અને શુક્રવારે સમગ્ર અમેરિકામાં લગભગ 5 કલાક સુધી ફ્લાઇટ્સ રોકવી પડી. બે દિવસમાં 15 હજારથી વધુ ફ્લાઇટ્સ રદ થઈ અને હજારો ફ્લાઇટ્સ મોડી પડી.અમેરિકાના પરિવહન મંત્રી સીન ડફીએ શનિવારે જણાવ્યું કે આ ખામી નવું રાઉટર લગાવતી વખતે સર્જાઈ હતી.સરકાર તપાસ કરી રહી છે કે રાઉટર ખરાબ હતું કે તેને લગાવવામાં ભૂલ થઈ હતી. અધિકારીઓએ જણાવ્યું કે હાલ સાયબર હુમલાના કોઈ પુરાવા મળ્યા નથી.અમેરિકાની એવિએશન એજન્સી FAAના પ્રમુખ બ્રાયન બેડફોર્ડે જણાવ્યું કે દેશના 22 એર ટ્રાફિક કંટ્રોલ સેન્ટરોમાંથી 17 પર આ ખામીની અસર પડી.આ સેન્ટરો હવામાં ઉડી રહેલા વિમાનો પર નજર રાખે છે અને પાઇલટોના સંપર્કમાં રહે છે. રાઉટરમાં ખામી સર્જાતા તેમનું સંચાર વ્યવસ્થાતંત્ર પ્રભાવિત થયું.જોકે, કોઈપણ સેન્ટરનો સંપર્ક સંપૂર્ણપણે તૂટી ગયો ન હતો, પરંતુ સુરક્ષાને ધ્યાનમાં રાખીને સરકારે ફ્લાઇટ્સ રોકવાનો નિર્ણય લીધો.અમેરિકામાં ઉડાનો પર રોક લગાવ્યા બાદ વર્જિનિયાના રોનાલ્ડ રીગન નેશનલ એરપોર્ટનો એર ટ્રાફિક કંટ્રોલ ટાવર.ફ્લાઇટ ટ્રેકિંગ વેબસાઇટ ફ્લાઇટઅવેર મુજબ, શુક્રવારે અમેરિકામાં આશરે 9,200 ફ્લાઇટ્સ રદ થઈ અને 7,500થી વધુ ફ્લાઇટ્સ મોડી પડી.શનિવાર સાંજ સુધીમાં 6,150થી વધુ ફ્લાઇટ્સ રદ થઈ ચૂકી હતી અને 7,300થી વધુ ફ્લાઇટ્સ મોડી પડી હતી. રવિવારની 530થી વધુ ફ્લાઇટ્સ પણ શનિવાર સાંજ સુધીમાં રદ કરવામાં આવી હતી.આ કારણે હજારો મુસાફરો એરપોર્ટ પર ફસાયેલા રહ્યા. એરલાઇન્સને પોતાના વિમાનો, પાઇલટ્સ અને અન્ય કર્મચારીઓને અલગ-અલગ સ્થળોએ પહોંચાડવામાં પણ મુશ્કેલી પડી રહી છે.અમેરિકામાં ફ્લાઇટ્સ પરનો પ્રતિબંધ હટાવ્યા બાદ ન્યૂ જર્સીના નેવાર્ક એરપોર્ટ પર પોતાની ફ્લાઇટ તરફ જતા મુસાફરો.અમેરિકાના પરિવહન મંત્રી સીન ડફીએ જણાવ્યું કે L3Harris કંપની એર ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમને ઠીક કરવાનું કામ કરી રહી હતી. આ દરમિયાન નવું રાઉટર લગાવવામાં ખામી સર્જાઈ.તેમણે કહ્યું, 'અમે તપાસ કરી રહ્યા છીએ કે રાઉટર લગાવવામાં કંપની તરફથી ભૂલ થઈ કે રાઉટર જ ખરાબ હતું. હજી સુધી તેનું સાચું કારણ જાણી શકાયું નથી.'FAAના વડા બ્રાયન બેડફોર્ડે જણાવ્યું કે આ ખામી પાછળ સાયબર એટેક અથવા AIનો હાથ હોવાના કોઈ પુરાવા મળ્યા નથી.તે જ સમયે, L3Harris કંપનીએ જણાવ્યું કે તે તપાસમાં FAAની મદદ કરી રહી છે. ફ્લાઇટ્સ બંધ થાય તે પહેલાં સિસ્ટમને અપગ્રેડ કરવાનું 70 ટકાથી વધુ કામ પૂર્ણ થઈ ચૂક્યું હતું. FAAના પ્રમુખ બ્રાયન બેડફોર્ડે મુસાફરોને થયેલી મુશ્કેલી માટે માફી માંગી. તેમણે જણાવ્યું કે સિસ્ટમને ઠીક કરવામાં આવી રહી છે. આશા છે કે રવિવાર મોડી રાત સુધીમાં ફ્લાઇટ્સ મોટા ભાગે સામાન્ય થઈ જશે.જોકે, ફ્લાઇટ્સ પરનો પ્રતિબંધ હટાવ્યા પછી પણ એરલાઇન્સને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ઘણા વિમાનો અને તેમના પાઇલટ્સ પોતાના નિર્ધારિત સ્થળે પહોંચી શક્યા નથી. તેમને ફરીથી યોગ્ય સ્થળે પહોંચાડવામાં સમય લાગી રહ્યો છે, તેથી ફ્લાઇટ્સ મોડી થઈ રહી છે.આ ઘટના બાદ અમેરિકામાં જૂની એર ટ્રાફિક સિસ્ટમને બદલવાની માંગ તેજ બની છે. પરિવહન મંત્રી સીન ડફીએ તેને સુધારવા માટે 50 અબજ ડૉલરની માંગ કરી છે. આ પહેલાં તેમણે 30 અબજ ડૉલરની માંગ કરી હતી.



હિંગોરા સમાજમાં શિક્ષણ અને વિકાસનો ત્રિવેણી સંગમ! 90 તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન, મહિલાઓ માટે રૂ. 20 લાખના ખર્ચે નિર્મિત વિશાળ શેડનું લોકાર્પણ

વીંઝાણાની હિંગોરા સમાજવાડી ખાતે અખિલ કચ્છ હિંગોરા એજ્યુકેશન એન્ડ વેલફેર ટ્રસ્ટનો ભવ્ય કાર્યક્રમ યોજાયો : 11,200 ચોરસ ફૂટ વિસ્તારમાં મહિલાઓ માટે નિર્મિત શેડનું લોકાર્પણ

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

અખિલ કચ્છ હિંગોરા એજ્યુકેશન એન્ડ વેલફેર ટ્રસ્ટ દ્વારા વીંઝાણ સ્થિત હિંગોરા સમાજવાડી ખાતે તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના દાતાઓના સહયોગથી રૂ. 20 લાખના ખર્ચે 11,200 ચોરસ ફૂટ વિસ્તારમાં મહિલાઓ માટે નિર્મિત વિશાળ શેડનું અબડાસાના મામલતદારશ્રી નીનામા સાહેબ તથા સૈયદ બશીર બાપુના વરદહસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.સમારોહમાં ધોરણ 9થી ઉચ્ચ અભ્યાસ કરતા, દીની અને દુન્યવી શિક્ષણ ક્ષેત્રે ડિગ્રી પ્રાપ્ત કરનાર તેમજ હાલમાં અભ્યાસ કરી રહેલા કુલ 90 તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત શિક્ષણ વિભાગમાંથી નિવૃત્ત થયેલા હાજીહુસેન સાહેબ હિંગોરાને શિક્ષણની સાથે સારા સંસ્કારો કેળવી સમાજ અને દેશના





સન્માનપત્ર અને શાલ અર્પણ કરી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.મામલતદારશ્રી નીનામા સાહેબે હિંગોરા સમાજની શિક્ષણ, આરોગ્ય અને આર્થિક ક્ષેત્રે થઈ રહેલી પ્રગતિને બિરદાવી ટ્રસ્ટની સેવાકીય પ્રવૃત્તિઓને અન્ય વિચરતી-વિમુક્ત જાતિઓ માટે પ્રેરણારૂપ ગણાવી હતી. સૈયદ બશીર બાપુએ વિદ્યાર્થીઓને ઉચ્ચ વિકાસમાં યોગદાન આપવા પ્રેરણા આપી હતી.કાર્યક્રમનું સંચાલન સહમંત્રી મુસ્તાક મૌલાનાએ કર્યું હતું, જ્યારે પ્રમુખ જુણસભાઈએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમની વ્યવસ્થા મહામંત્રી ખાલિદભાઈ, ઉપપ્રમુખ અલીમામદભાઈ, ખજાનચી ઈલિયાસભાઈ, સહખજાનચી જુસબભાઈ તથા સમિતિના સભ્યોએ સંભાળી હતી. સમગ્ર કાર્યક્રમની વિસ્તૃત માહિતી અખિલ કચ્છ હિંગોરા એજ્યુકેશન એન્ડ વેલફેર ટ્રસ્ટના ટ્રસ્ટી રજાકભાઈ હિંગોરાએ આપી હતી. સમારોહમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, વાલીઓ, સમાજના વડીલો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષણને પ્રોત્સાહન, મહિલાઓને સુવિધા અને સમાજના વિકાસનો સંકલ્પ - હિંગોરા સમાજની એકતા, સંગઠન અને સામૂહિક સહયોગની પ્રેરક ઝલક જોવા મળી.

બિહારમાં છઠ્ઠની તૈયારી દરમિયાન દુર્ઘટના, નદીમાં ડૂબ્યા 4 યુવકો

(એજન્સી) પટના | તા.15


બિહારની રાજધાની પટનાના મિર્ઝાપુર ગામમાં છઠ્ઠ મહાપર્વની તૈયારીઓ દરમિયાન મોટી દુર્ઘટના સર્જાઈ છે. છઠ્ઠ પૂજા માટે ઘાટની સાફસફાઈ કરી રહેલા ચાર યુવકો પુનપુન નદીમાં ડૂબી ગયા હતા. આ ઘટનામાં સ્થાનિક લોકોએ એક યુવકને મહામહેનતે નદીમાંથી બહાર કાઢી લીધો હતો, જ્યારે અન્ય ત્રણ યુવકો હજુ પણ લાપતા છે. આ દુર્ઘટના દીદારગંજ પોલીસ સ્ટેશન વિસ્તારના મિર્ઝાપુર ઘાટ પર બની હતી.મળતી માહિતી મુજબ, છઠ્ઠ મહાપર્વને ધ્યાનમાં રાખીને મિર્ઝાપુર ઘાટ પર સાફસફાઈ અને તૈયારીઓ ચાલી રહી હતી. આ દરમિયાન ચાર યુવકો પુનપુન નદીમાં ડૂબી ગયા હતા. ઘટના બનતાં જ આસપાસના લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી. સ્થાનિક લોકોએ તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી એક યુવકને બહાર કાઢ્યો હતો, પરંતુ બાકીના ત્રણ યુવકોનો કોઈ પત્તો લાગ્યો નહોતો. આ દુર્ઘટના બાદ ગ્રામજનોમાં વહીવટીતંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોનો આરોપ છે કે તેમણે NDRF અને SDRFની ટીમનો સંપર્ક કરવા માટે ફોન કર્યા હતા, પરંતુ યોગ્ય પ્રતિસાદ મળ્યો નહોતો. કેટલાક નંબર પર ફોન કરતાં ખોટો નંબર હોવાનું જણાવવામાં આવતું હતું, જ્યારે અન્ય એક કર્મચારીએ પોતાની બદલી થઈ ગઈ હોવાનું કહ્યું હતું. ગ્રામજનોના જણાવ્યા પ્રમાણે, વારંવાર ફોન કરવા છતાં કલાકો સુધી કોઈ રાહત કે બચાવ ટુકડી ઘટનાસ્થળે પહોંચી નહોતી. લોકોનો આક્ષેપ છે કે સમગ્ર વ્યવસ્થામાં ભારે અવ્યવસ્થા જોવા મળી રહી છે અને વહીવટીતંત્ર તરફથી સમયસર મદદ મળી નથી. ગ્રામજનોનું કહેવું છે કે ઘટનાસ્થળે માત્ર પોલીસ પહોંચી હતી, પરંતુ બચાવ કામગીરી માટે જરૂરી વ્યવસ્થા જોવા મળી નહોતી.



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ખાંભા તાલુકાના નિડર, નિષ્પક્ષ અને સત્યપ્રિય પત્રકાર,નેશનલ પ્રેસ એસોસિએશન IT સેલ સૌરાષ્ટ્ર ઝોનના સક્રિય અને કર્મઠ પ્રમુખ, શ્રી હસમુખભાઈ શિયાળ ને જન્મદિવસની ખૂબ ખૂબ શુ ભે ચ્છ ા ઓ આપનું જીવન તંદુરસ્ત, સુખી અને સમૃદ્ધ રહે, આપની કલમ સદાય સત્ય અને ન્યાય માટે ચાલતી રહે,એવી શુભકામનાઓ સહ...

જામનગર જિલ્લા પોલીસ સલાહકાર સમિતીમાં હાલારી ભાનુશાળી સમાજ નારણપુરના પ્રમુખની નિમણૂંક



વિશાલ જે હરવરા જામનગર

પોલીસ વિભાગ ને ઉપયોગી થવા તેમજ કાયદો અને વ્યવસ્થાની સાંપ્રત પરિસ્થિતિ બાબતે ચર્ચા થઈ શકે તેમજ પોલીસ વિભાગ ને જાહેર જનતા નો સહકાર મળી રહે તેવા ઉમદા હેતુથી સરકારશ્રી ના ગૃહ વિભાગ દ્વારા તમામ જિલ્લા માં સમિતિ ની રચના કરી હુકમ કરવામાં આવ્યો હતો જેમાં જામનગર જિલ્લા પોલીસ સલાહકાર સમિતિ માં હાલારી ભાનુશાળી સમાજ નારણપુર ના પ્રમુખ શ્રી પ્રવીણભાઈ ચાંદ્રા ની નિમણૂંક કરવામાં આવી હતી ત્યારે સમાજ ના આગેવાનો તેમજ વ્યાપારીઓ માં ખુશી ની લાગણી પ્રસરી હતી.

બેંકમાં ખાતા વિના પણ રૂ. 50 હજાર સુધી ટ્રાન્ઝેકશન થઇ શકાશે : આરબીઆઇ

(એજન્સી) નવી દિલ્હી | તા.15

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ)એ દેશમાં નાણા મોકલવા અને રોકડ રકમ મેળવવા સાથે સંકળાયેલા નિયમો અંગે નવા નિર્દેશ જારી કર્યા છે. નવા નિર્દેશો મુજબ હવે બેન્ક ખાતું ના હોય તેવા લોકો પણ એનઈએફટી મારફત અન્ય લોકોને નાણાં મોકલી શકશે અથવા મેળવી શકશે. નવા નિયમ મુજબ બેન્ક ખાતું ના હોય તો પણ વ્યક્તિ નેશનલ ઈલેક્ટ્રોનિક ફંડ્સ ટ્રાન્સફર એટલે કે એનઈએફટી મારફત નાણાં મોકલી શકશે. કોઈપણ વ્યક્તિ બેન્કની શાખામાંથી મહત્તમ રૂ. ૫૦,૦૦૦ જેટલી રકમ મોકલાવી શકશે.દેશમાં આજે પણ ઘણાં એવા લોકો છે જેમની પાસે બેન્ક ખાતા નથી અથવા તેમના માટે બેંકિંગ સુવિધાઓ સરળતાથી ઉપલબ્ધ નથી. વિશેષરૂપે પોતાના ઘરથી દૂર અન્ય શહેરોમાં કામ કરતા મજૂરોને વતનમાં નાણા મોકલવામાં મુશ્કેલી ઉભી થાય છે. આવા લોકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી આરબીઆઇએ ઘરેલુ મની ટ્રાન્સફરના નિયમોમાં સ્પષ્ટતા કરી છે અને નવા નિર્દેશો જાહેર કર્યા છે. કોઈ બેન્કમાં તમારું ખાતું ના હોય તો પણ બેન્ક મિત્ર એટલે કે બિઝનેસ કોરસપોન્ડન્સ (બીસી), એટીએમ કે અન્ય મંજૂર માધ્યમોથી નાણા મોકલી શકે છે. આ માધ્યમથી મહત્તમ ૫૦૦૦ રૂપિયા અન્ય બેંક ખાતામાં મોકલી શકાય છે. આરબીઆઇએ એવા લોકોને પણ નાણા પ્રાપ્ત કરવાની સુવિધા આપી છે જેમની પાસે બેંક ખાતું નથી. નાણા પ્રાપ્ત કરનાર વ્યકિત પાસે બેંક ખાતું નથી તો તે વ્યકિત એટીએમ, બેંક મિત્ર કે અન્ય મંજૂર પેમેન્ટ માધ્યમોનો ઉપયોગ કરી શકે છે.આરબીઆઇએ ઘરેલુ મની ટ્રાન્સફરના નવા નિર્દેશ, ૨૦૨૬ જારી કર્યા છે. તેનો અમલ શરૂ થઇ ગયો છે. આ નિયમો હેઠળ બેંક ખાતા વગરનાં લોકો પણ નિર્ધારિત મર્યાદામાં રોકડ નાણા અન્ય વ્યકિતનાં બેંક ખાતામાં મોકલી શકે છે. આ ઉપરાંત જે લોકો પાસે બેંક ખાતા નથી તે પણ મોકલવામાં આવેલી રકમ રોકડમાં પ્રાપ્ત કરી શકે છે. જો કે નાણા મોકલવા અને પ્રાપ્ત કરવાની વર્તમાન મર્યાદાઓમાં કોઇ ફેરફાર કર્યો નથી. આરબીઆઇના નવા નિયમ મુજબ બેન્ક ખાતું ના હોય તેવા લોકો પણ એનઈએફટી મારફત નાણાં મેળવી શકે છે. તેઓ એક વખતમાં મહત્તમ રૂ. ૧૦,૦૦૦ની રોકડ મેળવી શકશે.

સ્પામ કોલ અને મેસેજ સામે ટ્રાઈનો સપાટો, 1.24 લાખ નંબરો બ્લોક

(એજન્સી) નવી દિલ્હી | તા.15

ટ્રાઈએ સ્પેમ કોલ અને મેસેજ મોકલનારાઓ સામે કડક કાર્યવાહી કરતા જુલાઈથી સપ્ટેમ્બર ૨૦૨૬ દરમ્યાન ૧.૨૪ લાખથી વધુ મોબાઈલ નંબરો અને ટેલીકોમ સેવાઓ પર પ્રતિબંધ મુક્યો છે. ઉપરાંત, નિયમોનો ભંગ કરનાર ૩૭૪ સંસ્થાઓને એક વર્ષ માટે બ્લેકલિસ્ટ કરવામાં આવી છે. આ કાર્યવાહીનો મુખ્ય હેતુ મોબાઈલ ગ્રાહકોને અનિચ્છનીય કોલ અને મેસેજથી સુરક્ષા આપવાનો છે. ટ્રાઈના અહેવાલ મુજબ પ્રથમ વખત નિયમોનો ભંગ કરનારા ૧,૧૦,૩૨૫ કનેક્શનની કોલ અને મેસેજ સુવિધા પંદર દિવસ માટે બંધ કરવામાં આવી હતી. વારંવાર નિયમો તોડનારા ૧૩,૭૭૭ કનેક્શન એક વર્ષ માટે બંધ કરાયા છે. આ ઉપરાંત ૩,૭૨૫ એસએમએસ હેડર બ્લોક કરાયા છે. બ્લેકલિસ્ટ થયેલી સંસ્થાઓ



આગામી એક વર્ષ સુધી નવી ટેલીકોમ સેવા મેળવી શકશે નહિ.આ ત્રણ મહિનામાં ટ્રાઈને સ્પેમ કોલ અને મેસેજ બાબતે ૧૫.૨૯ લાખ ફરિયાદો મળી હતી, જેમાંથી ૭.૨૩ લાખ ફરિયાદો કાર્યવાહીપાત્ર હતી. કુલ ફરિયાદોમાંથી ૯૨.૯ ટકા ફરિયાદો ટ્રાઈના ડીએનડી એપ દ્વારા નોંધાઈ હતી. ટેલીકોમ કંપનીઓએ એઆઈની મદદથી ૧૯.૯ અબજ શંકાસ્પદ કોલ અને મેસેજ ઓળખ્યા હતા. કેવાયસી ચકાસણીમાં નિષ્ફળ ગયેલા ૯,૯૭૭ કનેક્શન પણ બંધ કરાયા હતા.સ્પેમ કોલ ઓળખવા માટે ટ્રાઈએ અલગ નંબર સીરીઝ નક્કી કરી છે. પ્રમોશનલ કોલ માટે ૧૪૦, બેંકિંગ, વીમા અને સરકારી સેવાઓ માટે ૧૬૦૦ તેમજ ડિલિવરી અને આવશ્યક સેવાઓ માટે ૧૬૦૧ સીરીઝ રાખવામાં આવી છે. સપ્ટેમ્બર ૨૦૨૬ના અંત સુધીમાં ૨૨,૪૪૯ કરોડ ગ્રાહકોએ ડીએનડી રજિસ્ટ્રીમાં પોતાની પસંદ નોંધાવી હતી, જે કુલ મોબાઈલ ગ્રાહકોના ૧૬.૬૪ ટકા છે.

સરકારમાં ડીંડક : હાઈકોર્ટના નકલી આદેશથી 129 વેબસાઇટ બ્લોક

(એજન્સી) નવી દિલ્હી | તા.15

કોર્ટના બનાવટી આદેશના પગલે ૧૨૯ ઓનલાઇન સટ્ટાબાજીની વેબસાઇટને બ્લોક કરવાનો મામલો હવે પીએમઓ સુધી પહોંચી ગયો છે. પીએમ મોદીની ઓફિસે શનિવારે પ્રસારણ સચિવ અમિત અગ્રવાલને બોલાવીને જવાબ માંગ્યો છે. અગ્રણી ન્યૂઝ એજન્સીએ બે સરકારી અધિકારીઓને ટાંકીને આ જાણકારી આપી છે.પીએમઓએ દૂરસંચાર સચિવ અમિત અગ્રવાલને બોલાવીને પૂછ્યું છે કે કોર્ટના બનાવટી આદેશોના આધારે વેબસાઇટોને બ્લોક કરવાના આદેશ કેવી રીતે આપવામાં આવ્યા. આ અંગે જવાબ આપવા માટે અગ્રવાલે તેમના બીજા રાજ્યના પ્રવાસને અધવચ્ચે છોડવો પડ્યો. અમિત અગ્રવાલ દૂરસંચાર મંત્રાલયના સૌથી મોટા અધિકારી છે. આ મંત્રાલય મોટી ટેલિકોમ કંપનીઓથી લઈને ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડર કંપનીઓના કામકાજ પર નજર



રાખે છે.એક સરકારી અધિકારીના જણાવ્યા મુજબ સટ્ટાબાજી સાથે જોડાયેલી વેબસાઇટો બ્લોક કરવા માટેની કાર્યવાહી પ્રસારણ મંત્રાલયના પ્રાદેશિક અધિકારીઓએ કરી હતી. જો કે આ આખા મામલે અમિત અગ્રવાલ, પ્રસારણ મંત્રાલય અને પીએમઓએ ન્યૂઝ એજન્સીને કોઇ જવાબ આપ્યો નથી. કોર્ટના આ બનાવટી આદેશો એકદમ સાચા લાગે તેવા બતાવવા માટે કોર્ટના લોગો અને મહોરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ફક્ત એટલુ જ નહીં આ આદેશોમાં નકલી ક્યુઆર કોડ પણ લગાવવામાં આવ્યો હતો. આ બનાવટી આદેશ હાઇકોર્ટના નામે જારી કરવામાં આવ્યા હતા. પોલીસ અને કોર્ટની રજિસ્ટ્રી પાસેથી આ આદેશો બનાવટી હોવાનો ખુલાસો કર્યો હતો.આશ્ચર્યની વાત તો એ છે કે આ બનાવટી આદેશ કેટલાય મહિનાઓ સુધી પ્રસારણ મંત્રાલયની વેબસાઇટ પર રહ્યા હતા. શનિવાર સુધી એક બનાવટી આદેશ વેબસાઇટ પર દેખાતો હતો.

મુંબઈ એરપોર્ટ પર વ્હીલચેરમાં જોવા મળ્યા 81 વર્ષીય જાવેદ અખ્તર

(એજન્સી) મુંબઈ | તા.15

હિન્દી સિનેમાના જાણીતા લેખક અને ગીતકાર જાવેદ અખ્તર રવિવાર, 15 નવેમ્બરે પત્ની શબાના આઝમી સાથે મુંબઈ એરપોર્ટ પર જોવા મળ્યા હતા. આ દરમિયાન 81 વર્ષીય જાવેદ અખ્તર વ્હીલચેર પર બેઠેલા નજરે પડ્યા હતા. પાપારાઝીએ તેમની સાથે તસવીરો પડાવવાની વિનંતી કરતાં જાવેદ અખ્તર તરત જ વ્હીલચેરમાંથી ઊભા થયા અને પત્ની શબાના સાથે કેમેરા સામે પોઝ આપ્યા. તેમનો આ વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ પસંદ કરવામાં આવી રહ્યો છે.જાવેદ અખ્તરને વ્હીલચેરમાં જોઈને ચાહકો તેમની તબિયતને લઈને ચિંતિત થયા છે. જોકે, તેમને વ્હીલચેરની જરૂર કેમ પડી તે અંગે જાવેદ અખ્તર કે શબાના આઝમી તરફથી કોઈ સત્તાવાર માહિતી આપવામાં આવી નથી. તેમની તબિયત અંગે પણ કોઈ નિવેદન સામે આવ્યું નથી. તેઓ સરળતાથી ઊભા થઈને તસવીરો પડાવતા જોવા મળતાં ચાહકોએ રાહત અનુભવી હતી. થોડા અઠવાડિયા પહેલાં જ શબાના આઝમીએ સોશિયલ મીડિયા પર જાવેદ અખ્તરના સંઘર્ષના દિવસોને યાદ કર્યા હતા. તેમણે જાવેદની એક જૂની તસવીર શેર કરીને જણાવ્યું હતું કે 4 ઓક્ટોબર, 1964ના રોજ જાવેદ અખ્તર માત્ર 27 નવા પૈસા અને મોટાં સપનાં લઈને મુંબઈ સેન્ટ્રલ સ્ટેશન પહોંચ્યા હતા. શબાનાએ જણાવ્યું હતું કે મુંબઈ આવ્યા બાદ જાવેદ પાસે રહેવા માટે કોઈ જગ્યા નહોતી. તેમણે ફૂટપાથ, રેલવે સ્ટેશન અને ફિલ્મ સ્ટુડિયોના પરિસરમાં રાતો વિતાવી હતી.

જૂનાગઢમાં સાસણ ખાતે જિલ્લા કક્ષાના જનજાતીય ગૌરવ દિવસ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૧૫, ધરતી આબા ભગવાન બિરસા મુંડાજીની ૧૫૧ મી જન્મજયંતિ નિમિતે જૂનાગઢ જિલ્લાના સાસણ મુકામે જિલ્લા કક્ષાના જનજાતીય ગૌરવ દિવસ કાર્યક્રમની ઉજવણી આજરોજ ઉત્સાહભેર કરવામાં આવી હતી. આ તકે કાર્યક્રમના અધ્યક્ષ અને જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી લીનાબેન કાવાણીએ જણાવ્યું હતું કે, આજરોજ ભગવાન બિરસા મુંડાજીની ૧૫૧ મી જન્મજયંતિ છે. આજનો દિવસ આદિવાસી સમાજની સંસ્કૃતિ, વિરાસત, શૌર્ય, સંઘર્ષ, સાહસ, બલિદાન, દેશપ્રેમ, અસ્મિતાને યાદ કરવાનો પાવન અવસર છે. વર્ષ ૨૦૨૧ થી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં આ દિવસની સમગ્ર દેશમાં ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. ભગવાન બિરસા મુંડાજી એ અંગ્રેજી શાસનના અન્યાય અને શોષણ સામે આદિવાસી સમાજને સંગઠિત કરી જળ, જંગલ અને જમીનના અધિકારો માટે સંઘર્ષ કર્યો હતો. આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા




તા.૧૨ થી ૧૮ નવેમ્બર દરમિયાન રાજ્યભરમાં જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. આ તકે વિવિધ યોજનાના લાભાર્થીઓને અને વિશિષ્ટ સિદ્ધિ મેળવેલા નાગરિકોનું મંચસ્થ મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ સ્થાનિક સીદી સમુદાયના લોકો દ્વારા પરંપરાગત ધમાલ નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. તેમજ લોક કલાકારો દ્વારા પરંપરાગત ગુજરાતી રાસ ગરબા, સ્થાનિક લોકગીતોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ તકે સીદી સમુદાયના લોકોએ આ કાર્યક્રમ અંગે પોતાના પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા. આ તકે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. તેમજ કાર્યક્રમને અનુરૂપ દસ્તાવેજી ચલચિત્રનું પ્રસારણ પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં પદાધિકારીગણ, મહાનુભાવો, સંલગ્ન વિભાગના અધિકારીગણ, કર્મચારીગણ, લાભાર્થીઓ, સ્થાનિક નાગરિકો, સીદી સમુદાય ના નાગરિકો હાજર રહ્યા હતા.

સંખેડા તાલુકાની ગોલાગામડી ચોકડીના સર્કલમાં ભગવાન બિરસા મુંડાની પ્રતિમા સ્થાપવાની માંગ કરવામાં આવી

રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા

સંખેડા તાલુકાની ગોલાગામડી ચોકડીના સર્કલમાં ભગવાન બિરસા મુંડાની પ્રતિમા સ્થાપવાની માંગ કરવામાં આવી છે. આનંદપુરાના સામાજિક કાર્યકર શાંતિલાલ રાઠવાએ આ અંગે રાજ્યસભાના સાંસદ ડૉ. મુકેશભાઈ જે. રાઠવાને ઈ-મેઈલથી લેખિત રજૂઆત કરી છે.રાઠવાએ પ્રતિમા સ્થાપવા માટે જરૂરી મંજૂરી અને સહયોગ આપવા વિનંતી કરી છે. ગોલાગામડી ચોકડી વડોદરા અને છોટાઉદેપુરને જોડતા રાજ્ય ધોરીમાર્ગ પર આવેલી છે. તેની આસપાસ આદિવાસી વસ્તી ધરાવતા અનેક ગામો અને વસાહતો છે.રજૂઆતમાં જણાવાયું છે કે ભગવાન બિરસા મુંડાએ આદિવાસી સમાજના હક, અધિકાર અને જળ, જંગલ તથા જમીનના રક્ષણ માટે સંઘર્ષ કર્યો હતો. તેમનું જીવન અને બલિદાન આદિવાસી સમાજ માટે ગૌરવ અને પ્રેરણાનું પ્રતીક છે.રાઠવાએ જણાવ્યું કે ચોકડી પર પ્રતિમા સ્થાપવાથી આદિવાસી સમાજની ઓળખ, સંસ્કૃતિ, ઈતિહાસ અને ગૌરવનું પ્રતીક ઊભું થશે. તેનાથી યુવાનો અને આવનારી પેઢીને બિરસા મુંડાના જીવન, સંઘર્ષ, સ્વાભિમાન અને સમાજસેવાના વિચારોમાંથી પ્રેરણા મળશે.તેમણે સાંસદને આ માંગને સમર્થન આપવા અને જિલ્લા વહીવટી તંત્ર, જિલ્લા કલેક્ટર તથા રાજ્ય માર્ગ-મકાન વિભાગ સમક્ષ રજૂઆત કરવા વિનંતી કરી છે. સ્થળની કાયદાકીય સ્થિતિ અને સુપ્રીમ કોર્ટના લાગુ પડતા આદેશોને ધ્યાનમાં રાખીને મંજૂરી અને સહયોગ આપવા પણ અપીલ કરી છે.શાંતિલાલ રાઠવાએ આશા વ્યક્ત કરી છે કે સાંસદ આ માંગને હકારાત્મક રીતે ધ્યાનમાં લઈને યોગ્ય કાર્યવાહી કરાવશે. સંખેડા તાલુકાના મહત્વપૂર્ણ વ્યાપારી અને પરિવહન કેન્દ્ર ગણાતી ગોલાગામડી ચોકડીના સર્કલમાં આદિવાસી સમાજના આરાધ્ય દેવ અને ક્રાંતિવીર ભગવાન બિરસા મુંડાની પ્રતિમા સ્થાપવા માટેની પ્રબળ માંગ ઉઠી છે. આ સંદર્ભે આનંદપુરાના સામાજિક કાર્યકર શાંતિલાલ રાઠવા દ્વારા રાજ્યસભાના સાંસદ ડૉ. મુકેશભાઈ જે. રાઠવાને ઈ-મેઈલ મારફતે વિગતવાર લેખિત રજૂઆત કરવામાં આવી છે.સંખેડા ગોલાગામડી ચોકડી ભગવાન બિરસા મુંડા પ્રતિમા ૨૦૨૬ અંગેની આ રજૂઆતમાં જણાવાયું છે કે, ગોલાગામડી ચોકડી વડોદરા અને છોટાઉદેપુરને જોડતા મુખ્ય રાજ્ય ધોરીમાર્ગ (State Highway) પર આવેલી છે અને તેની આસપાસના વિસ્તારોમાં આદિવાસી સમાજની બહોળી વસ્તી ધરાવતા અનેક ગામો તથા વસાહતો આવેલા છે.આવેદનમાં વધુમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ભગવાન બિરસા મુંડાએ આદિવાસી સમાજના હક, અધિકાર તેમજ જળ, જંગલ અને જમીનના રક્ષણ માટે ઐતિહાસિક સંઘર્ષ કર્યો હતો.



કાશ્મીર-ઉત્તરાખંડમાં હિમવર્ષા, દિલ્હી-રાજસ્થાનમાં ઝરમર વરસાદ:યુપીમાં ધુમ્મસ, ઓડિશામાં ત્રીજા વાવાઝોડાનું એલર્ટ

(એજન્સી) નવી દિલ્હી | તા.15

કાશ્મીર અને ઉત્તરાખંડના ઘણા વિસ્તારોમાં શનિવારની રાત્રે હિમવર્ષા થઈ. તેના કારણે રવિવારે મેદાની વિસ્તારોમાં ઠંડી પડવા લાગી છે. હિમાચલ પ્રદેશ અને લદ્દાખમાં આગામી બે દિવસ હિમવર્ષાની શક્યતા છે.દિલ્હી અને રાજસ્થાનમાં થયેલા હળવા વરસાદથી હવામાનમાં ઠંડક આવી ગઈ છે. દિલ્હી ઉપરાંત 10 જિલ્લાઓમાં વાદળછાયું વાતાવરણ છે. અહીં હળવા વરસાદનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.ઉત્તર પ્રદેશના 15 શહેરોમાં ગાઢ ધુમ્મસ છવાઈ જતાં સવારના સમયે વિઝિબિલિટી ઘણી ઓછી રહી. આગામી બે દિવસ હવામાન આવું જ રહેશે.મધ્ય પ્રદેશના 19 જિલ્લાઓમાં તાપમાન 15 ડિગ્રીથી ઓછું છે. અનુપપુરના અમરકંટકમાં સૌથી ઓછું 10.7 ડિગ્રી તાપમાન નોંધાયું.આ દરમિયાન, બંગાળની ખાડીના દક્ષિણ-પૂર્વી ભાગમાં બનેલું લો પ્રેશરનું ક્ષેત્ર વધુ મજબૂત બની રહ્યું છે. તેના કારણે 16 નવેમ્બરની સાંજ સુધીમાં ચક્રવાતી તોફાન બની શકે છે. ચક્રવાત બનશે તો તેનું નામ 'અકવાન' રાખવામાં આવશે. આ નામ ઈરાને સૂચવ્યું છે. એક મહિનામાં બંગાળની ખાડીમાંથી ઉદ્ભવેલું આ ત્રીજું તોફાન હશે.10 જિલ્લાઓમાં વરસાદનું એલર્ટ, આવતીકાલથી ઠંડી વધશે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે શનિવારે રાજસ્થાનમાં હળવો વરસાદ થયો છે. હવામાન વિભાગે રવિવારે પણ બીકાનેર સહિત જયપુર સંભાગના 10 જિલ્લાઓમાં વાદળછાયું વાતાવરણ અને કેટલાક વિસ્તારોમાં હળવા



વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું છે.મધ્ય પ્રદેશમાં 20 નવેમ્બર બાદ વરસાદનો એક તબક્કો આવી શકે છે. હવામાન કેન્દ્ર (IMD) મુજબ, બંગાળની ખાડી ઉપર બનેલા ચક્રવાતી તોફાનને કારણે આવું થવાની સંભાવના છે. હાલમાં રાજ્યમાં ઠંડીનો દોર શરૂ થઈ ગયો છે. પહાડોમાં હિમવર્ષાને કારણે હવામાનમાં ઠંડક પ્રસરી ગઈ છે. રાત્રિ અને સવારના સમયે વધુ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.છત્તીસગઢમાં ઠંડીની અસર ધીમે ધીમે વધવા લાગી છે. રાજ્યના 10 જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાન 16 ડિગ્રી સેલ્સિયસથી નીચે નોંધાયું છે. સરગુજામાં સૌથી ઓછું 11.4C તાપમાન રહ્યું. જ્યારે બલરામપુર-રામાનુજગંજમાં પારો 13.4C અને બાલોદમાં 13.6C નોંધાયો. રાજધાની રાયપુરમાં લઘુત્તમ તાપમાન 18C રહ્યું.યુપીમાં ઠંડીએ હવે ઝડપ પકડી લીધી છે. પહાડો પર થઈ રહેલી હિમવર્ષા અને ઉત્તર-પશ્ચિમ તરફથી ફૂંકાતા પવનોની અસરથી ઠંડી વધવા લાગી છે. રવિવારે લખનઉ, કાનપુર, સંભલ, શામલી, મઉ, બારાબંકી, ઉન્નાવ સહિત 15 શહેરોમાં સવારે ધુમ્મસ છવાયેલું રહ્યું. જ્યારે શનિવારે લગભગ 25 શહેરો ગાઢ ધુમ્મસની ચપેટમાં રહ્યા.પંજાબના ચાર જિલ્લાઓમાં આજે 15 નવેમ્બરે કેટલાક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ થવાની શક્યતા છે. આ દરમિયાન જાલંધરમાં સવારે હળવી ઝરમર વરસાદને કારણે હવામાન ઠંડું થઈ ગયું છે. હવામાન વિભાગ અનુસાર ફતેહગઢ સાહિબ, રૂપનગર, પટિયાલા અને મોહાલીમાં વરસાદ પડી શકે છે.

સિટી
એક્સપ્રેસ

MONDAY 16 NOVEMBER-2026
AHMEDABAD

20 હજાર પગારવાળીને રાખીને શું કરીએ કહીં પરિણીતાને ત્રાસ

અમદાવાદ | અમદાવાદના મકરબામાં રહેતી અને એમેઝોન કંપનીમાં નોકરી કરતી પરિણીતાને દહેજ, પગાર અને ઘરકામ બાબતે સાસરિયાઓએ ત્રાસ આપી ઘરમાંથી કાઢી મૂકી હતી. તેમજ સોનાની લકી, બાઈક અને ફોરેન ટ્રીપ માટે દબાણ કર્યું હતું અને ટીવીના હપ્તા ભરવા તેમજ પગાર આપી દેવા ત્રાસ આપતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.એટલું જ નહીં સાસુએ પરિણીતાને માતાજીએ તને મારા દીકરાની વહુ તરીકે રાખવાની ના પાડી છે કહી ત્રાસ આપ્યો હતો.

પ્રથમ સત્ર પૂરું થયું છતાં શાળાઓને RTEની ગ્રાન્ટ ન મળી

અમદાવાદ | શિક્ષણના અધિકાર અધિનિયમ (RTE) હેઠળ ખાનગી શાળાઓમાં અભ્યાસ કરતા જરૂરિયાતમંદ બાળકોની ફી પેટે રાજ્ય સરકાર દ્વારા શાળાઓને આપવામાં આવતી ગ્રાન્ટના હપ્તાની ચુકવણી હજુ સુધી કરવામાં આવી નથી. વર્ષ 2026-27નું ચાલુ શૈક્ષણિક વર્ષનું પ્રથમ સત્ર પૂર્ણ થઈ ગયું હોવા છતાં શાળા સંચાલકોને RTEનો હપ્તો ચૂકવવામાં ન આવતા રાજ્ય શાળા સંચાલક મહામંડળે પ્રાથમિક શિક્ષણ નિયામકને પત્ર લખ્યો છે. વહેલી તકે RTEનો હપ્તો રિલીઝ કરવામાં આવે તેવી માગ કરી છે. આ સાથે જ નામદાર કોર્ટમાં જવાની પણ ચીમકી ઉચ્ચારી છે.

'આપ' રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલની શ્રદ્ધાંજલિ, બિરસા મુંડાજીનો આદિવાસી ઉત્થાનનો સંઘર્ષ અવિસ્મરણીય

ધરતી આબા ભગવાન બિરસા મુંડાજીની 151મી જન્મજયંતિ પર આમ આદમી પાર્ટી દ્વારા આદિવાસી ક્રાંતિકારી બિરસા મુંડાને કોટી-કોટી નમન



અમદાવાદ | આદિવાસી ક્રાંતિકારી અને જળ, જંગલ તેમજ જમીનની રક્ષા માટે જીવન સમર્પિત કરનાર 'ધરતી આબા' ભગવાન બિરસા મુંડાજીની 151મી જન્મજયંતિ નિમિત્તે આમ આદમી પાર્ટી (AAP) દ્વારા તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી છે. આ અવસરે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સોશિયલ મીડિયા પર વિશેષ ટ્વીટ કરીને બિરસા મુંડાજીને કોટી-કોટી નમન કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, આદિવાસી સમાજના અધિકારો, અસ્મિતા અને સ્વાભિમાનની રક્ષા માટે બિરસા મુંડાજીએ અંગ્રેજ શાસન સામે જે ઐતિહાસિક સંઘર્ષ કર્યો હતો, તે આજે પણ સમગ્ર દેશના નાગરિકોને પોતાના હકો માટે લડવાની પ્રેરણા આપે છે.આમ આદમી પાર્ટી હંમેશાં વંચિતો, શોષિતો અને આદિવાસી સમાજના ઉત્થાન, શિક્ષણ, સ્વાસ્થ્ય અને તેમના બંધારણીય અધિકારોના સંરક્ષણ માટે પ્રતિબદ્ધ રહી છે. ભગવાન બિરસા મુંડાજીના વિચારોને અનુસરીને 'આપ' દ્વારા દેશના અંતરિયાળ વિસ્તારોમાં રહેતા આદિવાસી ભાઈ-બહેનોના સશક્તિકરણ માટે સતત અવાજ ઉઠાવવામાં આવે છે. આજના પવિત્ર દિવસે દેશભરમાં આદિવાસી સંસ્કૃતિ અને બિરસા મુંડાજીના બલિદાનને યાદ કરી તેમના બતાવેલા માર્ગ પર ચાલવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે.

ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે

વલસાડના નાનાપોંઢા ખાતે 'જનજાતિય ગૌરવ દિવસ'ની ભવ્ય ઉજવણી



અમદાવાદ | ભારતના મહાન આદિવાસી સ્વાતંત્ર્ય સેનાની ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે 'જનજાતિય ગૌરવ દિવસ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે આજે સવારે તા. ૧૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ વલસાડ જિલ્લાના નાનાપોંઢા ખાતે જનજાતિય ગૌરવ દિવસની ભવ્ય અને ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ સવારે નાનાપોંઢા સર્કલ ખાતે આવેલી ભગવાન બિરસા મુંડાજીની પ્રતિમાને ભાવપૂર્વક પુષ્પ અર્પણ કરી ફૂલહાર પહેરાવીને આ ગૌરવપૂર્ણ કાર્યક્રમની શરૂઆત કરાવી હતી.ત્યારબાદ નાનાપોંઢા સર્કલથી મુખ્ય કાર્યક્રમ સ્થળ હેલિપેડ ગ્રાઉન્ડ સુધી એક ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં પરંપરાગત આદિવાસી સંસ્કૃતિની ઝાંખી કરાવતા લોકનૃત્યો અને વાદ્યોના તાલે ખૂબ મોટી સંખ્યામાં આદિવાસી ભાઈઓ અને બહેનો ઉત્સાહભેર જોડાયા હતા. સમગ્ર વાતાવરણ આદિવાસી અસ્મિતા અને ગૌરવના નાદથી ગુંજી ઉઠ્યું હતું.રેલી દરમિયાન આદિવાસી નૃત્યમાં નાયબ મુખ્યમંત્રીશ્રી પણ સહભાગી થયા હતા.આ રેલીમાં મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો, આદિવાસી સમાજના આગેવાનો અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માણાવદર વિધાનસભાના સ્નેહમિલનમાં 'આપ' ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ સરકારની જળનીતિ સામે ઉઠાવ્યા ગંભીર સવાલો

અમદાવાદ |આમ આદમી પાર્ટી દ્વારા 85-માણાવદર વિધાનસભા વિસ્તારમાં નવા વર્ષ નિમિત્તે ભવ્ય સ્નેહમિલન અને જનસંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઇટાલિયા, પ્રદેશ સંગઠન મંત્રી અને સૌરાષ્ટ્ર ઝોન ઇન્ચાર્જ રાજુ બોરખતરિયા, પ્રદેશ ઓબીસી સેલ પ્રમુખ પિયુષ પરમાર સહિતના હોદ્દેદારો, કાર્યકરો અને વિશાળ સંખ્યામાં સ્થાનિક નાગરિકો ઉપસ્થિતિ રહ્યા હતા. વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જનમેદનીને સંબોધિત કરી હતી. તેમણે પોતાના સંબોધનમાં રાજ્ય સરકારની જળ વ્યવસ્થાપન નીતિ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, આગામી જૂન મહિના સુધી પીવાના, ખેતીના અને ઉદ્યોગોના પાણીના વિતરણ અંગે સરકાર કક્ષાએ કોઈ જ આગોતરું આયોજન કે ગંભીર બેઠકો થઈ નથી. માત્ર જ્યારે પરિસ્થિતિ વણસે અને પ્રજા આંદોલનના માર્ગે ચડે ત્યારે જ સરકાર દ્વારા અધૂરા પગલાં ભરવામાં આવે છે, જે સત્તાના અભિમાનને દર્શાવે છે. ગોપાલ ઈટાલિયાએ સિંચાઈના કાયમી ઉકેલ અંગે વાત કરતા કહ્યું હતું કે, કરોડો-અબજો રૂપિયાના ખર્ચે પાઈપલાઈનો (ભૂંગળા) નાખવાથી દરેક ખેતર કે સર્વે નંબર સુધી પાણી પહોંચવું અશક્ય છે, તેમાં માત્ર કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓને જ ફાયદો થાય છે. તેના બદલે ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના સમયની જેમ ગિરનારની ધારમાંથી નીકળતી નદીઓ, વૉંકળા અને નેરાઓ ઉપર ચેકડેમ તથા નાના ડેમ બનાવવામાં આવે તો દરિયામાં વહી જતું મીઠું પાણી રોકી શકાય અને ભૂગર્ભ જળ સ્તર ઊંચા આવવાથી ખેડૂતોને કાયમી સિંચાઈનો લાભ મળી શકે.



આ ઉપરાંત, 30 વર્ષથી અટવાયેલી કલ્પસર યોજનામાં માત્ર સર્વે પાછળ 2,000 કરોડ રૂપિયા ખર્ચાયા હોવા છતાં કાઠિયાવાડના પાણીના પ્રશ્નો હજુ ઉકેલાયા નથી તેમ પણ જણાવ્યુ હતુ.ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ ઉપસ્થિત જનતા અને યુવાનોને આહ્વાન કરતા જણાવ્યું હતું કે, આઝાદીના 75 વર્ષ પછી પણ દર ચૂંટણીએ પાણી અને વીજળીના નામે ખેડૂતોને ડરાવી કે લાલચ આપીને મત લેવાની રાજનીતિ હવે બંધ થવી જોઈએ. ખેડૂતના પરિવારમાંથી આવતા હોવાના નાતે અમે ખેડૂતોની વાસ્તવિક પીડા અને લાચારીને નજીકથી સમજીએ છીએ, અને એટલે જ વ્યવસ્થા પરિવર્તન માટે લડાઈ લડી રહ્યા છીએ. જો 2027ની વિધાનસભા ચૂંટણીમાં ગુજરાતમાં ખેડૂતો, યુવાનો અને સામાન્ય માનવીના હિતની સરકાર બનાવવી હોય, તો આ નવા વર્ષના જાન્યુઆરી મહિનાથી જ સંગઠનને મજબૂત કરવા અને જનજાગૃતિ લાવવા માટે સૌએ એકજૂટ થઈને કામ કરવું પડશે તેવો નિર્ધાર આ સ્નેહમિલનમાં વ્યક્ત કરવામાં આવ્યો હતો.



અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લાભ પાંચમે 261મું અંગદાન

અમદાવાદ | લાભ પાંચમના પવિત્ર અને શુભ દિવસે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં માનવતાની એક અનોખી મિસાલ જોવા મળી છે. મૂળ બિહારના 52 વર્ષીય પુરુષ બ્રેઈનડેડ જાહેર થતાં તેમનાં પત્નીએ ભારે હૈયે પણ અડગ હિંમત સાથે અંગદાનની સંમતિ આપી હતી. પિતાની વિદાયની વેળાએ ત્રણ નાનાં સંતાનોની ઉપસ્થિતિએ વાતાવરણને ભાવુક બનાવી દીધું હતું. આ ઉમદા નિર્ણયથી ચાર જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવનની આશા મળી છે, અને આ સાથે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં અંગદાનનો આંકડો 261 પર પહોંચ્યો છે. મૂળ બિહારના અને અમદાવાદમાં વસવાટ કરતા 52 વર્ષીય પુરુષને માર્ગ અકસ્માતમાં માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને વધુ સારવાર અર્થે 8 નવેમ્બર, 2026ના રોજ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સિવિલ હોસ્પિટલના નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા તેમને બચાવવા માટે શક્ય તમામ સારવાર અને પ્રયાસો કરવામાં આવ્યા હતા. જોકે, ગંભીર ઈજાઓને કારણે 14 નવેમ્બર, 2026ના રોજ તબીબોએ તેમને બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. પતિને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા બાદ સિવિલ હોસ્પિટલની કાઉન્સેલિંગ ટીમ અને તબીબોએ તેમનાં પત્ની સાથે સંવેદનાપૂર્વક વાતચીત કરી હતી.

છોટાઉદેપુર ખાતે રાજ્યકક્ષાના 'જનજાતીય ગૌરવ દિવસ'ની ભવ્ય ઉજવણી

અમદાવાદ | ધરતી આબા ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે જનજાતીય ગૌરવ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી માટે છોટા ઉદેપુર જિલ્લાની મુલાકાતે આવેલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો જાહેર સભાને સંબોધતા પહેલા નગરના ભગવાન બિરસા મુંડા સર્કલથી એસ. એન. કોલેજના ગ્રાઉન્ડ સુધી ભવ્ય રોડ શો યોજાયો હતો. મુખ્યમંત્રીશ્રીએ આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આયોજિત વિવિધ કલ્યાણકારી યોજનાઓ, વિકાસ કાર્યો અને પ્રકલ્પોની માહિતી આપતી પ્રદર્શનીને ખુલ્લી મૂકી હતી. આ પ્રદર્શની આગામી ૩ દિવસ સુધી નાગરિકો અને મુલાકાતીઓ માટે ખુલ્લી રહેશે, જેથી સ્થાનિક જનતા સરકાર દ્વારા આદિવાસી સમાજના ઉત્થાન માટે અમલમાં મુકાયેલી વિવિધ જનકલ્યાણ યોજનાઓથી વિશેષ માહિતગાર થઈ શકે અને તેનો મહત્તમ લાભ મેળવી શકશે. મુખ્યમંત્રીશ્રીની રોડ-શો અને પ્રદર્શનીની મુલાકાત વેળાએ તેમની સાથે લોકસભાના સાંસદશ્રી જશુભાઈ રાઠવા, રાજ્યસભાના સાંસદ ડો. મુકેશભાઈ રાઠવા, ધારાસભ્ય સર્વ શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા, શ્રી જયંતિભાઈ રાઠવા, શ્રી અભેસિંહ તડવી, પૂર્વ સાંસદશ્રી નારણભાઈ રાઠવા, પૂર્વ સાંસદ શ્રીમતી ગીતાબેન રાઠવા, આદિજાતિ વિકાસ વિભાગના સચિવશ્રી આલોકકુમાર પાંડે અને નિયામકશ્રી રચિત રાજ, જિલ્લા કલેક્ટર શ્રીમતી ગાર્ગી જૈન, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઓમકારસિંહ શિંદે સહિત સ્થાનિક પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે 'સન્ડેઝ ઑન સાયકલ'ની 98મી આવૃત્તિ ઉત્સાહભેર યોજાઈ

અમદાવાદ | ભારતીય રમત પ્રાધિકરણ (SAI) દ્વારા આયોજિત 'સન્ડેઝ ઑન સાયકલ'ની 98મી આવૃત્તિ બાળ દિવસ 2026 નિમિત્તે અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ઉત્સાહભેર યોજાઈ હતી. આ કાર્યક્રમમાં SAI નેશનલ સેન્ટર ઑફ એક્સેલન્સ (NCOE), અમદાવાદના વૉલીબૉલ, બાસ્કેટબૉલ અને વુશુ રમતના પુરુષ તથા મહિલા ખેલાડીઓ સાથે કોચ અને સ્ટાફ સભ્યોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો હેતુ સાયકલિંગ, ફિટનેસ, સામૂહિક સહભાગિતા અને સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવાનો હતો.કાર્યક્રમની શરૂઆત ઊર્જાસભર ઝુમ્બા સત્રથી થઈ હતી. જેમાં સહભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સત્ર દ્વારા દૈનિક જીવનમાં શારીરિક પ્રવૃત્તિઓનો સમાવેશ કરવા અને નિયમિત ફિટનેસનું મહત્વ સમજાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. SAI NCOE અમદાવાદના મુખ્ય કોચ (વૉલીબૉલ) ડૉ. જયદીપ સરકારે સાયકલ સવારોને લીલી ઝંડી બતાવીને સાયકલિંગ પ્રવૃત્તિનો પ્રારંભ કરાવ્યો હતો. SAI NCOE અમદાવાદના ઉપ નિયામક અને કેન્દ્ર પ્રભારી શ્રી બિભુભૂષણ બેહુરાએ પણ કાર્યક્રમમાં સક્રિય ભાગ લીધો હતો અને પોતે સાયકલ ચલાવીને અન્ય સહભાગીઓ સાથે જોડાયા હતા. તેમની સહભાગિતાએ સ્વસ્થ જીવનશૈલી અપનાવવા માટે જાતે સક્રિય રહેવાનો સંદેશ આપ્યો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ 29 ઑગસ્ટ, 2019ના રોજ ફિટ ઈન્ડિયા મૂવમેન્ટની શરૂઆત કરી હતી. આ પહેલનો ઉદ્દેશ નાગરિકોમાં ફિટનેસ પ્રત્યે જાગૃતિ લાવવાનો અને શારીરિક પ્રવૃત્તિઓને દૈનિક જીવનનો અભિન્ન હિસ્સો બનાવવાનો છે. કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા દ્વારા ડિસેમ્બર 2024માં શરૂ કરવામાં આવેલી ફિટ ઈન્ડિયા - સન્ડેઝ ઑન સાયકલ પહેલનું આયોજન યુવા બાબતો અને રમતગમત મંત્રાલય (MYAS) હેઠળ ભારતીય રમત પ્રાધિકરણ (SAI) દ્વારા સાઇકલિંગ ફેડરેશન ઑફ ઈન્ડિયા (CFI), નવવ્રતિ ફાઉન્ડેશન, ફિટસ્પાયર, સેન્ટર ફૉર ઈન્ટિગ્રેટિવ હેલ્થ, MY Bharat અને અન્ય સહયોગી સંસ્થાઓ સાથે મળીને કરવામાં આવે છે. આ સાયકલિંગ પહેલ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં એકસાથે યોજાય છે.

વિરમગામના શાહપુર ખાતે જિલ્લાકક્ષાનો કાર્યક્રમ યોજાયો

અમદાવાદ | ધરતી આબા ભગવાન બિરસા મુંડાની 151મી જન્મજયંતી નિમિત્તે રાજ્ય સરકાર દ્વારા તા. 12થી 18 નવેમ્બર, 2026 દરમિયાન 'જનજાતીય ગૌરવ દિવસ-2026'ની રાજ્યવ્યાપી ઉજવણી કરવામાં આવી રહી છે. ઉજવણીના ભાગરૂપે અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકાના શાહપુર ગામે વિશેષ જિલ્લાકક્ષાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા પંચાયત પ્રમુખ સુરજીતસિંહ ગોહિલ, ધારાસભ્ય સર્વે હાર્દિકભાઈ પટેલ, કિરીટસિંહ ડાભી અને અગ્રણી જયરાજસિંહ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વિરમગામના ધારાસભ્ય હાર્દિકભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જનજાતિ સમાજના ઇતિહાસ, યોગદાન અને બલિદાનને રાષ્ટ્રીય સ્તરે સન્માન આપવા ભગવાન બિરસા મુંડાજીની જન્મ જયંતીને 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો અને આજે સમગ્ર ભારતમાં 'જનજાતીય ગૌરવ દિવસ' ખૂબ જ ઉત્સાહથી ઉજવવામાં આવી રહ્યો છે. આપણા આદિજાતિ સમાજના મહાન નાયકોના યોગદાનને યાદ કરવાનો આ પવિત્ર અવસર છે.તેમણે કહ્યું કે, આજે આપણું શાહપુર ગામ એ આદિજાતિ સમાજના પઢાર સમુદાયનું વિશેષ ગામ છે. આવા સુંદર ગામે આ પ્રકારના ભવ્ય કાર્યક્રમનું આયોજન થયું છે અને રાજ્ય સરકારની તમામ જનકલ્યાણકારી યોજનાઓ સીધી જ લોકો સુધી પહોંચે તેવું ઉત્તમ આયોજન કરાયું છે, તે બદલ હું રાજ્ય સરકારનો હૃદયપૂર્વક આભાર માનું છું.

2027 આવવા દો, ગાંધીનગરમાંથી ખદેડીને તમારી ઘર વાપસી કરાવી દઈશું: નિરંજન વસાવા

ડેડીયાપાડાના પીઠા ગ્રાઉન્ડ ખાતે ભગવાન બિરસા મુંડાની 151મી જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી

અમદાવાદ | આજે ડેડીયાપાડાના પીઠા ગ્રાઉન્ડ ખાતે ભગવાન બિરસા મુંડાની 151મી જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ધારાસભ્ય ચૈતર વસાવાના ધર્મ પત્ની વર્ષાબેન વસાવા, શકુંતલાબેન વસાવા, આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી અને નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવા સહિત મોટી સંખ્યામાં પદાધિકારીઓ, કાર્યકર્તાઓ અને સામાજિક આગેવાનો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના નેતા નિરંજન વસાવાએ જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાએ અંગ્રેજો સામે તીર કામઠું લઈને નારો આપ્યો હતો "અબુઆ દેશમ અબુઆ રાજ" મતલબ કે આપણો દેશ આપણું રાજ. કારણ કે આ જળ જંગલ જમીનના આપણે મૂળમાલિક છીએ. અત્યારે કાળા અંગ્રેજો રાજ કરી રહ્યા છે. આપણા લોકોના ન્યાય માટે જો કોઈ વ્યક્તિ અવાજ ઉઠાવે છે તો આ લોકો એમને ડરાવે છે, ધમકાવે છે અને ખોટા કેસો કરે છે. આ ડેડીયાપાડાની જમીને આપણને ચૈતર વસાવા નામનો એક એવો નાયક આપ્યો છે જેને ભાજપના પાયા હલાવી નાખ્યા છે, હજુ તો આ શરૂઆત છે, 2027 આવવા દો, ગાંધીનગરમાંથી ખદેડીને તમારી ઘર વાપસી કરાવી દઈશું. ચૈતરભાઈની ચિનગારી આજે ફક્ત ડેડીયાપાડામાં નહીં પરંતુ ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન સહિત તમામ ટ્રાઇબલ એરિયામાં ફેલાઈ છે. પ્રધાનમંત્રી કે મુખ્યમંત્રીએ વિશ્વ આદિવાસી દિવસ પર એક ટ્વીટ પણ કર્યું ન હતું પરંતુ જ્યારે ઉમરગામથી અંબાજી સુધી આદિવાસી ન્યાય યાત્રા નીકળી તો ત્યારે ભાજપે 500 પ્રોગ્રામો કરવા પડી રહ્યા છે. એ લોકો પ્રજાના ટેક્સના 2300 કરોડનો ધુમાડો કરવા જઈ રહ્યા છે. તમે 2300 કરોડ ખર્ચ કરો કે 23000 કરોડ ખર્ચ કરો પણ 2027 માં તમારો ગરબો ઘરે જવાનો છે. 30 વર્ષથી ગુજરાતમાં અને 12 વર્ષથી કેન્દ્રમાં આ લોકોની સરકાર છે ત્યારે હવે એ લોકો સનદના કાગળિયા લઈને લોકોને ભોળવવા માટે નીકળ્યા છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીના વિસ્થાપિતોનો મુદ્દો હોય કે કોઈ કોરિડોરનો મુદ્દો હોય કે જીએમડીસી ગ્રાઉન્ડ વિસ્થાપિતોનો મુદ્દો હોય, કોઈપણ મુદ્દો હોય આવા તમામ મુદ્દા પર ધારાસભ્ય ચૈતર વસાવા ભાજપ સરકારની આંખોમાં આંખો નાખીને અવાજ ઉઠાવતા હતા માટે એ લોકોએ ચૈતરભાઈનો અવાજ દબાવવાની કોશિશ કરી છે પરંતુ હવે આપણે એકજૂટ થઈને બતાવવાનું છે કે આપણો આદિવાસી સમાજ જાગી ગયો છે.ભગવાન બિરસા મુંડાજીની 151મી જન્મજયંતિ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત જનમેદનીને સંબોધતા આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાના ધર્મપત્ની વર્ષા વસાવાએ આદિવાસી સમાજના ગૌરવશાળી ઇતિહાસ, સંસ્કૃતિ અને વર્તમાન અધિકારો અંગે વિસ્તૃત વાત કરી હતી. વર્ષા વસાવાએ જણાવ્યું હતું કે આદિવાસી સમાજની આગવી બોલી, પહેરવેશ અને રીતરિવાજોની સાથે-સાથે શહીદોના બલિદાન અને પૂર્વજોના યોગદાનને યાદ રાખવું અત્યંત જરૂરી છે, કારણ કે ઇતિહાસમાં આદિવાસી રાજાઓ અને મહાપુરુષોને યોગ્ય સ્થાન આપવામાં આવ્યું નથી. અમદાવાદ (આશા ભીલ), રાજપીપળા-નાંદોદ (નંદ ભીલ) અને જૂનાગઢ જેવા ઐતિહાસિક નગરોમાં આદિવાસી રાજાઓના ઇતિહાસનો ઉલ્લેખ કરતા તેમણે આક્ષેપ કર્યો હતો કે આજે આદિવાસીઓની જમીનો યોગ્ય વળતર વિના છીનવાઈ રહી છે, જેની સામે સમગ્ર સમાજે એકતા બતાવીને જાગૃત થવું પડશે. આ ઉપરાંત, તાજેતરમાં ઉમરગામથી અંબાજી સુધી નીકળેલી 'આદિવાસી ન્યાય યાત્રા'ને મળેલા પ્રતિસાદ બદલ જનતાનો આભાર માનતા તેમણે ઉમેર્યું હતું કે ડેડિયાપાડા અને સાગબારાની જનતાએ સરકાર સામે અવાજ ઉઠાવનાર નેતાને વિધાનસભામાં મોકલ્યા છે, પરંતુ ડેડિયાપાડા ખાતે બિરસા મુંડા ચોક પર પ્રતિમાની સ્થાપના સમયે મંત્રીઓ અને પોલીસ તંત્રનો દુરુપયોગ કરીને ધારાસભ્યને હેરાન કરવામાં આવે છે.આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાના ધર્મપત્ની શકુંતલા વસાવાએ જાહેર સભાને સંબોધતા જણાવ્યું હતું કે, ભૂતકાળમાં અંગ્રેજોએ ભગવાન બિરસા મુંડા સાથે અત્યંત અન્યાય કર્યો હતો અને માત્ર ૨૫ વર્ષની નાની વયે તેમને જેલમાં પૂરવામાં આવ્યા હતા, તેમ છતાં તેઓ ડર્યા વગર આદિવાસી સમાજના જળ, જંગલ અને જમીનના હકો માટે સંઘર્ષ કરતા રહ્યા અને સમાજને જાગૃત કરવાનું ઐતિહાસિક કાર્ય કર્યું. આજે તે જ પરિસ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે, કારણ કે આદિવાસી સમાજના હક અને અધિકારો માટે અવાજ ઉઠાવતા ધારાસભ્ય ચૈતર વસાવાને પણ ખોટી રીતે જેલમાં પૂરવામાં આવ્યા છે, જે દર્શાવે છે કે તેઓ બિરસા મુંડાના જ આદર્શો પર ચાલીને સમાજની લડત લડી રહ્યા છે.



17 નવેમ્બરના રોજ અમદાવાદ અને મધુબની વચ્ચે ચાલશે સ્પેશિયલ ટ્રેન



પશ્ચિમ રેલવે દ્વારા ઠંડીની ઋતુ અને તહેવારો દરમિયાન યાત્રીઓની વધારાની ભીડને જોતાં તેમની સુવિધા માટે અમદાવાદ અને મધુબની વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન ચલાવવામાં આવી રહી છે. આ ટ્રેનની વિગતો નીચે મુજબ છે : ટ્રેન નંબર 09433/09434 અમદાવાદ-મધુબની-અમદાવાદ સ્પેશિયલ ટ્રેન, ટ્રેન નંબર 09433 અમદાવાદ-મધુબની સ્પેશિયલ ટ્રેન 17 નવેમ્બર 2026 (મંગળવાર) ના રોજ અમદાવાદથી સવારે 10:10 કલાકે પ્રસ્થાન કરશે તથા 19 નવેમ્બર (ગુરૂવાર) ના રોજ રાત્રે 01:00 કલાકે મધુબની પહોંચશે.એ જ રીતે, ટ્રેન નંબર 09434 મધુબની-અમદાવાદ સ્પેશિયલ ટ્રેન 19 નવેમ્બર 2026 (ગુરૂવાર) ના રોજ મધુબનીથી સાંજે 18:00 કલાકે પ્રસ્થાન કરશે તથા 21 નવેમ્બર (શનિવાર) ના રોજ સવારે 07:15 કલાકે અમદાવાદ પહોંચશે. માર્ગમાં આ ટ્રેન આણંદ, છાયાપુરી, ગોધરા, દાહોદ, રતલામ, નાગદા, ઉજ્જૈન, શિહોર, સંત હિરદારામ નગર, વિદિશા, બીના, દમોહ, કટની મુડવારા, સતના, માનિકપુર, પ્રયાગરાજ છિવકી, પં. દીન દયાલ ઉપાધ્યાય જંકશન, બક્સર, આરા, દાનાપુર, પટના, બખ્તિયારપુર, મોકામા, બરૌની, સમસ્તીપુર, દરભંગા અને સકરી સ્ટેશનો પર રોકાશે.આ ટ્રેનમાં સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસના કોચ રહેશે.ટ્રેન નંબર 09433 નું બુકિંગ 16 નવેમ્બર 2026 ના રોજ સવારે 08:00 કલાકથી તમામ યાત્રી આરક્ષણ કેન્દ્રો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે.ટ્રેનના સ્ટોપેજ, સમય અને કોચોની સંરચનાની વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...